gujaratilexicon

# સન્ડે ઈ-મહેફીલ

## ઈ-બુક

### ભાગ-૬




રજુઆત : ઉત્તમ-મધુ ગજ્જર

# ‘સન્ડે ઈ–મહેફીલ’

## ઈ–બુક

ભાગ–006

‘સ.મ.’ ક્રમાંક 126 થી 150

: રજુઆત :

ઉત્તમ.મધુ ગજ્જર

.સુરત.

નેટ વાપરનારાઓને જેણે વાચનને છંદે વળગાડ્યા તે, ૨૦૦૫થી શરૂ થયેલી ‘સુ–વાચનયાત્રા’–‘સન્ડે ઈ–મહેફીલ’માં રજુ થયેલી સઘળી રચનાઓને, અગીયાર ભાગમાં રજુ કરતી નાનકડી આ ઈ–પુસ્તીકાઓ, સઘળી કૃતીના સર્જકો અને સૌ વાચકો–ભાવકોને સમર્પીત...

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

Arnion Technologies Pvt Ltd
303-A, Aditya Arcade,
Opp. Choice Restaurant,
Near Swastik Cross Road
Navrangpura, Ahmedabad - 380 009
Phone No – 079 40049325

# પ્રાસ્તાવીક

વીશ્વભરમાં વસેલાં ગુજરાતી પરીવારોને દર રવીવારે કશુંક બે પાન જેટલું, જીવનપોષક ગુજરાતી વાચન મળી રહે તે હેતુથી અમે May 29, 2005ના દીવસથી આ 'સન્ડે ઈ–મહેફીલ' નામે 'વાચનયાત્રા' શરુ કરેલી. ત્યારે તો આ ગુજરાતી યુનીકોડ ફોન્ટ નહોતા. તેથી અમે 'કલાપી' અને પછીથી 'વીજયા' નનયુનીકોડ ફોન્ટ વાપરતા. પછીથી યુનીકોડ ફોન્ટ 'શ્રુતી' આવતાં જ અમે તે વાપરવા શરુ કર્યા. શરુઆતમાં માંડ બસોથી બે હજાર પરીવારોને પહોંચતી આ 'સ.મ.', આજે પંદરેક હજારથીયે વધારે વાચકોને (હવે દર પંદર દીવસે) નીયમીત મોકલીએ છીએ. એક વાચકનો પ્રતીભાવ યાદ આવે કે : "તમારી આ 'સ.મ.', એ મારા ઘરનું 'અખંડ આનંદ' છે." આ પ્રતીભાવને સાચો પાડવા અમે સતત પ્રયત્નશીલ છીએ. તેના બધા અંકોનું ઈ–બુક સ્વરુપનું સંકલીત વાચન આપ સમક્ષ રજુ કરવાનો અને અવકાશે જ્યારેય સમય મળે ત્યારે વાંચી શકાય કે કોઈને મોકલવા સુલભ કરી આપવાનો આ પ્રયાસ છે..

'સ.મ.'ને સક્રીય અને જીવન્ત સાથ–સહકાર આપનાર સૌ વડીલો અને મીત્રોનો અમે, તા. ૨૫ મે ૨૦૦૮ની '૧૫૫–એ'ની 'વીદાય–સલામ' નામક 'સ.મ'માં વીગતે આભાર માન્યો છે. તોય ત્યાર પછીની 'કાવ્ય–ગઝલ'ની અત્યાર સુધીની બધી 'સ.મ.'ના અતીથી સમ્પાદક તરીકે નીષ્ઠાથી સેવા આપનાર સુરતના ગઝલકાર શ્રી ગૌરાંગ ઠાકર અને

તેવી બધી ‘સ.મ.’નું પ્રેમથી અક્ષરાંકન કરી આપનાર મીત્ર શ્રી સુનીલ શાહના અમે સવીશેષ આભારી છીએ.

આ નવ વરસમાં દુનીયાના એકેએક દેશમાં વસતા વાચનપ્રેમી ભાવકોનો સહયોગ, પ્રોત્સાહન અને હુંફ અમને મળ્યાં. ભરોસો મુકે એવા હજારો મીત્રો મળ્યા. ‘સ.મ.’ પહોંચે ને પ્રતીભાવોનો વરસાદ વરસે. સ્વ–પ્રશસ્તીના દોષને ખાળવા અમે તેને જાહેરમાં પ્રકાશીત કરવાનું શરુઆતથી જ ટાળ્યું છે. હા, તેવા દરેક પ્રતીભાવકને અંગત મેલ લખી તેમને દીલી આભાર પહોંચાડવાનું અમે ચુક્યા નથી. છતાં પણ એક જ વાર, આવો દોષ ગણો તો દોષ, અમે કર્યો છે.

થયું એવું કે ૧૫૫ સપ્તાહ પછી અમે ‘સ.મ.’ને બંધ કરવાનું નહીં; માત્ર વીરામ આપવાનું જાહેર કર્યું. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘વીદાય–સલામ’ 155-1 : 18-05-2008). આ ‘સ.મ.’ વાચકોને પહોંચતાં જ અમારા પર પ્રતીભાવોની મુશળધાર વર્ષા થઈ.. ફરી શરુ કરવાના આગ્રહની ઝડી વરસી. તેમાંના એક સો જેટલા વાચકોના ઉદગાર યથાતથ અમે એક ‘સ.મ.’માં પ્રકાશીત કર્યા હતા. (જુઓ, ‘સ.મ.’ ઈ–બુક ક્રમાંક – ૭માં, ‘સ.મ.’ ‘We salute your 'FEELINGS' for 'SeM'’ 155-2 : 13-07-2008). એણે અમને એવા ભાવવીભોર કર્યા કે અમારે માત્ર બે જ માસના વીરામ પછી ‘સ.મ.’ ફરી શરુ કરવી પડી જે હજી ચાલુ છે. અલબત્ત, હવે તે પાક્ષીક બની છે. સાથે સાથે બહુ નમ્રતાપુર્વક અનુભવે એટલું તો કહી શકાય કે ઈ–બુકનો કોઈ પણ ભાગ વાંચવાનું

શરુ કરનારને તેની દીલપસંદ એકાદબે કૃતી તો મળી જ રહેશે. કાવ્ય, ગઝલ, વાર્તા, આરોગ્ય, હાસ્ય, શીક્ષણ અને જીવનપોષક કંઈ કેટલીય કૃતી! પોતાની કૃતી 'સ.મ.'માં મુકવાની હેતથી પરવાનગી આપનાર આપણા માનીતા સર્જકોનો આભાર માનવા તો અમારી પાસે શબ્દો જ નથી!

આર્નીયન ટેક્નૉલૉજીસમાંથી બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) નો ભક્તીભાવભર્યો સહકાર 'સ.મ.'ને ન મળ્યો હોત તો પંદર હજારથી ઘણા વધારે વાચકો સુધી દર પખવાડીયે પહોંચવાનું અમારાથી શક્ય ના બનત. રોજે રોજ નવા વાચકોની આઈડી ઉમેરવાની, કો'કની બદલાઈ હોય તો તે સુધારવાની, મંગળવારથી 'સ.મ.' મોકલવાનું શરુ કરવાનું તે.... છેલ્લો લૉટ શુક્રવારે રવાને થાય! સૌનો સાથ લઈ બહેન શ્રુતી નીષ્ઠાપુર્વક આ બધું કરે. આ ઈ–બુક બનાવવાનુંય પછી તો શ્રુતીએ માથે લીધું. આપના સ્ક્રીન પર 'સ.મ.'ની જે બુક છે તેમાં અનેકોની સાથે બહેન શ્રુતીના હૃદયનો ભાવ ભર્યો છે..

જનહીતનું કોઈ પણ નીઃસ્વાર્થ અને સારું કામ કદી અટકતું નથી એ વાતની પાકી પ્રતીતી અમને 'લેક્સીકોન' નીર્માણના લાંબા પ્રવાસે કરાવેલી. તે જ વાત અહીં પણ સાચી પડી રહી છે..

આજનો સમય ઝડપથી 'ઈ–બુક' વાચનનો જમાનો બનવા જઈ રહ્યો હોય તેવી તેની ગતીવીધીની અમને

પ્રતીતી થઈ રહી છે તેથી જ આ ઈ–બુક સૌ વાચકોને સપ્રેમ..

કદાચ નવાયુગને પીછાણીને જ આદરણીય શ્રી રતીલાલ ચંદરયાએ આપણ સૌ ગુજરાતીઓને ગુજરાતી ભાષાનો આખો 'ઈ–શબ્દસાગર' સમો 'ગુજરાતીલેક્સીકોન' (http://gujaratilexicon.com/) આંગળીનાં ટેરવાંવગો કરી આપ્યો છે. ભવીષ્ય માટે નીર્માયેલ આ અદ્ભુત વારસાની ખુબી અને વીશીષ્ટતાઓ વીશે પણ અમે થોડી જાણકારી આપતા રહીશું, જેથી સૌ કોઈ એમાં મળતી સવલત–સુવીધાથી પરીચીત થતા રહે અને તેનો ભરપેટ લાભ લેતા રહે.

ઈ–બુક બનાવવાની પ્રેરણા આપનાર અમેરીકાસ્થીત સ્નેહી ભાઈ અતુલ રાવલ (http://www.ekatrabooks.com/) નો, તે 'ઈ–બુક'ને આઈ–પૅડ માટે વાચનક્ષમ ઈ–બુક બનાવવામાં પોતાનો સક્રીય સાથ–સહકાર આપનાર જૅક્સન–મીસીસીપી, અમેરીકાના આલ્ફાગ્રાફીક્સના માલીક રમેશ–શીલ્પા ગજ્જર (rgajjar@alphagraphics.com) નો, પીસી માટે વાચનક્ષમ ઈ–બુક બનાવી આપનાર અમારા અઝીઝ મીત્રો–સાથીદારો અને શરુઆતથી જ લેક્સીકોન સાથે ભાષાસેવાના કાર્યમાં દીલ રેડનાર ભાઈ અશોક કરણીયા (ashok@gujaratilexicon.com), ભાઈ કાર્તીક મીસ્ત્રી (http://kartikm.wordpress.com/), તથા આર્નીયન ટૅક્નૉલૉજીસમાંનાં સૌ ભાઈ–બહેનો, ખાસ કરીને બહેન શ્રુતી પટેલ (shruti@arniontechnologies.com) અને બહેન મૈત્રી

શાહ (maitri@arniontechnologies.com) વગેરે સૌનો હૃદયપુર્વક ખુબ ખુબ આભાર..

હજી બીજા બે સાવ અંગત અંગત નામોલ્લેખ કર્યા વીના રહેવાતું નથી. અતીવ્યસ્તતા છતાં છેલ્લી ઘડીએ ભક્તીભાવપુર્વક આ ઈ–બુકનું સરસ મુખપૃષ્ઠ-ટાઈટલ બનાવી આપનાર અમદાવાદની રેડીયન્ટ એડવર્ટાઈઝીંગ (http://www.radiantmedia.co/) ના માલીક શ્રી જયેશ–ઉર્વશી મીસ્ત્રી (jayesh.mistry@radiantmedia.co.in) નો ખુબ ખુબ આભાર..

અને જેનો સૌથી પહેલો આભાર માનવો જોઈએ તેનો સૌથી છેલ્લે માનું : ૨૦૦૦ની સાલમાં, કમ્પ્યુટરનો ‘ક’ નહીં જાણનાર મારા જેવા અભણને, સ્નેહને નાતે; પણ હઠપુર્વક લેપટૉપ ભેટ આપી કમ્પ્યુટરના આ નેટક્ષેત્રમાં પ્રવેશવા માટે ધકો મારનાર ફ્લોરીડાની વીખ્યાત ડીજીટ્રૉન સીસ્ટમ્સ(http://www.digitronsystems.com) ના માલીક શ્રી. દીપક–ભાવના મીસ્ત્રી (dipak@digitronsystems.com) નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. નીવૃત્તી પછી શું કરવું તેનો નકશો જેની પાસે ન હોય તેને, કોઈ આગ્રહપુર્વક કામે લગાડી દે અને તે પાછું તે જ તેના જીવનનું ધ્યેય બની રહે તે તો કોના નસીબમાં!

સૌ ઈ–બુક વાચનરસીયા વાચકોનું અમે ભાવભીનું સ્વાગત કરીએ છીએ અને શ્રદ્ધા રાખીએ છીએ કે અમારો આ પ્રયાસ પણ સૌને પસંદ પડશે.

.રજુઆત.

ઉત્તમ.મધુ ગજ્જર

: સમ્પાદકો :

Ratilal Chandaria, e-mail : rpchandaria@comcraft.com
Balvant Patel, e-mail : patel.balvant@gmail.com
Uttam Gajjar, e-mail : uttamgajjar@gmail.com
Ashok Karania, e-mail : ashok@gujaratilexicon.com

275 વાચનસામગ્રીના આવા અગીયાર ભાગ છે. જે ભાગ ન મળ્યો હોય તે મંગાવવા લખો : uttamgajjar@gmail.com

15th August 2013

 

# અનુક્રમણીકા

## 'સન્ડે ઈ–મહેફીલ' – 06


| ક્રમ | કૃતી | કર્તા | તારીખ | પાન |
|---|---|---|---|---|
| 126 | ચાલવું કેમ?..(આરોગ્ય) | ડૉ. મહેરવાન ભમગરા | 04-11-2007 | 11 |
| 127 | દાનનું પોત (વાર્તા) | સ્વ. અભેસીંહ પરમાર | 11-11-2007 | 17 |
| 128 | ગઝલ–પ્રમોદ | પ્રમોદ અહીરે | 18-11-2007 | 27 |
| 129 | રસોડાનું મસોતું (વાર્તા) | 'હરીશ્ચંદ્ર' | 25-11-2007 | 33 |
| 130 | ગઝલ–આનંદ | હીતેન આનંદપરા | 02-12-2007 | 38 |
| 131 | મંગલસુત્ર | કીશનસીંહ ચાવડા | 09-12-2007 | 47 |
| 132 | વાડને પેલે પાર (વાર્તા) | ધીરુબહેન પટેલ | 16-12-2007 | 53 |
| 133 | ગઝલ–લક્ષ્મી | લક્ષ્મી ડોબરીયા | 23-12-2007 | 65 |
| 134 | ચાલુ દીવસની સવાર | સુરેશ જાની (અમેરીકા) | 30-12-2007 | 73 |
| 135 | ગઝલ–પાગલ | દીનેશ કાનાણી 'પાગલ' | 06-01-2008 | 85 |
| 136 | નેક અને પાક મુસ્લીમ | જુગલ કીશોર | 13-01-2008 | 92 |
| 137 | જલમભોમકા.. (પ્રવાસકથા) | રસીક ઝવેરી | 20-01-2008 | 100 |
| 138 | ગઝલ–રાજ | રાજેશ મહેતા 'રાજ' | 27-01-2008 | 106 |
| 139 | ખતુ ડોસી.. (વાર્તા) | દીલીપ રાણપુરા | 03-02-2008 | 113 |
| 140 | ગઝલ–નાદ | નીનાદ અધ્યારુ | 10-02-2008 | 121 |

| | | | | |
|---|---|---|---|---|
| 141 | વ્યંગ–હાસ્ય–કલા દરબાર | મહેન્દ્ર શાહ (અમેરીકા) | 17-02-2008 | 130 |
| 142 | માતા–કુંવારી કે પરણેલી | અવન્તીકા ગુણવંત | 24-02-2008 | 136 |
| 143 | ગઝલ–વીવેક | ડૉ. વીવેક ટેલર | 02-03-2008 | 145 |
| 144 | ગાંધીનો દાંડી પીટનારો | મહાવીર ત્યાગી | 09-03-2008 | 155 |
| 145 | ગઝલ–રાવલ | ડૉ. મહેશ રાવલ | 16-03-2008 | 161 |
| 146 | શરમ નથી આવતી? (આરોગ્ય) | ડૉ. ગુણવંત શાહ | 23-03-2008 | 170 |
| 147 | એકસઠમાં પ્રવેશે | ડૉ. શશીકાંત શાહ | 30-03-2008 | 177 |
| 148 | ગઝલ–ગૌરાંગ | ગૌરાંગ ઠાકર | 06-04-2008 | 184 |
| 149 | મારા જીવનનો ‘યુ–ટર્ન’ | ઈન્દુકુમાર જાની | 13-04-2008 | 193 |
| 150 | બાલમીત્રો | ફાધર વાલેસ (સ્પેન) | 20-04-2008 | 200 |


વાચકોને વીનન્તી :

અનુક્રમણીકાના ‘ક્રમાંક’ પર ક્લીક કરતાં જ તે લેખ ખુલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં ફરી અનુક્રમણીકા પર જવાશે..

આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે..

..આભાર..

126 : 04-11-2007

# ચાલવું કેમ?

–ડૉ. મહેરવાન એમ. ભમગરા

અનુક્રમણીકા

નીસર્ગોપચારમાં શારીરીક વ્યાયામ પર હું ખુબ ભાર મુકું છું. બેઠાડુ દરદીઓને મારે ટોકતા રહેવું પડે છે. 'Be more on your feet, less on your seat.' પૈસાપાત્ર ગાડીવાળાઓનાં ટાયરો જેટલાં ઘસાતાં રહે છે તેના પ્રમાણમાં એ લોકોના જોડાનાં તળીયાં ઘસાતાં નથી એ મોટા ખેદની વાત છે.

'એરોબીક્સ' નામની ઉછળ–કુદનો જે વ્યાયામ છે તેનો હેતુ શ્વાસોચ્છ્વાસ ફુલે ત્યાં સુધી પગ ઉપર જુદી જુદી રીતે કુદતા રહેવાનો હોય છે. જેથી હૃદય અને ફેફસાં મજબુત બને. પરંતુ એ વ્યાયામ સશક્ત લોકો માટે છે; જેમને હૃદયની, ફેફસાંની, સ્લીપ ડીસ્કની, ઘુંટણના વાની કે એવી કોઈ બીમારી છે તેમને માટે તે નથી. બીજા સૌએ તો બીનહાનીકારક એવી ચાલવાની જ કસરત કરવી રહી. ચાલવું એ પણ એક સારી એરોબીક કસરત બની શકે. એમ ત્યારે બની શકે જ્યારે (૧) ચાલવામાં શક્ય એટલી સારી ઝડપ હોય (૨) શ્વાસ ધીરે ધીરે ઉંડો લેવાય અને તે ધીરે ધીરે પણ સંપુર્ણ બહાર કાઢવામાં આવે અને (૩) ચાલતી વેળા વાત ન કરાય, ન તો શીંગ–ચણા, પાન–સોપારી

કે કશું પણ મોઢામાં નંખાય. ચાલવાની કસરત એ વર્કીંગ–બ્રીધીંગ કસરત છે; ફક્ત વર્કીંગ નહીં.

કેટલાક વ્યાયામ–પ્રેમીઓ પોતાની ફેવરીટ કસરત જ સર્વશ્રેષ્ઠ છે એમ કહેતા હોય છે. ચાલવાની કસરતની તોલે કોઈ કસરત નહીં એમ ઘણા કહે છે. વસ્તુતઃ એ ધ્યાનમાં રહે કે શરીરશાસ્ત્રની દૃષ્ટીએ એ માન્યતા બરાબર નથી. શરીરના છસ્સો ઉપરાંત સ્નાયુઓમાંથી ચાલવામાં સો જેટલા સ્નાયુઓને અમુક હદે વ્યાયામનો લાભ મળે છે. જે કરી શકે તેમણે અનેક વીવીધ પ્રકારના વ્યાયામ કરવા જોઈએ. જેમાં યોગાસનોનો પણ સમાવેશ કરવો જોઈએ.

વ્યાયામ–ચીકીત્સા એક અદ્દભુત, ફાયદેમંદ ચીકીત્સા છે. જેનો ઉંડો અભ્યાસ કરવો હોય તો સહેલાઈથી પાંચેક વર્ષ લાગી જાય, લગભગ દરેક રોગ માટે(કૅન્સર સુધ્ધાં) વ્યાયામ એક ઉપચાર છે એ વાતની ઘણા ડૉક્ટરોને પણ ખબર નથી. હૃદયરોગ હોય, બાયપાસની નોબત હોય, લીવર ફેફસાં કે કીડનીના રોગ હોય, તેમાં પણ–'Life-Saving' Exercise હોય છે. Life-Saving Drugsના આપણે ગુણગાન ગાઈએ છીએ; પરંતુ Life-Saving Diet કે 'Life-Saving' Exercise : વ્યાયામ કે ધ્યાનના પ્રયોગના ગાન કોઈ ગાતું નથી એ અફસોસ અને શરમની વાત છે. (અફસોસ દરદીના દૃષ્ટીકોણથી; અને ‘શરમ’ ડૉક્ટરના!)

બચપણથી શરુ કરી જીવનના છેલ્લા શ્વાસ સુધી દરેક વ્યક્તીએ રોજ અચુક યથાશક્તી વ્યાયામ કરવો જોઈએ. શરીર પ્રત્યે પણ આપણી ફરજ છે. એમ વ્યાયામ પણ ફરજીયાત છે; મરજીયાત નહીં. માનવી છેલ્લા દાયકામાં આળસુ કે કામચોર બનતો ગયો છે. શારીરીક શ્રમનો મહીમા તો ઓછો જ થતો જાય છે. શાળા–કૉલેજોમાં હવે રોજ કસરત કરાવાતી નથી. અભ્યાસકાળ પછી, વ્યવસાય–નોકરીમાં પડતાં કે લગ્ન થતાં સમયનો અભાવ છે એવું બહાનું કાઢી, છોકરા–છોકરીઓ વ્યાયામ લગભગ છોડી જ દે છે. આ મોટી ભુલ છે; ખતરનાક ભુલ છે! સમય નથી મળતો એ બહાનું હોવું જ ન જોઈએ. ખાવા માટે, સ્નાન માટે, ઉંઘવા માટે એની આવશ્યકતા જાણીને આપણે જે રીતે તેને સમય ફાળવીએ છીએ તે રીતે વ્યાયામ માટે પણ સમય ફાળવવો જ જોઈએ. ટીવી જોતાંજોતાં પણ વ્યાયામ કરી શકાય; જો કે ધ્યાનપુર્વક વ્યાયામ કરતી વેળા બીજાં આકર્ષણ ન હોય એ વધુ ઉત્તમ ગણાય. ગપસપ કે ગંજીફા કે બીજાં વ્યસનો પાછળ વેડફાતો સમય બચાવીને વ્યાયામમાં સમયનો સદુપયોગ કરવો જરુરી છે. પગને વાપરવા માટે ચાલવા ઉપરાંત દાદરા ચઢ–ઉતર કરતા રહેવું. લીફ્ટ બને ત્યાં સુધી નહીં વાપરવી; પાણીમાં તરવું વગેરે અનેક અકસીર વ્યાયામ છે, જે યથાશક્તી–સમય કરતા રહેવું. એથી અનેકવીધ શારીરીક લાભ મળે.

ચાલવાના માનસીક ફાયદા વીશે પણ ડૉ. ડડલી વ્હાઈટ, જેમણે ૯૨ વર્ષની જીન્દગીમાં એક પછી એક, પાંચ અમેરીકન પ્રેસીડન્ટના નીયામક કાર્ડીયોલોજીસ્ટ તરીકે ખ્યાતી મેળવી હતી, અને જેમણે અમેરીકનોને 'પગભર' કર્યા, તેમણે કહ્યું હતું કે, 'અનીદ્રાના રોગ માટે સ્લીપીંગ પીલ્સ, શરાબ કે બીજાં નશાઓ કરતાં 'Longwalk' વધુ અકસીર છે. તમે દુખ કે હતાશામાં ડુબેલા હો, તો Mood-Changingની દવાઓ લેવા કરતાં કે મનોવીશ્લેષણના ચક્કરમાં પડવા કરતાં રોજ પાંચ માઈલ ચાલો તો ફાયદો વીશેષ થશે. માનસીક કામ કરનારે પણ માનસીક થાક ઉતારવા માટે ચાલવું જરુરી છે. હૃદયની ધમનીઓમાં લોહી ગંઠાઈ ગયું હોય અને એન્ઝાઈનાનો હળવો દુખાવો હોય તો પણ ધીરે ધીરે ચાલવાનો, બાગબાનીનો કે પ્રાણાયમનો વ્યાયામ કરવાથી લાભ થઈ શકે. પરંતુ તે નીષ્ણાત ચીકીત્સકની સલાહ હેઠળ કરવો જોઈએ.' આજના વીશ્વવીખ્યાત ડૉ. ડીન ઓર્નીશ પણ હૃદય–રોગીઓને આવા જ ઉપચાર ફરમાવે છે. અમદાવાદના કાર્ડીયોલોજીસ્ટ ડૉ. રમેશ કાપડીયા પણ લોકોને ચાલવાનો તેમ જ યોગનો વ્યાયામ શીખવાડે છે અને ડૉ. ઓર્નીશની જેમ જ તેલ, ઘી, સાકર, મેંદાના વપરાશને ન્યુનતમ કરી, તાજાં શાકભાજી, કચુંબર તેમ જ ફળોનો ઉપયોગ વધારે અને રોજ કરવાની સલાહ આપે છે.

લાઓત્સેની જેમ ચાલતી વેળા મૌન પાળવું જોઈએ અને ધીમા ઉંડા શ્વાસ લેવા અને કાઢવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ એ અગત્યનો મુદ્દો છે. ટીવી જોતી વેળા અને ચાલુ કે બંધ કરવા યા ચેનલ બદલવા લેવાં પડતાં ત્રણ–ચાર ડગલાં પણ હવે લોકો ટાળતાં થયા છે. કારણ 'રીમોટ કંટ્રોલ' હાથવગું હોય છે!

`જેમ સમાજમાં કોઈ માનવ–સમુહ શુદ્ર નથી તેમ તબીબી વીજ્ઞાનની દૃષ્ટીએ શરીરમાં કોઈ અંગ નીચા દરજ્જાનું નથી. આંતરડામાં મળ એકઠો થતો રહે છે. એ આપણી કચરાપેટી છે. માટે આપણે એને નીમ્ન કક્ષાનું અંગ નથી ગણતા. પગ પણ નીકૃષ્ટાંગ નથી. પગને ન વાપરીએ તો લોહીનું ભ્રમણ બરાબર ન થાય. ગુરુત્વાકર્ષણની વીરુદ્ધ, લોહીને પગમાંથી પાછું હૃદયમાં લઈ જનાર આપણી પીંડીના સ્નાયુ છે. જેને સક્રીય કરનાર અંગ તે પગની પાની છે. હૃદયમાં એટલી તાકાત નથી કે પગના સ્નાયુઓની મદદ વીના, લોહીને પાછું પોતાની અંદર ખેંચી શકે. ચરણને તળીયે આવેલા પ્રેશર–પૉઈન્ટ્સને અમુક રીતે દાબીને શરીરનાં કોઈ પણ અવયવ; લીવર, હૃદય અને મસ્તીષ્ક સુધ્ધાંને ફાયદો પહોંચાડી શકાય છે, એવું રીફ્લેક્સોલોજી અને એક્યુપ્રેશરનું વીજ્ઞાન આપણને કહે છે. મસ્તક કે ભેજું શરીરનાં દરેક અંગઉપાંગનું સંચાલન કરે છે

એ સ્થુળ હકીકત છે, જે વીશે વીજ્ઞાનનાં સંશોધનોનો આરંભ થઈ ચુક્યો છે.

જુન ૨૦૦૬ના ‘જીવનસુધા’માંથી સાભાર....

સ્વ. ડૉ. મહેરવાન એમ. ભમગરા

@

127 : 11-11-2007

# દાનનું પોત

-સ્વ. અભેસીંહ પરમાર

અનુક્રમણીકા

એ તૈયાર થઈને આવી. કપાળમાં મોટો ચાંલ્લો. નાક પર ઉતરતો સેંથો. ચીપી ચીપીને બાંધેલા વાળ. કાન ઢંકાઈ જાય એવી રીતે માથે ઓઢેલી સાડી. આંખમાં તૃપ્તીનો ભાવ. ચહેરાની રેખાઓ શાંત અને સ્વસ્થ. અધખુલ્લા હોઠ પાછળ બેઠેલું ગીત સંભળાઈ ગયું. મંજીરાનો મીઠો રણકાર ગુંજી ઉઠ્યો. ભક્તીભાવથી નીખરી ઉઠેલી મુર્તી મારી સામે આવીને ઉભી રહી અને હું એના મનનું પૃથક્કરણ કરવામાં વ્યસ્ત હતો ત્યાં એણે પુછ્યું, ‘આવવું છે તમારે?’ અને મારા જવાબની અપેક્ષા રાખ્યા વગર એણે તરત કહ્યું, ‘આ તો રસની વાત છે. હું જઈશ એટલે તમને એકાંત મળશે અને તમે તમારામાં જ ડુબકી મારવા મંડી જશો.’

મનમાં થયું, લાવ, એની સાંત્વના માટે થોડો રસ લઉં. થોડીક ક્ષણ માટે મેં મારા વીચારોમાંથી મુક્ત થવા પ્રયત્ન કર્યો. મેં મારા રુક્ષ વર્તનને ખંખેરી નાખતાં કહ્યું : ‘મારા સ્પર્શથી થેલીમાંની વસ્તુ અપવીત્ર તો નહીં થઈ જાય ને?’

'તમારા મનમાં પ્રેરણા જાગી એ કાંઈ ઓછું છે?' એણે થેલીમાંથી કાપડનો ટુકડો કાઢીને મારી સામે ટેબલ પર મુક્યો.

'પણ તું ધોતી લાવવાનું નો'તી કહેતી?'

એણે ઉત્તર ન આપ્યો. એની આંખના પલકારામાં થોડી ગતી આવી અને પછી કકડો થેલીમાં મુકી દેતાં એણે કહ્યું, 'તમે ઘરમાં જ છો ને?'

'તું તો જાણે છે. મારું કશું નીશ્ચીત નથી હોતું. ઈચ્છા થઈ જાય તો ક્યાંક જાઉં પણ ખરો. ક્યાં તો નદીઘાટ પર અથવા ટેકરી પર. તારે તો આજે છેલ્લો દીવસ છે એટલે મોડું થશે, નહીં?'

'થાય પણ ખરું. જીતુ, મધુ આવે ત્યાં સુધી તો..'

'તું તારે જા.'

એ ગઈ. આખું ઘર સાથે લઈને એ ગઈ. એ ઘર બહાર જાય છે ત્યારે ઘર, ઘર જેવું નથી રહેતું. વાસણો ખખડતાં નથી. પગના ઘસરકા થતા નથી. ખાંડણી સાથે દસ્તો અથડાતો નથી. ડબાડુબ્બી ઉઘાડબંધ થતાં નથી. ડોલમાં નળના પાણીનો ધોધવો પડતો નથી. સુપડું હાલતું નથી કે સાવરણી ફરતી નથી.

એ આવશે એટલે ઘર ફરી જીવતું થશે. પ્રવૃત્તી વગર એને ચેન જ ન પડે. ઘડીકમાં આ ઓરડામાં ને ઘડીકમાં તે ઓરડામાં. ઘડીકમાં આ કામ તો ઘડીકમાં તે કામ. મનમાં થયું, આજે ફુરસદ છે. લાવ, ઘરને બારીકાઈથી જોઈ લઉં. જ્યાં તે જુનાં કપડાંનું પોટલું મુકી રાખે છે તે કબાટ ઉઘાડયું. પોટલાનું કદ નાનું થઈ ગયું હતું. છોડીને જોયું તો અંદરથી કેટલાંક કપડાં ગુમ! એક પૅન્ટ ન હતું. બે બુશશર્ટ જણાયાં નહીં. હું રસોડામાં પેઠો. કબાટ ઉઘાડ્યો. લંબઘન આકારનો એક નવો ડબ્બો નજરે અથડાયો. ઉઘાડીને નજર નાંખી તો અંદર ચણાનો લોટ! હાં, સરસ ડબો. સરસ દૃષ્ટી. નળાકાર ડબાઓ વચ્ચે લંબઘન બેઠેલો. એની નજર બહુ બારીક છે. કશુંય ખસવા ન દે. જુનાં પૅન્ટ–શર્ટ અને નવો ડબો!

મનમાં થયું, મારો વીચાર એના પર લાદવાનો પ્રયાસ સારો ગણાય? એણે વસ્ત્રદાનમાં ધોતી આપવી હતી. એ ગઈ ત્યારે એના ચહેરા પર ઉમળકો હતો? ક્યાંથી હોય? એની બહેનપણીઓ મહારાજનાં ચરણોમાં ધોતી ધરશે અને એ? એને ભાવ થયો દાન કરવાનો અને મેં એના ભાવને કચડી નાખ્યો. એણે ધોતીની રાહ જોઈ. અઠવાડીયા સુધી. એ રોજ પુછે, ‘લાવ્યા?’ હું રોજ કહું, ‘ભુલી ગયો.’ સરસ ધોતીને બદલે કાપડનો બે મીટરનો ટુકડો એ ક્યારે લાવી એય મને ખબર

નહીં. ગઈ ત્યારે મેં ન પુછ્યું હોત તો કદાચ કાપડ પણ ન બતાવત. એની આંખના પલકારાની ગતી ભળાઈ ગઈ. એનું મૌન કળાઈ જતાં મારું મન ભારે થઈ ગયું.

એ આવીને મારી સામે હીંચકા પર બેઠી. મેં એનો ચહેરો વાંચી જોયો પણ કશું ઉકલ્યું નહીં. મને લાગ્યું કે તે મારાથી એનું દીલ સંતાડે છે. ખરી રીતે તો એના ચહેરા પર ગુસ્સો હોવો જોઈએ અથવા નફરત. કોઈ બીજી સ્ત્રી હોત તો મારા આવા લાગણીહીન વર્તન પછી સામે આવીને બેસત પણ નહીં. પગ વડે હીંચકો હલાવતાં એણે મારી સામે મલક્યા કર્યું. એના મનમાં મારે માટે કંઈ કડવાશ ન હોય અથવા ઉપાલંભ વ્યક્ત કરવાની કોઈ નવી રીત પણ એ અજમાવી રહી હોય. એના વર્તન વીશે હું કાંઈ વધુ વીચારું તે પહેલાં એણે કાપડનો ટુકડો મારી સામે મુકતાં કહ્યું, ‘મારા પ્રીય સ્વામીને આજના પવીત્ર દીવસે અર્પણ’ અને પછી હીંચકો હલાવતાં મલક્યા કર્યું. મને એવો આંચકો આપ્યો કે મારા શરીર આખાનો આંતરપ્રવાહ અટકી ગયા જેવું થયું. બધી સ્ત્રીઓને ધોતીનું દાન કરતી જોઈને એને કાપડના ટુકડાનું દાન કરતાં શરમ લાગી હશે. મનમાં થયું કે મેં નીષ્ઠુર બનીને એની લાગણીને ઠોકર મારી દીધી છે. અમારા

દામ્પત્યજીવનમાં આ એક એવી નાજુક ઘટના બની ગઈ કે જે અમને બન્નેને જીવનભર યાદ રહેશે.

મેં કાપડનું પોત જોતાં પુછ્યું, ‘દાન નહીં કર્યું?’

‘ના,’ એણે માથે સાડી ચડાવી અને આખો સેંથો ઢંકાઈ ગયો.

‘કાપડનો ટુકડો આપતાં શરમ લાગી?’ મેં સ્પષ્ટતા મેળવવાના ઈરાદે પુછ્યું.

‘દાન સોઈનુંય થઈ શકે. શરમ શેની એમાં?’ તે હસી.

‘તો પછી?’

‘દાન કરવાની ઉર્મી જ નહીં થઈ,’ એણે ચહેરાને ઢીલો મુક્યો.

‘કારણ?’

‘બસ, બેઠી હતી ત્યાંથી ઉઠવાની ઈચ્છા જ નહીં થઈ.’ કાપડનો ટુકડો લઈ તે જતી રહી.

એક અઠવાડીયાથી એને દાનની ધુન લાગી હતી. રોજ મને એ દાનની યાદ આપતી. હું લઈ આવ્યો નહીં ત્યારે એ જાતે લઈ આવી. દાનની વસ્તુ લઈને ગયા પછી દાન આપવાની ઈચ્છા જ ન થાય એ કેમ બને? મેં ઘટનાનું

વીશ્લેષણ કરવાની બહુ મથામણ કરી પણ કશું હાથ લાગ્યું નહીં.

'દાતણ લેવાં છે, સાહેબ?'

મેં પાછળ ફરીને જોયું. મારી આંખ સામે માણસનો આકાર ઉભો થયો. એને શરીર હતું. જુદાં જુદાં અંગો હતાં. બધાં અંગો એકબીજાને એવી રીતે વળગેલાં હતાં જેથી તે મારા જેવો માણસ દેખાતો હતો. મનમાં થયું, માટીમાંથી અથવા લાકડામાંથી કે ધાતુમાંથી આવો માણસ ઉભો કરી શકાય. એના ચહેરાની રેખાઓ ઉપસાવી શકાય; પણ એની દાઢી પર વધેલા સફેદ વાળ...! ના ના, શક્ય જ નથી.

એણે બારીમાંથી દાતણની ત્રણ–ચાર ભારી મુકી. સરખાં કાપેલાં અને વનસ્પતીના કોઈ વેલાથી બાંધેલાં દાતણની ભારી હાથમાં લઈને હું ગણવા લાગ્યો. ભાવ પુછવાનું મેં ટાળ્યું; કારણ કે પત્નીની જેમ રકઝક કરીને ભાવ નક્કી કરતાં મને નથી આવડતું. મેં ભારી નીચે મુકતાં પુછયું, 'દાતણ લેવાં છે?' અને 'એ હા'ના લયબદ્ધ અવાજ સાથે એ આવી. ડોસાએ બીજી બે–ત્રણ ભારી મુકી. મેં એની આંખમાં જોયું. બેય આંખ જીવતી હતી. જાણે ચહેરા પર ઉગેલા વાળની વાડ વચ્ચે તે હરતીફરતી હતી. ફરી ફરીને થાકી ગઈ હતી.

'કેટલા પૈસા?' એણે ભારી હાથમાં લઈને પેલી આંખો સામે જોયું તેના ચહેરા પરના વાળ ઉંચાનીચા થયા. પોપચાં થોડાંક સંકોચાયાં. પહોળા થયેલા હોઠ વચ્ચેથી ચીકણાં જડબાં દેખાયાં. મને લાગ્યું કે તે હસવાનું વર્તન કરી રહ્યો છે.

'જે આપવું હોય તે,' ડોસાએ કહ્યું.

'રુપીયો આપું?' પત્નીએ કહ્યું.

પેલાના હોઠ વધારે પહોળા થયા. ચીકણાં જડબાં વધારે દેખાયાં. દાઢીના વાળ એક બીજા સાથે ઘસાયા. પોલાણમાંથી 'હો..હો' એવો અવાજ નીકળ્યો. તે હસતો હતો. સાંભળેલી વાત પર એને મુદ્દલ વીશ્વાસ ન હતો એટલે પોતાની જાત પર તે હસતો હતો.

'બે ભાખરીમાં ઝુડી આપવી છે?' પત્નીએ રકઝક શરુ કરી.

'આપી,' કહી તેણે વધેલી ઝુડી ઝોળણીમાં ભરવા માંડી.

'કેમ, બે–ત્રણ દીવસથી દેખાતો નથી?'

'હમણાં હમણાં ડોસી ક્યાં સારી રહે છે?' ચહેરાનો ભાવ બદલાયો હશે; પણ વાળ એટલા હતા કે સ્પષ્ટ વંચાય તેવું ન હતું. એણે શરીર પર કયા રંગનું કયું કપડું પહેર્યું હતું તે શોધવાનું મુશ્કેલ હતું. દરેક ઠીંગડાનો આકાર જુદો, રંગ જુદો.

પત્ની છાપાંના કાગળમાં બે ભાખરી લઈ આવી. સાંજની વધેલી ભાખરી આપીને એણે સોદો પતાવી દીધો. ડોસાએ ભાખરી ઝોળણીમાં મુકીને હાથમાં લાક્ડી પકડી એટલે મેં કહ્યું, 'એને પૈસા તો આપ. આમેય આ ભાખરીઓ તો તું ફેંકી જ દેવાની હતી ને?'

'પૈસા જોઈએ છે, ડોસા? પત્નીએ પુછયું.

'લે, તું તો ખરું પુછે છે!' મારા બદલાયેલા ચહેરાને જોઈ તે હસતી હસતી જતી રહી. મને લાગ્યું કે તે પાછી નહીં આવે. એના વર્તનથી હું ક્ષુબ્ધ થઈ ગયો. સોઈનું દાન ન કરી શકે તે હાથીનું દાન ક્યાંથી કરે! ડોસાને મેં થોભવાનું કહ્યું ને હું અંદર ગયો ત્યારે તે પોટલું છોડતી હતી. તેણે મારું એક જુનું શર્ટ પોટલામાંથી બહાર ખેંચી કાઢ્યું. એણે શર્ટને ફેરવી ફેરવીને જોયું.

'આપવું છે? મેં પુછ્યું.

'એણે બે–ચાર વાર માગ્યું'તું. આપી દઈએ.' એણે કહ્યું.

'દાતણના પૈસા પહેલાં આપી દે.'

'દઉં છું.' એણે પોટલાની ગાંઠને મજબુત કરતાં કહ્યું.

એ હાથમાં પૈસા લઈને આવી. સાથે જુનું શર્ટ નહોતી લાવી. એણે પૈસા આપ્યા તે લઈ ડોસોએ જવા ડગ માંડ્યાં.

'કહું છું, આપી દે.' મેં ભારપુર્વક કહ્યું. ડોસો અવાજ સાંભળી સ્થીર ઉભો રહ્યો. એ ઝટ જઈને ખમીસ લાવી અને 'લે, ડોસા પહેરજે,' કહી તેને આપ્યું. વાળ પાછળ સંતાયેલો ડોસાનો ચહેરો ખીલી ઉઠ્યો. એણે ખમીસ ઝોળણીમાં મુકી ને દાતણની બીજી બે ઝુડી આપતો હતો ત્યાં એણે જ કહ્યું, 'રહેવા દે, સુકાઈને નકામાં થઈ જશે.' તે અમારી સામે હસતો હસતો ઉભો રહ્યો. તેની આંખો તગતગી ઉઠી. જાણે છલોછલ ભરાઈને ઉભરાઈ ઉઠી.

'શર્ટ આપ્યું તે તમને ગમ્યું ને?'

'ને ગમ્યું?'

'આપનાર–લેનાર બેયને આનંદ થાય તો મઝા જ આવે. ડોસાની આંખ શર્ટ જોઈને કેવી તૃપ્તી અનુભવતી હતી!' એની આંખ પણ છલકાઈ ગઈ.

'ત્યાંનું ચીત્ર તો આનાથીય અદકેરું હશે, નહીં?' મેં કહ્યું.

'પણ ટુકડામાં શું આપવું?'

'ધોતી આપવી હતી?'

'ગમે તેટલું આપીએ ને તોય, આ ડોસાને જુનું શર્ટ આપતાં આપણ બન્નેએ જે આનંદ અનુભવ્યો તે ત્યાં ન

અનુભવાય. મને તો એમાંથી ધંધાની એવી બુ આવી કે મનમાંથી ઉલટ જ જતી રહી.'

એ બારી તરફ ઝુકી બહાર જોઈ કહે, 'જોયું?'

હું પણ બારી તરફ ઝુક્યો. ડોસો હજીય ઝાડ નીચે જ હતો અને મારું જુનું શર્ટ ઝોળણીમાંથી બહાર કાઢી ફેરવી ફેરવી જોતો હતો અને સંતોષનો આનંદ પામતો હતો..

–સ્વ. અભેસીંહ પરમાર

તા. ૫ ફેબ્રુઆરી ૧૯૭૮ના 'સમર્પણ'ના એક જુના અંકમાંથી સાભાર...

@

128 : 18-11-2007

# ગઝલ

–પ્રમોદ અહીરે

અનુક્રમણીકા

.૧. (પાન : ૨૧)

ખબર એક કોયલ છે લાવી પ્રીયે! તું અહીંથી જવાની;
મને એક રણ વચ્ચે વાવી પ્રીયે! તું અહીંથી જવાની.

હથેળીમાં મહેંદી ને મહેંદીમાં છે ચીત્ર ઉગતા સુરજનું,
આ તારા સુરજને ડુબાવી પ્રીયે! તું અહીંથી જવાની.

સતત એક ટોળું તને દુર કરતું હશે મુજથી ત્યારે,
અમસ્થી હથેળી હલાવી પ્રીયે! તું અહીંથી જવાની.

નદીના કીનારે વીતાવેલી સાંજો...એ વાતો...એ વચનો,
બધું એક પળમાં ભુલાવી પ્રીયે! તું અહીંથી જવાની.

.૨. (પાન : ૨૨)

હું વેદનાને આપી શકું આવકાર – પણ,
એ સાથે આવી જાય છે આંસુની ધાર પણ.

એની ઉદાસ આંખમાં એક જ હતો સવાલ;
પાછાં મળી શકાય કે એકાદ વાર પણ?

હું પારદર્શી થાઉં છતાં શું ફરક પડે?
જોઈ શકે છે કોણ અહીં આરપાર પણ?

અંધારું દુર કરવા જે આવ્યા હતા નજીક,
એ લઈ ગયા છે મારા જીવનની સવાર પણ.

.3. (પાન : ૨૩)

હું તો નથી જ કરતો, ઉઝરડા કરે છે કોણ?
સાજા થયેલા ઘાવને તાજા કરે છે કોણ?

ભડકે બળીને રાખ બની ધુળ થઈ ગયા,
તારા ને મારા કીસ્સા, સળગતા કરે છે કોણ?

પાછા મળી શકાય–ની દીવાલ ઠોસ છે,
એમાં તીરાડો પાડીને રસ્તા કરે છે કોણ?
–શ્વાસોના રાજમાર્ગ પર રમખાણ યાદનું,
કોઈ નથી જો પાસ તો હુમલા કરે છે કોણ?

.૪. (પાન : ૨૫)

અમારા તડપવાનું કારણ સ્મરણ છે;
અને રોજ મરવાનું કારણ સ્મરણ છે.

નથી આગ જેવું કશું જીન્દગીમાં,
અમારા સળગવાનું કારણ સ્મરણ છે.

નદી હું સરજવા ગયો'તો; બન્યું રણ,
હવે ત્યાં ભટકવાનું કારણ સ્મરણ છે.

બધું સર્વસામાન્ય છે એ ગલીમાં,
છતાં ત્યાં અટકવાનું કારણ સ્મરણ છે.

ઘણાં રોજ ગઝલો લખે છે સ્મરણમાં,
ઘણાનું ન લખવાનું કારણ સ્મરણ છે.

.૫. (પાન : ૨૭)

તારા ઉપરની જ્યારથી શ્રદ્ધા ભુંસાઈ ગઈ;
મારી તો આખેઆખી તપસ્યા ભુંસાઈ ગઈ.

એવું નથી કે માત્ર કવીતા ભુંસાઈ ગઈ;
કાગળ ઉપર થઈ હતી હત્યા, ભુંસાઈ ગઈ.

આકાર આપવામાં તેં મોડું કરી દીધું,
જો! રાહ જોઈ જોઈ તમન્ના ભુંસાઈ ગઈ.

શબ્દો બની જીવું છું હું કાગળ ઉપર હવે,
હોવાપણાની મારી અવસ્થા ભુંસાઈ ગઈ.

.૬. (પાન : ૪3 )

ઉદાસીના ખોળામાં માથું મુકીને,
રડી લઉં છું ચુપચાપ રાતે ઉઠીને.

વહેનારાં આંસુ ઘરેણાં છે મારાં,
રડું ત્યારે લાગે કે બેઠી સજીને.
લખાયા તને મોકલી ના શકાયા,

એ પત્રો, મુકી દઉં છું, કેવળ ચુમીને.

શરમ છોડી દે તો તને પામે પળમાં,
કીનારાની મર્યાદા છે આ નદીને.

.૭. (પાન :૫૭)

એ કહે છે કે પરાભવ થાય છે,
હું કહું છું કે અનુભવ થાય છે.

દોસ્ત! દુનીયા સ્વપ્નમાં સારી હતી,
જ્યાં કફન પણ રોજ પાલવ થાય છે.

જળની સાથે મીત્રતા મોંઘી પડી,
રોજ આંખે ભીનો ઉત્સવ થાય છે.

એક પક્ષી સુરમાં રડતું રહ્યું,
લોક સમજ્યા મસ્ત કલરવ થાય છે.

હું ગઝલ બોલું ને તું સાંભળે,
એ જ ક્ષણ જીવનનો વૈભવ થાય છે.

.૮. (પાન : ૬૯)

કોરી વાતો... નકલી પીડા... એમાં તારી દુનીયા ક્યાં છે?
જેનામાં હો સાચાં આંસુ, એવી અસલી ઘટના ક્યાં છે?

મંઝીલ મંઝીલ કરતાં કરતાં વનવન ભટકે આખું જીવન,
પગલે પગલે રસ્તા બદલે તારી પાસે નકશા ક્યાં છે?

સપનાં–સપનાં...મીઠાં સપનાં તું માંગે છે સઘળાં સપના,
ભીતરમાં છે ખાલી ખાલી...તારી ભીતર ઈચ્છા ક્યાં છે?

ઈશ્વર અલ્લા કરતાં કરતાં, મંદીર–મસ્જીદ ખુંદી વળતાં,
વાતે વાતે ઈશ્વર બદલે તારી પાસે શ્રદ્ધા ક્યાં છે?

'હું', 'મારું'ની આ પીડામાં આખે આખી હસ્તી સળગી,
આંખો ખોલી જો તું માણસ! તારી જગમાં ગણના ક્યાં છે?

–પ્રમોદ અહીરે(સુરત)

ઈ–મેઈલ : momentsevents@gmail.com

મોબાઈલ : 98241 34061

@

129 : 25-11-2007

# રસોડાનું મસોતું

–'હરીશ્ચંદ્ર'

અનુક્રમણીકા

રસોડામાં મસોતા વીના કાંઈ ચાલે? ઘડીભર નહીં ચાલે. પણ હવે આ મસોતું બદલવાનું થયું છે. મસોતાથી તપેલું પકડી ભાતમાંનું પાણી નીતારતાં હું આજે દાઝી. હવે સાવ જરી ગયું છે. કેટલા વખતથી વાપરું છું! મારી મા આવેલી ત્યારે પોતાનું જુનું બ્લાઉઝ મુકી ગયેલી. ફાટી ગયેલું. મેં તેને મસોતા તરીકે વાપરવા રસોડામાં લીધું.

આ મસોતા તરફ જોતાં–જોતાં મને મા બહુ યાદ આવી. તેવામાં ઘંટી વાગી. મેં જઈને બારણું ખોલ્યું.

'અરે, જાનકી! અત્યારે?'

જાનકી અમારી કોલોનીમાં જ રહે. બહુ કામઢી બાઈ. રસોડામાં અને ઘરકામમાં એટલી બુડેલી રહે, કે કોઈને ત્યાં જવાનો એને ક્વચીત જ સમય મળે.

મેં એને બેસાડી. થોડી અહીં–તહીંની વાતો કરીને એ બોલી, 'તમે મને અંગ્રેજી શીખવશો? રોજ નહીં, તોય એકાંતરે દીવસે હું તમારી પાસે શીખવા જરુર આવીશ.'

'જરુર શીખવીશ. પણ તને આ અંગ્રેજીનો નાદ ક્યાંથી લાગ્યો?'

'મને લાગે છે, મારે અંગ્રેજી શીખી લેવું જ પડશે. તેના વીના નહીં ચાલે. છોકરાં હવે મોટાં થયાં. નીશાળનું લેસન કરતાં એમને કાંઈ–કાંઈ પુછવાનું હોય; પણ બળ્યું ઈંગ્લીશ મીડીયમ! મારી કાંઈ ચાંચ બુડે નહીં. નાનકી તો હવે કહી દે છે, મમ્મી તને કાંઈ નથી આવડતું.'

હું પોતે પણ વીચારમાં પડી ગઈ. હજી કાલની જ વાત. મારી દીકરી દસ દીવસની એક કમ્પ્યુટર શીબીરમાં જઈ આવી. મેં પુછયું, 'ત્યાં તમે શું–શું શીખવ્યું?' ત્યારે તેણે મારું મોઢું જ તોડી લીધું—'તને કમ્પ્યુટર બાબત એક દોકડોય સમજાશે કે?' અને જેવા ડૅડી આવ્યા કે ઉછળી–ઉછળીને કલાકેક સુધી તેણે એમને શીબીરની બધી વાત કરી. મને થયું : જાનકીની જેમ મારે પણ કમ્પ્યુટર શીખવા જવું પડશે.

જાનકી ગઈ અને હું રસોડામાં આવી. પેલું મસોતું. મને ફરી માની યાદ આવી. આજકાલની મમ્મીઓ તો થોડું–ઘણુંયે શીખેલી હોય; પણ ત્યારે તો ભણેલી મમ્મીઓ બહુ ઓછી. મારી મા માત્ર ચાર ચોપડી ભણેલી. નીશાળના લેસનમાં એને કાંઈ પુછી શકાય એવો સવાલ જ નહીં. એટલે અમે મોટા થતાં ગયાં તેમ ખાવાપીવા સીવાયનો મા સાથેનો આવો વ્યવહાર બહુ ઓછો થતો ગયો.

મને એકદમ યાદ આવ્યું. એક વાર નીશાળમાં પહેલી આવી. મને ઈનામ મળ્યું. સમારંભમાંથી પાછી આવી ત્યારે મા મારી વાટ જોતી બારણામાં જ ઉભેલી. હોંશથી તેણે પુછયું, ‘શું ઈનામ મળ્યું?’ પણ મારું તેના તરફ ધ્યાન જ નહોતું. હું તો દોડતી ઘરમાં જઈને ડેડીને ઈનામ બતાવી બધી વાત કરવા લાગી. મને ત્યારે ખ્યાલ જ નહોતો આવ્યો કે આ રીતે વર્તવું એ માનું અપમાન છે.

આજે હું પોતે મા બની છું, ત્યારે મને આ બધું સમજાય છે. રાતે પથારી ભીંજવી હોય એટલે નાનું બાળક રડે, ત્યારે ગાઢ નીંદરમાંથી ઉઠીને તેનાં બાળોતીયાં બદલવાં, તેને થાબડી–થાબડીને ફરી સુવાડવું, ક્યારેક કજીયે ચડે, ત્યારે તેડીને પુચકારતાં–પુચકારતાં ક્યાં સુધી ઓસરીમાં આંટા મારવા, જરીક મોટું થાય પછી તેને ખવડાવવા તેની પાછળ–પાછળ ફરીને લાડ કરવાં, વારે વારે તેના શેડા લુંછવા, માંદુ પડે ત્યારે ખાધા–પીધા વીના ઉચક જીવે તેની સારવારમાં લાગવું—આ બધું મા કરે છે, તે મેં જાતે અનુભવ્યું. તેમ છતાં છોકરાં મોટાં થાય ત્યારે બાપ તરફ જ કેમ વધુ ઢળે છે? અને મા જો મારી મા જેવી અભણ હોય, તો તો તેની ઉપેક્ષા જ કરાય છે 1

મને મા પ્રત્યે એકદમ લાગણી થઈ આવી. થયું, જઈને એની માફી માગી આવું કે તારી સાથે મારે આવી રીતે વર્તવું

જોઈતું નહોતું; પણ કદાચ હું જઈને આવું કહું તો એ હસી જ કાઢે અને મારા માથે ને વાંસે એનો પ્રેમાળ હાથ ફેરવે.

તેવામાં ઘંટી વાગી. બારણું ખોલ્યું તો મારી પડોશી અરુણા.

કહે, 'હજી તું તૈયાર નથી થઈ? ત્રણ વાગી ગયા!'

વીચારમાં ને વીચારમાં સાવ ખોવાયેલી હું તો સાવ ભુલી જ ગયેલી! મારા બાબાને અને તેની બેબીને નીશાળમાંથી લાવવાનાં હતાં. પહેરેલે કપડે જ હું નીકળી ગઈ. નીશાળ છુટી ગઈ હશે અને છોકરાં ક્યાંક પાછાં આઘાં–પાછાં ન થઈ જાય! ન કપડાં બદલવા રહી; ન માથું ઓળવા. મા નહોતી બની, ત્યારે આવે વેશે બહાર નીકળતાં હું દસ વાર વીચાર કરત.

હું ઝટઝટ ચાલતી હતી; પણ અરુણા પાછળ પડી જતી.

પુછયું તો કહે, 'પગ મોચવાયો છે.'

'ક્યાં?'

તો કહે, 'સાયકલ પરથી પડી ગઈ.'

'તું વળી સાયકલ પર ક્યાંથી?'

તો કહે, 'સાયકલ શીખું છું. આવતા વરસે બેબીને સેન્ટ ઝેવીયર્સમાં મુકવી છે. બહુ દુર છે. એટલે સાયકલ શીખી લીધી હોય તો ઠીક પડે.'

ફરી મને મારી મા યાદ આવી. અમે મોટા થયાં, તોયે એનું કર્તવ્ય ક્યાં પુરું થયેલું? પરીક્ષા અમારી; પણ સાથે જ

માની પણ. અમારી ખાવા–પીવાની,ઉંઘવા–ઉઠવાની વીશેષ કાળજી ત્યારે તેણે જ રાખવાની. રાતે મોડે સુધી વાંચીએ ત્યારે મધરાતે ઉઠીને ચા એ જ બનાવી આપે. એલાર્મ રાખીને સુઈએ; પણ એલાર્મ સાંભળીને ઉઠીએ નહીં, ત્યારે મા જ એલાર્મથી જાગીને અમને પ્રેમથી માથે હાથ ફેરવી ઉઠાડી જાય. અમારા કોઈ વાંક માટે સાંભળવાનું એને જ.

મને યાદ છે, મારો નાનો ભાઈ એક વાર નપાસ થયો. તો ડેડીએ ઉકળાટ મા ઉપર ઠાલવ્યો : 'તું શું કરે છે? છોકરા ઉપર ધ્યાન પણ નથી રાખતી? રખડ્યા કરે છે કે ભણે છે, તેનું ધ્યાન મા ન રાખે તો કોણ રાખે? અમે તો આખો દીવસ બહાર હોઈએ!'

મસોતું તે જ મા! બન્નેમાં શો ફરક? ભાતમાંનું પાણી નીતારતાં, શાક હલાવતી વખતે તાંસળું પકડતાં, ઘડી–ઘડી હાથ લુછતાં મસોતું જોઈએ જ. મસોતા વીના ન ચાલે. મા વીના પણ ન ચાલે; છતાં માનું સ્થાન મસોતા બરાબરનું જ?!!

(શ્રી. કુપ્પીલી પદ્માનીની તેલુગુ વાર્તા પરથી...'

'વીણેલાં ફુલ' ભાગ : ૧૫માંથી સાભાર...

સ્વ.–'હરીશ્ચંદ્ર'

@

130 : 02-12-2007

# ગઝલ–આનંદ

–હીતેન આનંદપરા

અનુક્રમણીકા

.૧. (પાન–૩ )

બેસી નીરાંતે બે ઘડી પૃથક્કરણ કરતા રહો,
જે પણ મળે સારું સતત એને ગ્રહણ કરતા રહો.

એ ભ્રમ કદી ન પાળવો, આકાશ અહીંથી અહીં સુધી
ક્ષીતીજ કંઈ સીમા નથી જો વીસ્તરણ કરતા રહો.

જેની ઉપર ના હક હતો, ના છે, ન બનવાનો કદી,
મનમાં નીરંતર એ જ વ્યક્તીનું સ્મરણ કરતા રહો.

આ પ્રેમ નામે ગ્રંથનો ફેલાવ વધવો જોઈએ,
જો પ્રત કદી ખુટી પડે તો સંસ્કરણ કરતા રહો.

આ પીંડ ફરતે રક્ત–અસ્થી, પર ત્વચા, પર વસ્ત્ર છે,
અહીંયાં તો પહેલેથી રુઢી છે આવરણ કરતા રહો.
એ નામ લખવાનું અગર મુમકીન નથી તો કંઈ નહીં,
ખાલી જગાના બેય છેડે અવતરણ કરતા રહો.

.૨. (પાન–૬)

અરીસાની તીરાડોમાં સ્વયંનું સ્થાન શોધું છું,
નથી તલવાર જેવું કંઈ છતાંયે મ્યાન શોધું છું.

તબક્કાવાર મરવાનું મને માફક નહીં આવે,
સડેડાટે નીકળતા જીવમાં પ્રસ્થાન શોધું છું.

નજરથી વાત કરવી છે પરંતુ ભસ્મ થઈ જઈશ તો?
સુરજના અસ્તમાં બસ એટલે મધ્યાહ્ન શોધું છું.

ખરે ના એક પણ આંસુ ફક્ત બે આંખ ભીની હો,
તમાશાથી અલગ રહી આવતું અવસાન શોધું છું.

પગથીયે કોઈ મંદીરના ઉછળતા–કુદતા રહેતા,
બીલાડીનાં કોઈ બચ્ચામાં હું ભગવાન શોધું છું.

હવે બદલી થવાની છે, બધું સંકેલવા લાગું,
જતાં પહેલાં આ ઘર માટે નવો મહેમાન શોધું છું.
પ્રથમ પાને પ્રકાશીત લેખને જગ્યા પડી ઓછી,
જીવનનાં શેષ પાનાંમાં અનુસંધાન શોધું છું.

.3. (પાન–13 )

એક પથ્થરમાંથી બનતા શીલ્પને આદર મળે,
જો મઠારો જીન્દગીને તો જ કંઈ નક્કર મળે.

હર વખત એ પ્રશ્ન ઘુમરાયા કરે, હું કોણ છું?
હર વખત એ પ્રશ્નનો ઉત્તર મને અધ્ધર મળે,

વાત જે કરવી હતી એને, કદી ના થઈ શકી,
રાહ જોતા રહી ગયા કે આગવો અવસર મળે.

કાશ થોડી લેતી–દેતી હોત તો મળતાં રહેત,
પણ હીસાબો એની સાથેના બધા સરભર મળે.

એક સધીયારો અપાવે બે અડોઅડ આંગળી,
હુંફના નામે મઢેલા સ્પર્શનાં અસ્તર મળે.

ક્યાંક ખુટે, ક્યાંક તુટે, તે છતાં લખતા રહો,
શક્ય છે આ માર્ગ પર, આગળ જતાં ઈશ્વર મળે.

.૪. (પાન–૨૦)

છેક તકલાદી જીવાતું હોય છે,
સ્મીત હોઠો પર લવાતું હોય છે.

દુ:ખ, વ્યથા, પીડા, ઘુટન કે વેદના,
કંઈ ન હો તો પણ રડાતું હોય છે.

જ્યાં તમે સાવધ અને સતર્ક હો,
મન બરાબર ત્યાં ફસાતું હોય છે.

એક કેલેન્ડર સમી છે જીન્દગી,
રોજ એક પાનું ફડાતું હોય છે.

હસ્તધુનનમાં કશી ઓછપ હશે,
એટલે ભેટી જવાતું હોય છે.

ભીંત પર અમથું લટકવા નહીં મળે,
મૌન મરણોત્તર મઢાતું હોય છે.

.૫. (પાન–૨૯)

પોતાનું કહી શકાય જે એ ગામ છે ગઝલ,
ખુદની નજીક આવવાનું કામ છે ગઝલ.

કુવો, તળાવ, ઝરણું, સરોવર કે હો નદી,
જયાં પણ તરસ છીપાતી એ મુકામ છે ગઝલ.

દીવસની દોડધામો બાદ આવતાં ઘરે
પગ મુકતાં જ મળતો એક આરામ છે ગઝલ.

અહીં પહોંચવું સરળ, પરંતુ પામવું કઠીન,
શ્રદ્ધા, તપસ્યા, ભક્તી તણું ધામ છે ગઝલ.

સ્વરુપ હો નીરાળું તોયે ધ્યેય તો એક જ,
શ્રીકૃષ્ણ ગીત હોય, તો શ્રીરામ છે ગઝલ .

.૬. (પાન–૩૨)

બીજાને શું જીરવીશું? જાતને જીરવી નથી શકતા,
ભીતર સર્જાતા ચક્રવાતને જીરવી નથી શકતા.

અતીશય જોશમાં આઘાત બીજા પર કરી લઈએ,
પછી ઉદ્દભવતા પ્રત્યાઘાતને જીરવી નથી શકતા.

તરસ કોઠે પડી હો જેમને એવા ઘણા લોકો,
કદાચીત આવતા વરસાદને જીરવી નથી શકતા.

સદા નક્કર હકીકત ને ગણતરીઓમાં જીવ્યા જે,
જીવનના અંતમાં આભાસને જીરવી નથી શકતા.

ઘણું તરસ્યા હતા સાંનીધ્ય જેનું પામવા માટે,
હકીકતમાં તમે અજવાસને જીરવી નથી શકતા.

તમે આકાશ પણ ઝંખો ને બાંધો છત દીવાલ પર?
હકીકતમાં તમે અજવાસને જીરવી નથી શકતા.

નવા સર્જકને ત્રાંસી આંખથી જુએ જુના સર્જક,
ઘણાં વૃક્ષો કુંપળની વાતને જીરવી નથી શકતા.

.૭. (પાન–૩૯)

લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે, આ માણસ બરાબર નથી,
ગણે છે ને ઓછી પડે તો લડે છે, આ માણસ બરાબર નથી.

સમી સાંજ દરીયાકીનારે જવું તોયે દરીયા તરફ પીઠ રાખી
એ, લોકોને, ગાડીને જોયા કરે છે, આ માણસ બરાબર નથી.

સુંદરતા જોવી ગમે છે, સહજ છે, પણ સૌની દૃષ્ટીમાં છે ફેર,
એ જોવાની આડશમાં રીતસર ઘુરે છે, આ માણસ બરાબર
નથી.

ન કુદરત, ન ઈશ્વર, ન દુનીયા, અરે સૌ સ્વજનથીયે છેટો રહે
છે,

બસ પોતાને માટે જીવે છે, મરે છે, આ માણસ બરાબર નથી.

વધુ એને ચીડવો, વધારે દઝાડો, જલાવો, દયા ન બતાવો,
કારણ એ કાયમ ઈર્ષાથી બળે છે, આ માણસ બરાબર નથી.

જે લુચ્ચું હસે છે, જે ખંધું હસે છે, જરા એથી ચેતીને ચાલો
કે આખો શકુની એમાંથી ઝરે છે, આ માણસ બરાબર નથી.

## મુક્તકો

### .૧. (પાન–૧૧૦)

જે ગઝલ ના થઈ શકે, એવાય ભાવો હોય છે,
આંખથી દેખાય નહીં એવાય ઘાવો હોય છે;
બે જણા વચ્ચે કશું રોપાય પણ વીકસે નહીં,
આપણી તો હર કથાનો અંત આવો હોય છે.

### .૨. (પાન–૧૧૦)

બે જણા વચ્ચે ફરી અંટસ પડી છે,
બે જણાને જીદ પોતાની નડી છે;
સાવ નાની વાતમાં તોડી સંબંધો,
પ્રીત પાછળથી બીચારી બહુ રડી છે.

.૩. (પાન–૧૧૧)

સાવ કોરો જોઈને, માયા થઈ કાગળ ઉપર,
યાદ કોઈની સળવળીને અવતરી કાગળ ઉપર;
મેં વીચાર્યું શું લખું તો શાખ કાગળની વધે?
નામ મેં તારું લખી નાખ્યું પછી કાગળ ઉપર

.૪. (પાન–૧૧૨)

ચલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ,
શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઈએ;
હવે બસ, એક રસ્તો છે તમાશા દુર કરવાનો,
બધાયે વેશ ખંખેરી ફરી બાળક બની જઈએ.

.૫. (નવું)

અરીસાઓ હવે પહેલાં સમા શ્રદ્ધેય ક્યાં છે?
મને કોઈ સત્ય જોવાનો નવો રસ્તો બતાવો,
અકાળે પીઢ થાતાં બાળકોના આ નગરમાં છું,
મને શૈશવને મળવાનો નવો રસ્તો બતાવો.

–હીતેન આનંદપરા–

'સુર્યનું પ્રથમ કીરણ' – હીતેન આનંદપરા, (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન્સ, ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨ તથા ૧–૨, અપર લેવલ, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૦૬ – મુલ્ય : રુપીયા ૭૦, પ્રથમ આવૃત્તી: ૧૯૯૯)માંથી સાભાર...

## કવીસંપર્ક :

Hiten Anandpara
A-503, Blue Oasis Tower –I, Blue Empire Complex, Ekta Nagar, Mahavir Nagar, Near Link Road, Kandivali (W), Mumbai - 400 067
Mobile: 98694-39539
Email ID : hitenanandpara@gmail.com

@

131 : 09-12-2007

# મંગલસુત્ર

–સ્વ. કીશનસીંહ ચાવડા

અનુક્રમણીકા

પીતાજીના કારમા મૃત્યુ પછી બાની ઉદાસીનો પાર નહોતો. એના મુખ પર સ્મીત આવતું તે પણ વીષાદથી છવાયેલું. એના કામમાં, એના વર્તનમાં, અરે, અમારા તરફના એના વાત્સલ્યમાં પણ ઉદાસીનો આધાર હતો. મને બાનું ગળું બહુ ગમતું. એક તો આમ પણ બા બહુ દેખાવડી અને નમણી હતી. એના હૃદયની નીર્મળતાનું લાવણ્ય એના ચહેરા પર એવું વીલસતું કે આપણે જોયા જ કરીએ. પણ એ સર્વમાં એની ડોક મને અપાર વહાલી લાગતી, અને એ ગરદનને વળગીને વહાલ કરતાં હું કદી પણ ધરાતો નહીં. નીશાળમાં કંઈક ગુનો થયો હોય, કોઈ સાથે તકરાર થઈ હોય ત્યારે હંમેશાં હું એની ડોકે બાઝી પડતો. મંગલસુત્રથી શોભતા એ ગળાને બચ્ચીઓ ભરતાં હું કદી જ થાકતો નહીં અને એના બદલામાં હું ધરાઈને એનું વાત્સલ્ય પીતો.

બાપુજીના ગયા પછી બાનો ઉદાસ ચહેરો મંગલસુત્ર વીનાના સુના ગળાથી બહુ એકલો લાગતો. બા પણ છત્ર

વીનાની અનાથ લાગતી. મારી દૃષ્ટી જ્યારે જ્યારે બાના ચહેરા પર પડતી ત્યારે આપમેળે એની એકલ ડોક પર ઉતરીને ડુસકું ભરી લેતી. આ દુખ ખમનાર હું એકલો નહોતો. મારાં પાર્વતીફોઈ પણ હતાં. ફોઈ પોતે બહુ રૂપાળાં હતાં. પણ બાના સ્વરૂપનાં એ મોટાં ચાહક હતાં. મને બરાબર યાદ છે. એક દીવસ ફોઈ, બા અને હું એમ ત્રણ જણાં બેઠાં હતાં. પીતાજીનાં સ્મરણોની ઉજાણી ચાલતી હતી. ત્યાં અચાનક ફોઈની આંખ બાના ગળા પર જઈને બેઠી. એમનાથી રહેવાયું નહીં. બોલ્યાં : ‘ભાભી, ગળામાં તુલસીની માળા તો રાખ જ. આ સુની ડોક મારાથી જોવાતી નથી.’ અને સ્વાભાવીક રીતે જ એમનો હાથ બાના ગળાને અડકી પડયો. બાએ માથે એવી રીતે ઓઢ્યું કે ડોકની ચારુતા સંતાઈ ગઈ. બા કશું બોલી નહીં. બા ગમતી. બાનું સ્વરુપ ગમતું. બાની આંખોમાં આંખ પરોવતાં હું થાકતો નહીં. પરંતુ બાની ડોકને બાથ ભરી બચ્ચી ભરવી એ મારાં જીવનનું પરમ ઐશ્વર્ય હતું. છતાં એ એકલવાઈ ડોક જ મને રડાવી મુકતી અને બાના ગયેલા સૌભાગ્યની યાદ આપીને પીતાજીનાં સ્મરણોની યાત્રા કરાવતી.

ધનતેરસે અમારે ત્યાં ધનની પુજા થતી. પીતાજી જીવતા ત્યારે પણ બા મારી પાસે જ પુજા કરાવતી. બાપુજીના ગયા પછી પણ એમ જ થતું. પણ બાપુજીના ગયા પછી

ધનતેરસની પુજામાં એક ફેરફાર છાનો ન રહ્યો. હું પુજા કરી રહું ત્યાર પછી એક નાની શી રેશમી પોટલીમાંથી પોતાનું મંગલસુત્ર કાઢીને બા દુધથી અને પછી પાણીથી ધોઈ એની પુજા કરતી અને પાછી એ પોટલીમાં સંભાળથી એને મુકીને ચાંદીની એક ડબ્બીમાં મુકી દેતી. આવી ધનતેરસ દરેક વરસે આવતી અને ચાલી જતી. ધીરે ધીરે પેલું મંગલસુત્ર મારે મન બા જેટલું જ વહાલું થઈ ગયું.

ઈ. સ. ૧૯૨૯માં હું પોંડીચરીથી પાછો આવ્યો ત્યારે મારું મોટું સુખ બાનો હસતો ચહેરો હતો. હું ગયો ત્યારે એને જે ઓછું આવ્યું હતું તે હું પાછો આવ્યો ત્યારે હસીને એણે ઓગાળી નાંખ્યું. અહીં સૌ સુખી હતાં. આવીને મેં ‘નવગુજરાત’ સાપ્તાહીકમાં સહતંત્રીનું કામ સ્વીકાર્યું. બાને બહુ જ આનંદ થયો. એ કારણે મારે સવારે, બપોરે, સાંજે એમ ગમે ત્યારે ગમે તેટલું રખડવું પડતું. એક વખત ઉનાળો હતો. વૈશાખનો મહીનો. ગરમી તો કહે મારું કામ. લુ એવી વાય કે માથું ફાટી જાય. એવા સળગતા બપોરે બે વાગે ભુખ્યોતરસ્યો હું ઘરે પહોંચ્યો. બા પણ બીચારી ભુખીતરસી મારી વાટ જોઈને મારી ચીંતા કરતી બેઠી હતી. હું આવ્યો ત્યારે એનો ચહેરો કરમાઈ ગયો હતો. અમે જમ્યાં. જમીને હું જરા જંપ્યો. ઉઠ્યો ત્યારે મારું આખું શરીર તાવથી ધીખતું હતું. બા તો ગભરાઈ ઉઠી. ઘરના બધા

ઈલાજો એણે કર્યા. પણ તાવે મચક ન આપી. આખરે દાક્તરને બોલાવવા પડ્યા. દાક્તરની સલાહથી મને ઈસ્પીતાલ ખસેડ્યો અને આખરે ઈશ્વરની કૃપાથી અને બાની આશીષથી બે મહીને સારો થઈ ગયો.

ત્યાર પછીની ધનતેરસે અમે પુજા કરવા બેઠાં. પુજામાં માત્ર પાંચ રુપીયા હતા. એક પણ ઘરેણું નહોતું. મને અચંબો લાગ્યો. ધનની પુજા પછી બાએ નીત્ય નીયમ પ્રમાણે પોતાના મંગલસુત્રની પણ પુજા કરી. પછી મેં બાને પુછ્યું ત્યારે ખબર પડી કે મારા પોંડીચરીના લાંબા નીવાસ દરમીયાન બાએ ઘરેણાં વેચીને ઘર ચલાવ્યું હતું. તે દીવસે હું બાની એ એકલવાઈ ડોકે બાઝીને ખુબ રડ્યો.

શીયાળો ગયો ને ઉનાળો આવ્યો. મારી ખુબ ઈચ્છા હતી કે હું એક સાઈકલ લઉં. પણ એટલી બચત ક્યાંથી કાઢવી? એક રાતે બેસીને અમે સૌ વાતો કરતાં હતાં. ત્યાં મારાથી સાઈકલની વાત નીકળી ગઈ. સાઈકલ વીના કેટલી મુસીબત પડે છે એ સાંભળી બાનું હૈયું ભરાઈ આવ્યું. બીજે દીવસે બપોરે મને પાછું મોડું થયું. બા બીચારી દર વખતની જેમ ભુખીતરસી મારી રાહ જોઈને બેઠી હતી. મને જમાડ્યા પછી પણ એની એક જ ચીંતા હતી કે હું માંદો ન પડું. બપોરે જમીને હું કામ પર જવા નીકળ્યો ત્યારે બાએ પુછ્યું : ‘બેટા, સાઈકલ હોય તો તને

મહેનત ઓછી પડે, નહીં?' મેં જતાં જતાં હસીને કહ્યું : 'બા, એ તો કબીરજી કહી ગયા છે.' જ્યારે જ્યારે મારે બાને હસાવવી હોય ત્યારે હું ઉપરનું વાક્ય વાપરતો.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર એક નવી સાઈકલ પડેલી. મને એમ કે કોઈ મળવા આવ્યું છે. મારો અવાજ સાંભળીને બા બહાર દોડી આવી. એના મુખ પર અવર્ણનીય આનંદ હતો. ઘણાં વરસ પછી મેં એનો આવો પ્રફુલ્લીત ચહેરો જોયો. એણે કહ્યું : 'કીશન, તારી સાઈકલ આવી ગઈ.' આનંદ અને આશ્ચર્યની મીશ્ર લાગણીથી દબાઈ ગયેલો હું પુછવા જાઉં તે પહેલાં તો હાસ્યનું ઈનામ આપીને બા બોલી ઉઠી : 'હું લઈ આવી, ગોપાળદાસકાકાને ત્યાંથી. ગમીને?' એમણે કહ્યું : 'હમણાં છોકરાઓ આ ગાડી બહુ શોખથી વાપરે છે. સારી છે ને?' મેં કહ્યું : 'પણ બા, હમણાં મારે નહોતી જોઈતી.' અને હું આગળ બોલવા જાઉં તે પહેલાં તો એ બોલી ઉઠી : 'ફેરવી જો તો. હું જોઉં તો ખરી કે તને કેવીક ચલાવતાં આવડે છે!' અને મેં એ નવી સાઈકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશ ખુશ થઈ ગયાં.

ત્યાર પછીની ધનતેરસે અમે પુજા કરવા બેઠાં હતાં. બાએ મારી પાસે પાંચ રુપીયાની પુજા કરાવી અને પુજા પુરી થઈ. બાએ મંગલસુત્રની પુજા ન કરી એટલે મેં પુછ્યું : 'બા,

તમારી પુજા કેમ નથી કરતાં?' બાએ હસીને કહ્યું : 'હવે જરુર નથી. તું સાઈકલ પર બેસીશ અને હું તને જોઈશ એ જ મારી પુજા છે.' મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું : 'બા, તમે મંગલસુત્ર વેચીને આ સાઈકલ લઈ આવ્યાં?' અને મારાં ઉતરેલાં મુખને બાએ પોતાની ડોક પર ઢાળી દીધું. મારાથી ન તો બાથ ભરાઈ, ન તો બચ્ચી કરી શકાઈ.

બીજે દીવસે હું એક મીત્ર પાસેથી એકસો દસ રુપીયા લઈને ગોપાળદાસકાકાને ઘેર ગયો. કાકા તો ઘેર નહોતા. પણ ગુલાબકાકી હતાં. એ બહાર આવ્યાં ને મેં એમની ડોકમાં બાનું મંગલસુત્ર જોયું. રુપીયા મારાં ગજવામાં રહી ગયા. કાકાની ખબર પુછીને હું ચાલી નીકળ્યો. પાછા આવીને મેં બાને કહ્યું : 'ગુલાબકાકીના ગળામાં તમારું મંગલસુત્ર જોઈને મારાથી એક શબ્દ બોલાયો નહીં.' બાએ હસીને કહ્યું : 'બેટા, એમનું સૌભાગ્ય અખંડ રહો.' બાનું એ મુખ આજેય જ્યારે જ્યારે હું મારી સાઈકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ આવે છે અને અંતરને અડકે છે. સાઈકલો તો મારી ઘણી બદલાઈ છે; પણ બાનો એ ચહેરો નથી બદલાયો.

–કીશનસીંહ ચાવડા

132 : 16-12-2007

# વાડને પેલે પાર

–ધીરુબહેન પટેલ

અનુક્રમણીકા

બાગની કાતરને સરખી ધાર ન હોય એનો તો કોઈ અર્થ જ નહીંને! આમ તો નારાયણરાવને પોતાનાં બાવડાંનું અભીમાન હતું. તેમાંય બાગકામ એટલે તો ઘણી મામુલી વાત કહેવાય. છતાં આજે આ કડવી મેંદીનાં જાડાં ડાળખાં બરાબર ગાંઠતાં નહોતાં એટલે એમને મનમાં ખરાબ લાગતું હતું. ઘડીએ ને વારે એમને અટકવું પડતું, જ્યારે વાડની પેલી બાજુએથી એકસરખો લયબદ્ધ સપાસપ્... સપાસપ્ અવાજ આવ્યા કરતો હતો. એમાં એક જાતનું સંગીત સંભળાતું હતું, માણસનો શ્રમ હરે અને આત્મવીશ્વાસ જગાડે એવું.

એ લક્ષ્મીદાસ સંપત કદાચ પોતાનાથી બે–પાંચ વરસ નાનો હશે. તોય શું? ક્યાં આ ગોટલા ચડી જાય એવી ઘડી ઘડી અટકી જતી પોતાના હાથની ગતી અને ક્યાં પેલાનું સપ્સપ્ સપાસપ્?

કદાચ વાડ કુમળી હોય... નવી હોય... પણ તોય શું? આખરે એણે પેલી બાજુ ડોકાઈને કહ્યું, ‘‘તમારી કાતર જરા જોઉં?’’

‘‘હા, હા! લ્યો ને! મારું હવે પતવા જ આવ્યું છે. ખરું જોતાં હું તમને પુછવાનો જ હતો કે કેમ આજે આમ બાપુની ગાડી જેવું ચાલ્યું છે તમારું?’’

‘‘શું?’’

‘‘વચ્ચે વચ્ચે અટકી જાય અને ખચ્ ખચ્ કરવા લાગે એટલે સહેજે વીચાર આવે, કેમ નહીં?’’ કહી હસતાં હસતાં સંપતે પોતાની કાતર નારાયણરાવને ધરી.

ખીજાવું જોઈતું હતું; પણ ખીજ ન ચડી. રાહત પામીને નારાયણે સંપતની કાતર લીધી અને બાકીની વાડ ફટાફટ કાપી નાખી. ઘરમાં જતાં વીચાર આવ્યો, માણસ ખોટો નથી. સંબંધ રાખવા જેવો. આમેય હવે જાનકીના ગયા પછી બહુ સંબંધો ક્યાં રહ્યા છે?

ત્યાર પછી ગુલછડીના ક્યારામાં ગોડ કરતાં વીચાર આવ્યો, થોડા કાંદા સંપતને આપી શકાય. આમેય કાઢી નાખવા પડે એના કરતાં છોને આની વાડીમાં ઉગતા!

સંપતે ના ન પાડી ઉલટાના નમ્રભાવે બેચાર સવાલ પુછ્યા. નારાયણરાવને પોતાનું જ્ઞાન ઠાલવવાની એક તક મળી. ત્યાર બાદ બન્ને વચ્ચે વાતચીતનો વ્યવહાર બંધાયો; પણ તે બાગકામ પુરતો જ. તોય સારું લાગતું હતું. એકબીજાના ક્યારાની સરખામણી, દુષ્ટ કોળ અને જીવડાંઓના આક્રમણથી બચવાની વ્યુહરચના, વીવીધ જાતનાં ખાતર અને બાગકામનાં સાધનોની ગુણવત્તાની છણાવટ વગેરે અનેક રસપ્રદ વાતો થતી હતી અને બન્નેની જાણ બહાર મૈત્રી જેવું કંઈક રચાયે જતું હતું.

એમાં એક દીવસ લક્ષ્મીદાસ સંપતને ઘેર ઘણા બધા મહેમાનોની અવરજવર થઈ અને સાંજ પડ્યે બધા પાછા ગયા પછી પણ બત્તીઓનો ઝગઝગાટ ચાલુ રહ્યો.

કુતુહલ જાગ્યું તોય નારાયણરાવે પ્રશ્નો ન પુછ્યા. એક નવો નવો નાનો અમથો સંબંધ, તેના ઉપર બહુ ભાર ન દેવાય ક્યાંક બટકીને તુટી જાય તો બેઘડી વાતનો આશરોય જાય.

‘‘ધારો કે મેં તમને બોલાવ્યા હોત તો તમે આવત?’’ બીજા દીવસે ઢળતી બપોરે લક્ષ્મીદાસે પુછ્યું.

‘‘ક્યાં?’’

‘‘અરે, મારે ત્યાં. તમે જોયું હશે જ, બધા બહુ લોકો આવ્યા હતા.’’

''ના,'' જરા વાર અટકીને નારાયણરાવે ઉમેર્યું, ''મને એવું બધું બહુ ફાવતું નથી.''

''મને લાગતું જ હતું.'' સંતોષપુર્વક કહીને લક્ષ્મીદાસ સંપતે ક્યારો ગોડવામાં મન પરોવ્યું. પંદરેક મીનીટ પછી એણે પુછ્યું, ''મને લાગે છે કે આપણે ચા પીએ. શું કહો છો?''

હવે આજ લગી એવું બધું કંઈ બન્યું નહોતું. સાથે બેસીને ચા પીવાનું કે એવુંતેવું; પણ નારાયણને લાગ્યું કે સંપત કદાચ કાલના પ્રસંગને રોળી નાખવા માંગે છે. એમણે જરાક સ્મીત કર્યું અને કહ્યું, ''મારે ઘરે પણ ચાની તૈયારી જ હશે.''

''તમને વાંધો નહીં હોય તો અહીં જ પીએ.''

''ઓલ રાઈટ!''

ત્યાર પછી ધીરેધીરે બાગકામ સીવાયની વાતો પણ થવા માંડી. બન્ને એકબીજાને વધારે ઓળખવા લાગ્યા; પણ અંગતજીવનની એક અદૃશ્ય દીવાલ કોઈએ ઓળંગવાનો પ્રયત્ન ન કર્યો.

એને લીધે સારું લાગતું હતું. બંને દુરના દુર; છતાં પાસે, બે ટાપુના રહેવાસી જેવા. ક્યારેક શારીરીક તકલીફોની વાતો નીકળતી; પણ એમાંય કશા લાગણીવેડા નહીં. પોતપોતાનું સ્વમાન અને સ્વતંત્રતા જાળવવા છતાં; બંને નીકટ

આવતા જતા હતા અને આ આધેડ વયે આટલી માપસરની આત્મીયતા એક સદ્ભાગ્ય જેવી લાગતી હતી.

બાકીની જીન્દગી આમ જ આરામદાયક રીતે વીતી જાત. એક આછી ખુશ્બો ક્યારે આવે ન આવે; પણ એની હાજરી ભુલાય નહીં એવી જાતનો એ સંબંધ મનને સંતોષ આપતો હતો. અને એમાં ક્યારેય કાંઈ ફરક પડે એવું લાગતું નહોતું.

પણ ચાર દીવસ સુધી નારાયણરાવ દેખાયા નહીં ત્યારે સંપતને લાગ્યું કે એમની તપાસ કરવી જોઈએ. ખાસ પ્રસંગે બહાર જવાનું થાય ત્યારે જે સારાંમાંનાં ઈસ્ત્રી કરેલાં કપડાં કબાટમાંથી કાઢવામાં આવતાં તે પહેરીને એ નીકળ્યો અને વાડમાંના છીંડામાંથી નહીં; પણ વ્યવસ્થીત રીતે દરવાજેથી નારાયણરાવના બાગમાં ગયો.

ઘરની અંદર જવાની જરુર પડી નહીં. નારાયણરાવ ઓટલા પર જ બેઠા હતા. સંપતને જોઈ એમણે હાથ ઉંચો કર્યો અને જરા ખસીને પોતાની પાસે બેસવાની જગ્યા કરી. સંપતને ન ગમ્યું. એનાં કપડાં મેલાં થવાનાં; પણ આખરે એ ત્યાં જ ઓટલા ઉપર નારાયણરાવની પાસે બેસી ગયો.

કશા સવાલ–જવાબ થયા નહીં. જાણે આવી રીતે ત્રણચાર દીવસે દેખાવું અને આમ પાસે પાસે બોલ્યા વગર બેસવું એ જ ખુબ સ્વાભાવીક છે.

પાએક કલાક પછી નારાયણરાવે કહ્યું, ‘‘હવે જો અહીં કોઈ સ્ત્રી હોય તો બોલ્યા વગર રહે જ નહીં.’’

‘‘એ લોકોને એવી ટેવ હોય છે.’’

‘‘ઠીક છે, થોડુંઘણું બોલે તે ચલાવી લેવાય; પણ એ તો પુછી પુછીને માથું ખાઈ જાય–તમે જાણો છોને?’’

‘‘હા, અને પછી ચીડાય!’’

‘‘કે રડે!’’

‘‘થાક લાગે એમની સાથે રહેવાનો.’’

‘‘હં... જો કે કેટલાક ફાયદા ખરા.’’

‘‘ઠીક હવે. પૈસા હોય અને સારા નોકરો હોય તો કંઈ વાંધો ન આવે.’’

‘‘બરાબર. સારા પાડોશી હોય તો વળી વધારે સારું.’’

‘‘હં.’’

સ્મીતની નહીં; પણ નજરની આપ–લે થઈ અને બાગની હવા કંઈક વધારે સુખદાયક લાગી.

‘‘સંપત!’’

‘‘શું કહો છો?’’

‘‘બને તો આ લોકોથી દુર જ રહેવું. જેમ બને તેમ દુર. ઠીક છે, મા તો જાણે હોય, બહેનનેય નીભાવવી પડે; બાકી આ માસી–કાકી–મામી–ફોઈ એ બધાં લફરાંમાં પડવા જેવું નહીં.’’

‘‘કેટલીક વાર ભાભીઓ હોય છે.’’

‘‘હા, એ વળી વધારે વળગતી આવે. પણ ટુંકમાં, એ બધાં એવાં ને એવાં. આપણને શાંતીથી જીવવા ન દે.’’

‘‘ખરું છે.’’

મૌનના થાંભલાઓ પર સંમતીનો ઘુમટ રચાઈ ગયો; પણ મનમાં જાગેલા મહાપ્રશ્નને કોઈએ હોઠ પર આવવા દીધો નહીં.

અંધારું થવા આવ્યું એટલે સંપત હળવે રહીને ઉઠ્યો. નારાયણરાવે બેઠાં બેઠાં જ કહ્યું, ‘‘કાલે તો હું આવીશ. તમારી ગુલછડીમાં એક્કે ફુલ આવ્યું?’’

‘‘ના, પણ ડોડા મજબુત છે. એકદમ ભરચક.’’

‘‘તો સારું. બહુ પાણી નહીં નાખતા.’’

‘‘ના.’’

રાતે સુતાં સુતાં સંપતને વીચાર આવ્યો, નારાયણરાવના મન પર કશોક ભાર તો છે. પણ... હશે, એમને જરુર લાગશે તો એમની મેળે કહેશે.

બીજી સાંજે નારાયણરાવ વાયદા પ્રમાણે આવ્યા. ગુલછડી ઉપરાંત બીજા પણ કેટલાક છોડવાનું નીરીક્ષણ થયું; પણ કશી ખાસ વાત નહીં થઈ. તોય એવું લાગતું હતું કે એકાદ મનમોજી પતંગીયું હળવેથી તરતું આવીને કોઈ ફુલ પર ચક્કર મારે છે–જાણે હમણાં બેસે, હમણાં બેસશે પણ આખરે ઉડી જાય છે.

સંપતે સચીંત ભાવે નારાયણરાવ સામે જોયું. એની આંખોમાં ઈન્તેજારી તો જરાક જ હતી.. બાકીની બધી લાગણી હતી–નામ ન પડાય એવી; છતાં સાચી.

નારાયણરાવ ઢીલા પડ્યા. એમનાથી બોલાઈ ગયું, ‘‘સંપત, એક વાત કહું?’’ પછી વળી સંપત જવાબ આપે ન આપે તે પહેલાં જોરથી બોલ્યા, ‘‘કંઈ નહીં; કાલે વાત.’’

રીવાજ નહોતો છતાં સંપત દરવાજા લગી વળાવવા ગયો અને બહુ ધીમેથી બોલ્યો, ‘‘કંઈ કામ હોય તો કહેજો.’’

‘‘હં.’’

નારાયણરાવ ગયા. સંપત થોડી વાર ઉભો રહ્યો. એને યાદ આવ્યું, નાનો હતો ત્યારે પહેલી વાર બાપુ જોડે બૅન્કમાં ગયેલો–લૉકર ખોલવાની કેટલી અટપટી વીધી! મનની વાત કહેવાનુંય સહેલું નથી. તોય પોતાનો વાંક તો કહેવાય. પુછવું

જોઈતું હતું. બહુ બહુ તો વાત ન કરત. એમાં શું અપમાન થઈ જવાનું હતું? પણ આજે તો એ તક ગઈ.

બીજે દીવસે ગુરુવાર હતો. નારાયણરાવ રોજ કરતાં વહેલાં આવ્યા. એમના મનનો અજંપો અગરબત્તીના ઝીણા ધુમાડા જેવો ઘડી ઘડી અસ્થીરપણે દેખાતો હતો અને અલોપ થઈ જતો હતો. સંપતે નક્કી કર્યું કે આજે તો જે થાય તે, પુછી જ નાખું.

પણ એને પુછવું નહીં પડ્યું.

ગોરખઆમલીનાં ખુબ ઉંચે વધી ગયેલાં પાન સામે સ્થીર દૃષ્ટી કરીને નારાયણરાવ બોલ્યા, ‘‘જાનકીનો કાગળ આવ્યો છે.’’

‘‘જાનકી?’’

‘‘હં. મારી વાઈફ, એક્સ વાઈફ–જે કહેવું હોય તે. અમે કાયદેસર રીતે છુટાં પડી ગયાં છીએ. આમેય છુટાં જેવાં જ હતાં.’’

સંપત હોંકારો ભણ્યા વગર ધ્યાનથી સાંભળતો રહ્યો.

‘‘હવે આટલા બધા વખત પછી એણે કાગળ લખ્યો છે. એ–એ પાછી આવવા માગે છે.’’

પર્વતની ટોચેથી ગબડતો આવતો પથ્થર રસ્તો રૂંધીને સ્થીર થઈ ગયો. કેટલો વખત ગયો તેનો કંઈ ખ્યાલ રહ્યો નહીં. અચાનક નારાયણરાવે આવેશમાં આવીને બોલવા માંડ્યું.

‘‘શા માટે? મેં એનું શું બગાડયું છે? શા માટે એણે પાછા આવવું જોઈએ? પહેલાં કંઈ એણે ઓછું વીતાડયું છે મને? અને હવે તો બધું પતી ગયું છે. એને જે જોઈતું હતું તે બધું એને મળી ગયું છે – ને મને– મને પણ એકલા રહેવાની ટેવ પડી ગઈ છે. છોકરાં હોત તો જુદી વાત હતી. આ તો કોઈ કરતાં કોઈ કારણ જ નથી સંપત, સમજ્યા તમે? શા માટે એ મને ફરી વાર સતાવવા માગે છે? એને શો હક્ક છે? કોઈ નહીં, કોઈ જ નહીં. અને એ કેવી છે, જાણો છો?

‘‘એક મીનીટ તમને જંપીને બેસવા ન દે. બધી વાતમાં–તમારી એકેએક વાતમાં એ માથું મારે અને એની નાપસંદગી એકધારા તીણા અવાજે જણાવ્યા જ કરે. તમે સાંભળવા જીવતા રહ્યા છો કે મરી ગયા છો એની પણ એ પરવા ન કરે. બસ– બોલ્યા જ કરે! આવી બાઈને ઘરમાં શી રીતે આવવા દેવાય? અને તે પણ આ ઉંમરે! શાંતીનાં બેચાર વરસ બાકી રહ્યાં હોય ત્યારે? ના, હું એને નથી આવવા દેવાનો. ભલે એનાથી થાય તે કરી લે!’’

ગુસ્સાથી લાલ થઈ ગયેલા ચહેરા પર નારાયણરાવે હાથ ફેરવ્યો; જાણે મોં ધોઈ નાખ્યું.

‘‘તો તમે એને – એ જાનકીબહેનને ના લખી દો ને?’’

‘‘એ જ છે ને! સંપત, મને મારા પર ચીડ ચડે છે... પણ મેં એને હા પાડી દીધી.’’

‘‘ઓહ!’’

‘‘શું કરું?’’ નારાયણરાવે મોં ફેરવી લીધું; પણ એમનાં આંસુ એમના ચહેરાને, એમના અવાજને, એમની ઉભા રહેવાની આખી ઢબને હચમચાવી નાખીને વહેવા લાગ્યાં.

સંપત એમની સામે જોઈ ન શક્યો. ધરતીકંપથી તુટી પડતા મીનારા સામેથી નજર ખસેડાય નહીં અને જોવાય પણ નહીં; એવો એ પળે એના મનનો ઘાટ હતો. એણે મુંગામુંગા હાથ હલાવીને હળવેથી નારાયણરાવના ખભે હાથ મુક્યો. નારાયણરાવે જરા વાર એ રહેવા દીધો અને પછી આસ્તેથી ખસેડી નાખ્યો.

સ્વસ્થ થયા પછી એ બોલ્યા, ‘‘સંપત! એ દુખી છે. ખુબ દુખી. શું કરું? એક વખત તો મેં એનો હાથ પકડયો હતો. આજે એનું કોઈ નથી ત્યારે હું એને આશરો આપવાની ના પાડું? એ કેમ બને? એટલે – હવે મેં લખી દીધું છે અને કાલે સવારે એ આવશે...

“મારે આ બધું તમને કહેવું જોઈએ; કારણ કે કાલથી આપણે આમ મળી નહીં શકીએ... મારી જીન્દગી બદલાઈ જશે, હું બદલાઈ જઈશ – મને મળવાની તમને મજા નહીં આવે. કોઈને મજા નહીં આવે, સમજો છો, સંપત?”

સંપતે જવાબ ન દીધો. એને પોતાના અવાજનો ભરોસો નહોતો.

–ધીરુબહેન પટેલ

‘નવનીત–સમર્પણ’ના નવેમ્બર ૨૦૦૪ના ‘દીપોત્સવી વીશેષાંક’માંથી સાભાર...

સંપર્ક : હંસરાજ વાડી, ટાગોર રોડ, સાંતાક્રુઝ–પશ્ચીમ, મુંબઈ–૪૦૦ ૦૫૪ ફોન: ૦૨૨–૨૬૪૬ ૧૬૪૯ અને સી–૮, રાજહંસ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬ ફોન: ૦૭૯–૨૬૩૦ ૮૭૧૭ મોબાઈલ : ૯૯૬૯૩ ૨૦૦૨૭

@

133 : 23-12-2007

# ગઝલ–લક્ષ્મી

-લક્ષ્મી ડોબરીયા

અનુક્રમણીકા

## .૧. (પાન–૪3 )

અહમ્ છોડી દઈ, તું વાત પોતાની; કરી તો જો,
અરીસો બોલશે સાચું, ચહેરો તું ધરી તો જો!

નસીબે હોય તો મળશે, ભલે પાસા પડે અવળા,
સમયનું રુપ ધારીને, સમય સાથે સરી તો જો!

નહીં દેખાય, એવાં ઝાંઝવાં છે આંખની અંદર,
તને, એ આપવા તૈયાર છું, ખોબો ભરી તો જો!

કરે છે, સાત દરીયાને તરી જાવાનો દાવો તું,
છલોછલ લાગણીનું છે સરોવર, એ તરી તો જો!

પછીથી ઉંઘ આંખોમાં નહીં આવે કદી લાંબી,
ખુશીથી વેદના, સંવેદના સાથે ફરી તો જો!

## .૨. (પાન–૪૭)

સમયને હાથ જોડ્યા તોય, પાછો ક્યાં વળે છે જો?
અને, માગ્યા વગર પીડા બધી, આવી મળે છે જો!

કદી વાસંતી સપનાં આંખમાં રોપ્યાં હતાં એથી,
હવે તો પાનખર પણ, થૈ ગુલાબી ને ફળે છે જો.

હથેળી બંધ છે ને, કાલ પણ એમાં સલામત છે,
છતાંયે બીક રાખી, 'આજ' કેવી સળવળે છે જો?

છલોછલ, બારમાસી લાગણી કેરા સરોવરમાં,
અધુરી ઝંખના, ટોળે વળીને ટળવળે છે જો.

સમય, સંજોગ ને ગ્રહોતણા, માંડીને વરતારા,
તું મનગમતી કરીને વાત, ખુદને પણ છળે છે જો!

## .3. (પાન–૪૮)

દુઆઓ હાથને, બે આંખની એવી ફળી, આજે;
ખુશીની ચાર પળ સંગે, ઉદાસી પણ મળી આજે!

હવા પાસે હતા ટહુકા વસંતોના, જરીક લીલા,

અને જો પાનખરની પીડ પણ એમાં ભળી આજે!

કરીને લાખ કોશીશ હું સમય સાથ ચાલી, પણ–
મીલનની આખરી આશા, નીરાશામાં ઢળી આજે!

થઈ ઉદાર ને, આપી ખુશી; લીધું દરદ સઘળું,
વીતેલી ક્ષણ, તરત અવસાદથી પાછી વળી આજે!

નથી પાળી, નથી પોષી, અદીઠી ને અજાણી છે,
છતાંયે જીવ સાથે, ઝંખનાને સાંકળી આજે!

## .૪. (પાન–૫૦)

શ્વાસ રોકી ને યુગોથી, જોઈ મેં તો રાહ છે!
સાવ તળીયે મેં છુપાવી, તોય નીકળી આહ છે!

મેં લખી’તી વારતા, તુટી ગયેલાં સ્વપ્નની,
હું દીલાસો ચાહતી’તી પણ; મળી એ દાહ છે!

કોણ, કોને સાંભળે? એ વાતની તકરારમાં,
મૌનની ભાષા ઉકેલી, શબ્દ તો ગુમરાહ છે!
નામની માળા જપો, કે નામની આપો કસમ,

એકમાં અગીયાર છે, એ ઓમ્ ને અલ્લાહ છે!

## .૫. (પાન–૫૨)

કાં લાગણી, કાં વેદના, કળતર મળે!
અપવાદથી ખાતાવહી સરભર મળે!

તારી કને પથ્થર સરીખા પ્રશ્ન ને–
મારી કનેથી, ફુલ સમ ઉત્તર મળે!

મનડા મહીં ઘુંટ્યા કરું છું, રંગ હું,
નીશ્ચીંત છું; ફાગણ મળે, ચૈતર મળે!

છે સાર, મારી જાતનો બસ એટલો–
દુ:ખો સતત ને સુખ અહીં પળભર મળે!

અસ્તીત્વ મારું દંભ છે, સાબીત થયું,
દર્પણ મહીં ચ્હેરો જુદો નહીંતર મળે?
એથી ગઝલને નોંતરું છું જીવથી,
કે, શબ્દ રુપે આખરે ઈશ્વર મળે!

## .૬. (પાન–૫૩ )

કારણ અગર આપી શકે, અટકળ તણાં સંદર્ભમાં,
તો ધારણા તું બાંધજે, મૃગજળ તણા સંદર્ભમાં!

પુજા કરીને રીઝવ્યા છે શબ્દને, એથી જ તો–
બોલી શકી વ્યથા હવે, અંજળ તણા સંદર્ભમાં!

સંયોગ કેરા યોગથી, જો દ્વાર પર આવી ખુશી,
થીજી જશે જો સમય, એ પળ તણા સંદર્ભમાં!

નો'તી ખબર રુઝાયેલા ઝખ્મો બધા તાજા થશે,
ચર્ચા કરી'તી મેં સહજ, બાવળ તણા સંદર્ભમાં!

આકાશની ઉદારતા ઓઢી, ધરા ખીલી ગઈ,
દ્વીધા અને મંથન હવે છે, ફળ તણા સંદર્ભમાં!

પાંપણ ઉપર મ્હોર્યો હતો, ફાગણ મઝાનો કેસરી,
વાતો કરે છે કેસુડાં, કાજળ તણા સંદર્ભમાં!

## .૭. (પાન–૫૪)

પાંદડું બોલ્યું હતું, કુટવાની ક્ષણ વીશે,
સાંભળી ફુલો હસ્યાં, ચુંટવાની ક્ષણ વીશે!

આજ મેં ઢાળી નજર, તો સમય થંભી ગયો,
શબ્દને સમજાવવા, ઘુંટવાની ક્ષણ વીશે!

આંખમાં સપનું જરી, બેસવા આવ્યું હતું,
તો, હકીકત ચેતવે, તુટવાની ક્ષણ વીશે!

સામસામા દોડશે એક થાવા રણ મહીં,
ઝાંઝવાં જો જાણશે, ખુટવાની ક્ષણ વીશે!

મૌનના ખડકો પછી, ઓગળી છલકી જશે?
જો ખબર પડશે તને છુટવાની ક્ષણ વીશે!

## .૮. (પાન–૫૬)

ટહુકો ઓઢી પીડા આજે, ડાળે ડાળે ફરવા જાય,
ભીતરના ખાલીપાને, એ પડઘા પાડી ભરવા જાય.

સંજોગો ચાલ્યા લાગે છે, ઉંધા પગથી આડી ચાલ,

એથી તો ના કરવાનાં સૌ; કાર્યોને મન કરવા જાય.

વૃક્ષોના થડમાં સીંચે છે, તમરાં લીલાં–પીળાં ગીત,
ને, અંધારાના દરીયામાં, ઝગમગ ચાંદો તરવા જાય!

વીતેલી ક્ષણ ક્ષણને મેં તો, મુઠ્ઠીમાં રાખી છે કેદ,
હંસો જેવી દૃષ્ટી લઈને, શમણાં એને ચરવા જાય.

આછાં આછાં અંધારાંમાં, મોતી વરસ્યાં આખી રાત,
ફુલો એને ઝીલીને લ્યો, અજવાળાંને ધરવા જાય!

## .૯. (પાન–૫૭)

આસમાની ખેતરે
ચાંદની ફ્હેરો ભરે!

નાવ મઝધારે હતી,
ને, કીનારો થરથરે!

આખરે જો લાગણી,
વેદનાને નોતરે.

કાનમાંથી નીકળી

વાત પ્હોંચે ચોતરે.

વાંસળીની પીડ, ખુદ–

વાયરો લઈને ફરે.

ટાંકણું થૈ છંદ આ,

શબ્દ કેવા કોતરે!

સ્મીત જેવું સ્મીત પણ,

ઘાવ જુના ખોતરે!

–લક્ષ્મી ડોબરીયા

સંપર્ક : ‘સમન્વય’ ૯–નેહરુનગર, નાના મવા રોડ,

રાજકોટ–૩૬૦ ૦૦૪ ફોન : (૦૨૮૧)૨૩૩ ૨૧૬૯

‘શ્રી ગઝલ’ – પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ (પ્રકાશક: ‘રચના’ પરીવાર, રાજકોટ, મુખ્ય વીક્રેતા: પ્રવીણ પુસ્તક ભંડાર, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧ ફોન: ૦૨૮૧–૨૨૩ ૨૪૬૦, ૨૨૩ ૪૬૦૨, મુલ્ય– રુપીયા: ૫૫ , પ્રથમ આવૃત્તી: ૨૦૦૫, પુનર્મુદ્રણ–૨૦૦૫)માંથી સાભાર...

@

134 : 30-12-2007

# ચાલુ દીવસની સવાર– કૅનેડામાં

(સત્યકથા)

–સુરેશ જાની(અમેરીકા)

અનુક્રમણીકા

સવારના સાડા છનો સુમાર હતો. બેબી(મારી દીકરી સ્તો!)ને જોબ પર જતાં પહેલાં નાસ્તો કરવાની ઉતાવળ હતી. જમાઈ બીચારા ચીંતામાં હતા, તેમનાં મોજાં જડતાં ન હતાં. બાબલાનું રમકડું ખોવાયું હતું અને તે માટે તે ચીંતાતુર હતો. બાબલો (બેબીનો જ તો!) આ બધી ધમાલથી છટકવાના ઈરાદે બોલ્યો, "નાના, તમે પ્રાણાયામનું કહેતા હતા ને? તે મને શીખવાડો." મારા રીટાયર થયા બાદ હજુ ગઈ કાલે તો અમે અમદાવાદથી ઓટાવા(કૅનેડા) બેબીને ઘેર આવ્યાં હતાં. મને શુર ચડ્યું. ચાલ બાબાને ભારતીય સંસ્કૃતીનો પહેલો પાઠ આપવાનું આજથી જ શરૂ કરી દઉં.

મેં મારી 'એ'ને કહ્યું – "ચાલ ઘરની બહાર ઓટલા પર પ્રાણાયામ કરીએ. ચાલ, બાબલા! મઝા પડશે." બાબલો આ નવા સાહસની શક્યતાથી ઉત્સાહમાં આવી તૈયાર થઈ ગયો. મારાં પત્ની પણ બહાર આવી ગયાં. અમે પ્રાણાયામનો કાર્યક્રમ શરૂ કર્યો. થોડી વારે જમાઈ દરવાજામાંથી બહાર આવ્યા અને

બારણું લૉક કરીને વીદાય થયા. પાંચ મીનીટમાં બેબી પણ ગૅરેજમાંથી ગાડી કાઢીને અમને ‘‘બાય’’ કહીને વીદાય થઈ.

કૅનેડીયન ઘરની બંધીયાર હવામાં નહીં પણ; બહારની શુદ્ધ હવામાં કસરત અને પ્રાણાયામ કરીએ, તો તબીયત કેવી બને તેવું મારું ભાષણ બાબલો ધ્યાનપુર્વક સાંભળતો હતો. સાથે સાથે મારી ચાર મણની કાયાને અને ખાસ તો તેના શણગાર રુપ મારા પેટને જોવાની મઝા માણતો હતો. મારાં પત્ની એક ચીત્તે તેમની નમણી કાયા, પાછલી ઉમ્મરમાં પણ સોળ વર્ષની કન્યા જેવી રહી શકશે તેના ઉત્સાહમાં બરાબર વ્યાયામ–વ્યસ્ત હતાં.

‘‘હવે ચાલો ઘરમાં જઈએ,’’ થાકેલા સ્વરે હું બોલ્યો. આખા લશ્કરે ઘરના બારણા ભણી વીજયયાત્રા આરંભી. બાબલો સૌથી આગળ. પેલું ખોવાયેલું રમકડું હવે પાછું યાદ આવ્યું હતું, તે મળશે એ આશાએ તે વધુ ઉત્સાહીત જણાતો હતો.

પણ, બારણું તો બંધ! વળી ઘરમાં તો કોઈ હતું જ નહીં. આ સાવ અવનવા દેશનાં બારણાં પણ કેવાં? ઓટોમેટીક તાળું વસાઈ જાય! ક્યાં તો અંદરથી ખોલો અથવા ચાવી હોય તો બહારથી ખોલીને અંદર જાઓ.

હવે શ્રીમતીજીના સોળ સાલની સુંદરી થવાના સપનાંઓ પર પાણી રેડાઈ ગયું. ‘‘તમને આવા ચાળા સુઝે છે! હવે શું થશે?’’ તેઓ વદ્યાં.

હું તો હતપ્રભ જ થઈ ગયો હતો. નોકરી કરતો હતો ત્યારેય આવા ધર્મસંકટમાં કદી પડ્યો નહોતો. મૅડમનો કકળાટ ચાલુ જ હતો. હવે કરવું શું? પાસે ફોન પણ નહીં! અને કોઈ અડોશી–પડોશી પણ દેખાય નહીં! બધાનાં બારણાં બંધ અને સાવ અજાણ્યાના ઘરે જવાય પણ શી રીતે? અને પાછી ધોળા લોકોની વધારે પડતી શીસ્ત! આપણે તો બાપુ, જબરા હલવાણા!

પણ આ કૅનેડામાં ઉછરતી નવી પેઢી સ્માર્ટ ઘણી હોં 1 પોયરાના તરોતાજા દીમાગમાં ઝબકારો થયો. તે કહે, ‘‘મારી બેબી–સીટર સાવ નજીકમાં રહે છે. ચાલો નાના, ત્યાં જઈને મમ્મીને ફોન કરીએ.’’

અમારું લશ્કર તો ઉપડ્યું બેબી–સીટરને ઘરે! બાબલો અને નાની તો કંઈક વ્યવસ્થીત પોશાકમાં હતાં; પણ બંદા તો ચડ્ડી – બનીયનધારી! અને ત્રણેય ખુદાબક્ષો વળી અમદાવાદી હોલબુટમાં–એટલે કે ખુલ્લા પગે! બધું હાઉસન–જાઉસન તો ચાલ્યું. આગળ આ નવા સાહસથી ઉત્સાહમાં આવી ગયેલો, અને આટલા મોટ્ટા માણસોના ગાઈડ થવાની, અણધારી બઢતી મળ્યાની તકથી ઉછળતો બાબલો! પાછળ ચીંતાગ્રસ્ત વદને અને થોડા ક્ષોભવાળા ચહેરે હું અને સૌથી પાછળ ફ્યુઝ ઉડી ગયેલી નાની!

રસ્તામાં સ્વાસ્થ્ય માટે બહુ સભાન અને સવારના પહોરમાં ચાલવા નીકળેલા કૅનેડીયન નર–નારી, વીસ્ફારીત નજરે અમને નીહાળી રહ્યાં હતાં. અમે તો મીંયાની મીંદડીની જેમ નજર નીચી કરીને ધસમસતાં હતાં. ક્યારે બેબી–સીટર બેનશ્રીનું ઘર આવે અને અમારા આ ધર્મસંકટનો અંત આવે.

એટલું સારું હતું કે બાબલો સૌથી વધારે મુડમાં હતો. જો રડતો હોત તો, કોઈ શીશુ–સાથી, પરોપકારી સજ્જનની કૃપાથી અમે પોલીસથાણે પણ પહોંચી ગયાં હોત–આ અવનવા દેશમાં!

છેવટે અમે ત્યાં પહોંચ્યાં. પેલાં બહેન તો અમારા દીદાર જોઈને ડઘાઈ જ ગયાં! પણ મામલો સમજાવતાં બધું થાળે પડ્યું. દીકરી સાથે વાત થઈ ગઈ, પંદરેક મીનીટમાં તે આવી ગઈ અને અમને યથાસ્થાને પાછાં સુખરુપ ગોઠવી પણ દીધાં. ઘટનાનું પુનરાવર્તન ન થાય તે શુભાશયથી, સાંજે અમને ચાવીની બીજી નકલ પણ મળી ગઈ!

પણ એ અડધોએક કલાકની કૅનેડાની પહેલી સવાર જીન્દગીભર યાદ રહી જશે.

(એક મીત્રની આપવીતી પર આધારીત સત્યકથા)

.૨.

## સ્લમમાં સફર

૧૯૯૯ની સાલની આ વાત છે. હું તે વખતે ઈલેક્ટ્રીસીટી કમ્પનીના એક ઝોનમાં કામ કરતો હતો. મોટા શહેરોમાં વીજળીનાં વીતરણનાં કામને પહોંચી વળવા શહેરના જુદા જુદા વીસ્તારોના નાના ઝોન અથવા વીભાગ બનાવવામાં આવે છે. મારા ઝોનના ચાર્જમાં હું હતો એટલે, બધા મને રીપોર્ટ કરતા હતા. આવા ઝોનમાં તો જાતજાતનાં અને ભાતભાતનાં કામો હોય. એક નાનકડી કમ્પની જ જોઈ લ્યો! વીજળીની ચોરી પકડવાનું અને અટકાવવાનું કામ પણ આના એક ભાગરુપે. બહુ જ ગંદું અને મુશ્કેલ; પણ અત્યંત જરુરી આ કામ. મારો ઝોન અમારી કમ્પનીમાં સૌથી મોટો. એટલે બધી જાતના ઘરાકો અમારા વીસ્તારમાં હતા.

એક દીવસ અમારા મીટર રીડીંગ ખાતાના અધીકારીએ ચર્ચા દરમીયાન એવો રીપોર્ટ આપ્યો કે એક ગામ પાસે આવેલ ‘...નગર’ નામના સ્લમ વીસ્તારમાં વ્યાપક પ્રમાણમાં ચોરીઓ થાય છે. મેં મનોમન ત્યાં ધાડ–દરોડો પડવાનું નક્કી કર્યું. અમે આવા નીર્ણયો અગાઉથી જાહેર નથી કરતા હોતા. બધી તૈયારીઓ પતે પછી છેલ્લી ઘડીએ જ, સ્થળથી એકાદ માઈલ છેટા હોઈએ, ત્યારે સ્થળનું નામ જાહેર કરીએ, જેથી ગુપ્તતા

જળવાય અને દરોડાની માહીતી ગુનેગારો સુધી પહોંચી ન જાય.

બહુ મોટો વીસ્તાર હતો, અને મને પણ સ્લમ વીસ્તાર જોવાની ઈચ્છા હતી, માટે હું પણ આ ધાડની કામગીરીમાં જોડાયો. અમારી ફોજ બહુ મોટી હતી. બીજા બે ખાતાંઓનો સહકાર પણ લીધો હતો. મારી સાથે સોએક માણસોનો સ્ટાફ, વાહનો, બંદુકધારી સીક્યોરીટી ગાર્ડ અને બીજી સામગ્રી હતાં. મારી સરદારી નીચે બધું હાઉસન– જાઉસન ત્યાં પહોંચ્યું. અમે કામગીરી શરુ કરી.

આમ તો એ ઝુંપડપટ્ટી ન હતી. સરકારી ખાતાએ બાંધેલાં પાકાં મકાનો હતાં. પણ એક રુમ અને રસોડાનાં એ મકાનો ઝુંપડપટ્ટીને પણ શરમાવે તેવાં હતાં. મકાનોની દરીદ્રતાની સાક્ષી પુરતાં બધાં ચીહ્નો ચારે બાજુ દૃષ્ટીગોચર થતાં હતાં. દરેક મકાનને એક કેબલ વડે પાવર આપવામાં હતો. અમે જોયું કે મોટા ભાગનાં મકાનોમાં આવા કેબલ પર એક જગ્યાએ કાળી ટૅપ મારેલી હતી અને તેમાંથી એક પાતળો વાયર ઘરમાં જતો હતો. અમે ટૅપ ખોલીને જોયું, તો તેમાં બે પાતળી ખીલીઓ ઠોકેલી હતી અને તે ખીલીઓ સાથે પેલો પાતળો વાયર જોડેલો હતો. આમ મીટરની આગળથી જ, સાવ અણઘડ રીતે, પાવર ચોરી લેવામાં આવતો હતો.

અમે તે બધી સામગ્રી કાઢી નાંખી અને તે મકાનને સપ્લાય આપતી સ્વીચમાંથી ફ્યુઝ કાઢી નાંખ્યા. આ અંગેની કાયદાકીય નોટીસ પણ તે મકાનમાં હાજર બાઈને આપી દીધી. તે બાઈ તો ઓશીયાળી નજરે અમારી સામે જોઈ રહી. રડું રડું થતી તેની આંખ કાંઈક કહી રહી હતી. મને જરા ઉત્કંઠા થઈ. મેં તે બાઈને પુછ્યું , ‘‘તમારે કાંઈ કહેવું છે?’’

ડુમાથી રૂંધાયેલા અવાજે તે બોલી, ‘‘સાયેબ, હો રુપીયા દાદાને આલવાના ચ્યાંથી લાઈશું?’’ મને થયું : આ કોની વાત કરે છે?

મારી સાથેના આ વીસ્તારના જાણકાર ઈલેક્ટ્રીશીયને મને કહ્યું, ‘‘આ વીસ્તારના નામચીન ‘...દાદા’ની તે વાત કરે છે. આપણે જઈએ પછી, સો રુપીયા લઈને ‘દાદા’નો માણસ ફરી પાછો સપ્લાય આપી દેશે! જેની પાસે રુપીયા હોય તે જલસા કરે. દર મહીને પચાસ રુપીયા ‘દાદા’ને આપવાના. આપણી કમ્પનીને ડીક્કો!’’

હું તો હેબત જ ખાઈ ગયો! આખું સમાંતર તંત્ર ચાલે! અને અમારા પાવરના જોરે ‘દાદા’નો ‘પાવર’ અને ‘પાવર સપ્લાય’ વધતો જ જાય! (એ વખતે મને કોઈ ‘દાદા’ નહોતું કહેતું – મોટ્ટો સાયેબ મુઓ’તો ને!)

હવે મને અમારા આખા ઓપરેશનની વ્યર્થતા સમજાઈ. કશો અર્થ જ નહોતો. ઉલટાનું અમારી ધાડથી તો ‘દાદા’ને બીજી

વધારાની આવક થવાની હતી! પાવરના ‘રી–સપ્લાય’ દ્વારા! વધારે દુષણો પોસાવાનાં હતાં!

વ્યગ્ર ચીત્તે હું તે મકાનથી આગળ જવા નીકળ્યો. બાજુના ઘરની બહાર એક ખાટલા પર ધોમધખતા તડકામાં એક દમીયલ ડોસો ખાંસતો પડ્યો હતો. તેના તુટેલા–ફુટેલા ખાટલા માટે ઘરમાં કોઈ જગ્યા ન હતી. આ ‘એરકંડીશન્ડ’ (!) જગ્યા તેને ફાવી ગઈ લાગતી હતી. સુતાં સુતાં જ તે આજુબાજુ ગળફા થુંકતો હતો. બાજુમાં જ બે સાવ નાગાંપુગાં બાળકો ધુળમાં મજાથી રમતાં હતાં.

થોડેક આગળ ગયા. દુરથી બીહામણા દેખાવવાળા, લુખ્ખા જેવા બે ત્રણ માણસો અમારી પ્રવૃત્તી નીહાળી રહ્યા હતા. મેં પેલા જાણકારને પુછ્યું કે, ‘આ કોણ?’

તેણે કહ્યું, ‘‘દાદાના માણસો છે. આપણા જવાની રાહ જોઈ રહ્યા છે. આપણે જઈએ પછી તેમની ઉઘરાણી અને રી–સપ્લાયની (!) કાર્યવાહી શરુ. આપણા પર એ લોકો વારી ગયેલા છે– આજે વધારાની આવક થવાનીને!’’

થોડે આગળ ગયા. ત્યાં એક મકાનના બારણામાં આવા બીજા બે લુખ્ખાઓ બેઠેલા હતા. મને કહેવામાં આવ્યું કે તેઓ ‘બેવડા’નું વેચાણ કરે છે. તેમણે મને પણ પુછ્યું, ‘‘સાયેબ, દેશીનો ‘ટેસ’ કરવો સં? વીલાયતીય સં – તમને મફતમાં ‘ટેસ’ કરાવહું.’’

આ હતું ગાંધીજીના ગુજરાતના મુખ્ય શહેરમાં દારુબંધીનું વરવું ચીત્ર!

વળી આગળ ગયા. એક મકાનના બારણામાં આંખોના નીર્લજ્જ ઈશારા કરતી, સોળેક વરસની બે છોકરીઓ ઉભેલી હતી. અડધી ખુલ્લી છાતીમાંથી ખીલતું જોબન લુંટાવા માટે લચકી રહ્યું હતું. તેમણે સાવ નાની ચડ્ડી પહેરેલી હતી અને તેમનો એક હાથ પોતાની ખુલ્લી સાથળ ઉપર સુચક રીતે ફરી રહ્યો હતો.

હવે તો મારી ધીરજનો અંત આવી ગયો. હું મારી જાતને બહુ જ અસહાય અને અકાર્યક્ષમ થયેલી જોઈ શક્યો. મારા અધીકારીઓને હું મોટેથી બરાડીને બોલ્યો, ‘‘ચાલો પાછા, ઓપરેશન બંધ! આ ધાડનો કોઈ અર્થ જ નથી.’’

અમે બધા વ્યગ્ર ચીત્તે ઓફીસે પાછા ફર્યા.

પણ ત્રણ દીવસ સુધી મેં જોયેલાં એ વરવાં દૃશ્યો સ્મૃતીપટલને કોરતાં, આક્રોશતાં રહ્યાં. ચીસો પાડી પાડીને સ્લમની એ દુનીયા મારી સભ્યતાને પડકારી રહી હતી. આખા સમાજને પડકારી રહી હતી. સુફીયાણી પંડીતાઈની, સ્વપ્નીલ, રુડી અને રુપકડી આલમની હાંસી કરી રહી હતી. મારા દંભના પડદા વીદારી રહી હતી.

.3.

## પાનખર

તે દીવસે પાર્કની મુલાકાતે ગયો હતો. પાનખર હવે પતવામાં. ઓતરાદા વાયરા અને ઠંડીનો ચમકારો શરુ થઈ ગયા છે. ઠેકઠેકાણે ખરેલાં પાંદડાં પડ્યાં છે. સાવ નીર્જીવ, શબ જેવાં, પવનના ઝપાટામાં દીશાવીહીન, આમથી તેમ અફળાતાં..બીચારાં પાંદડાં!

આ ઝાડની નીચે ઘણાં બધાં પાંદડાંનો ઢગલો પડ્યો છે. આ જ પાંદડાં ઝાડ પર હતાં ત્યારે તેના રંગ કેવા નીખરેલા હતા! કેટલાં સોહામણાં લાગતાં હતાં! માત્ર ઝાડની જ નહીં; આખા પાર્કની શોભામાં ચાર ચાંદ લાગી જતા હતા. અત્યારે એ સાવ મૃત થઈને પડેલાં!

હું થોડો આગળ ચાલું છું. આ બીજા ઝાડ પર તો એકેય પાંદડું બાકી નથી. ઠંડીના ચમકારામાં થરથરતું એ ઝાડ સાવ બોડું થઈ ગયું છે! તેની ઉપર તો શું; નીચેય એક પણ પાંદડું બચ્યું નથી. બધાંયને વાયરાનો સુસવાટો તાણી ગયો છે. તેની બધી સમૃદ્ધી નામશેષ થઈ ગઈ છે.

લ્યો... એની બાજુવાળા આ જનાબ હજી હવે પાનના રંગ ખીલવી, રંગીન મીજાજમાં મહાલી રહ્યા છે! તેમનો વારો હજુ હવે આવશે. પણ અત્યારે તો એ પુરબહારમાં છે. બાજુના મહાશય તો સદાકાળ હરીતપર્ણધારી જ છે. એ તો હંમેશ લીલા

ને લીલા જ! તેમને કોઈ પાનખર વીચલીત કરી શકતી નથી. તેમની ખુમારી તો કાંઈ અજીબોગરીબ જ જણાય છે!

એની બાજુમાં જ એક કાપેલા ઝાડના થડનો, માંડ એક બે ઈંચ ઉંચો પાયો, માત્ર સમ ખાવા માટે ટુંટીયું વાળીને પડ્યો છે – જાણે કે, ઝાડની કબર! તેનો આડછેદ (ક્રોસ સેક્શન) જોતાં એ દાદા 60-70 વરસ જીવ્યા હોય એમ લાગે. લ્યો, આ તો મારા જ સમવયસ્ક નીકળ્યા! તેની બધી ખુમારી ઓસરી ગયેલી છે.

દરેક ઝાડની પોતાની એક ખાનદાની રસમ હોય છે. એનું પોતાનું આગવું એક કૅલેન્ડર હોય છે. દરેકનો પોતાનો એક મીજાજ, એક રંગ, એક નીયત–જીન્દગી હોય છે. તેનો અણુએ અણુ પોતાની પરંપરાને બરાબર પાળે છે. પાનખર હો કે વસંત– દરેક પોતાની નીયતી પ્રમાણે પાંદડાં ધારણ કરે છે અને વીખેરી દે છે. એ પાંદડાંય હંમેશ નથી રહેતાં અને એ થડ પણ નહીં.

પાર્કથી થોડે દુર ઝાડીઓવાળો પ્રદેશ છે. ત્યાં ગીચ ઝાડીની વચ્ચે પવનથી ઉડીને આવેલાં પાંદડાંઓના ઢગના ઢગ પડ્યા છે. વરસાદ આવશે, સ્નો પડશે, માટીના થરના થર તેમને આવરી લેશે. તે સૌ જ્યાંથી પ્રગટયાં હતાં, તે ધરતીનો એક અંશ બની જશે. એમાંથી રસ અને કસ ઉતરી, અન્ય વૃક્ષોનાં મુળીયાં સુધી પહોંચશે. ફરી એ નવપલ્લવીત કુંપળોમાં

રસ સીંચન કરશે. બીજા જ કોઈ વૃક્ષનું કોઈ નવાં જ પાન બની, કોઈ બીજો જ રંગ મઘમઘાવશે અને તે પછીની પાનખરે ફરી પાછાં...

ફરી જન્મ, ફરી મૃત્યુ. આ જ જીવનક્રમ હજારો વર્ષોથી ચાલ્યો આવે છે અને ચાલતો રહેશે.

અને આ પાંદડાંની જેમ હું પણ વાર્ધક્યમાં પ્રવેશી ચુક્યો છું. મારો રંગ તેમના જેવો આકર્ષક નીખાર તો નથી જ આપતો. એક દીવસ તેમની જેમ જ હું પણ ખરી જઈશ. વાયરો મારા અવશેષોને ઉડાડીને ધરતીની સાથે એકરસ કરી નાંખશે. જેણે મારા જીવન દરમીયાન મારું પોષણ કર્યું છે; તે ધરતીના કણકણમાં મારું સમગ્ર અસ્તીત્વ ઓગળી જશે. મને ખબર નથી કે, જેને હું ‘હું’ કહું છું, તેનું પછી શું થશે?!

આ જ તો પાંદડાંની, થડની, મારી અને આપણી સૌની નીયતી છે!

–સુરેશ જાની(અમેરીકા)

સંપર્ક : 3201, Silver point court,MANSFILD,
Texas-76063-USA
Phone - 817- 453- 4759 eMail: sbjani2006@gmail.com
Website : http://gadyasoor.wordpress.com/myblogs/

@

135 : 06-01-2008

# ગઝલ–પાગલ

–દીનેશ કાનાણી ‘પાગલ’

અનુક્રમણીકા

.૧. (પાન–૬૫)

એક માણસ હારવાનો, વારતાના અંતમાં,
હું દીલાસો આપવાનો, વારતાના અંતમાં.

સોળ આના સાવ સાચી વાત લઈને આવજો,
હું, પુરાવો માંગવાનો વારતાના અંતમાં.

પાનખરની કેટલી થઈ છે અસર, એ શોધવા,
ડાળ લીલી કાપવાનો, વારતાના અંતમાં.

હું તમારી જીતનો હીમાયતી છું એટલે,
સાથ કાયમ આપવાનો વારતાના અંતમાં.

કોણ મારા શ્વાસનો હકદાર છે, એ જાણવા,
રાત આખી જાગવાનો, વારતાના અંતમાં.

જીન્દગીભર આપતાં આવ્યાં છો જાકારો ભલે,
હું તમારો લાગવાનો, વારતાના અંતમાં.

.૨. (પાન–૬૬)

શ્રીમંતાઈ પેશ કરવાની મના છે,
આમ, બારોબાર ફરવાની મના છે.

તેં છલાંગો મારી દીધી, પણ ખબર છે?
આટલામાં ક્યાંય તરવાની મના છે!

ઉન્નતીનાં શીખરો સર કર લડીને,
આમ ઘાંઘાં થઈને, ખરવાની મના છે.

એટલી મેં ચુપકીદી ત્યાં નીહાળી,
એમ લાગે, શ્વાસ ભરવાની મના છે!

.3. (પાન–૬૭)

એ તરંગો થઈ બધે લ્હેરાય છે,
જીન્દગી ક્યાં કોઈને સમજાય છે?

સાવ નજદીક આવવાનું થાય છે,
મન પછીથી, એકદમ બદલાય છે!

હાથ લંબાવું અને પીડા મળે,
આમને આમ જ, ઘણું જીવાય છે!
સાંજ મારી એકલાની હોય છે,
ક્યાં બધાની આંખ અહીં છલકાય છે?

બે ઘડીનો સાથ આપી જાય ને,
કાયમી સંભારણાં છલકાય છે.

છેક ઉંડે ઉતરીને જોયું છે,
તું મળે ને આયખું સંધાય છે 1

.૪. (પાન–૬૯)

કોઈ રસ્તાની ઉદાસી લઈ ફરૂં છું.
રોજ હું, તારી તલાશી લઈ ફરૂં છું!

જયારથી ઉડી ગઈ તું, પંખી થઈને–
ત્યારથી ફળીયું; અગાશી લઈ ફરૂં છું.

ખુબ સહુ છું વેદનાઓ ખાનગીમાં,
તોય ફુલો બારમાસી લઈ ફરું છું!

આ હતાશા, આ નીરાશા, પંથ લાંબો–
ને ચરણમાં હું, કપાસી લઈ ફરું છું!

એટલે કાયમ મળે દરીયાનાં જળ,
જન્મથી હું, મીન રાશી લઈ ફરું છું.

.પ. (પાન–૭૦)

ફેફસાંમાં દર્દ જેવું થાય છે,
તું ગમે છે, એમ ક્યાં કે'વાય છે?

અહીં ઉદાસી, સાંજનું એકાંત ને–
તું પણે વરસાદમાં ભીંજાય છે.
માત્ર તારા કાગળો સીવાયનું,
ક્યાં કશુંયે મારાથી વંચાય છે?

એક ઝાંખો થાય છે ઝબકાર ને,
શાશ્વતીનો અર્થ પણ બદલાય છે!

રોજ સાંજે, ઘર તરફ પાછો વળું,

આમ આખી, જીન્દગી જીવાય છે!

.૬. (પાન–૭૬)

સાવ ખાલી હાથ, લઈને ક્યાં જવું?

આમ ભીની આંખ, લઈને ક્યાં જવું?

કાંઈ મારી હસ્તરેખામાં નથી,

આ ફકીરી હાલ, લઈને ક્યાં જવું?

આપણાથી કર્મ એવાં થાય છે,

કે બચેલી શાખ, લઈને ક્યાં જવું?

છું પ્રવાસી એકલો, એકાંતનો,

ભીડનો સંગાથ, લઈને ક્યાં જવું?

હોય ચીનગારી તો, એ ચાંપી શકાય,

પણ ઠરેલી આગ, લઈને ક્યાં જવું?

રોજ વસ્ત્રો હુંય બદલી આવું પણ,

કાયમી સ્વભાવ, લઈને ક્યાં જવું?

.૭. (પાન–૭૭)

પીપળાનાં પાન જેવા શ્વાસ છે,
જીન્દગીનો જર્જરીત આભાસ છે.

શાશ્વતીનો અર્થ એનો એ જ પણ,
આ બળી રહી છે, એ કોની લાશ છે?

પત્ર પરથી એટલું સમજાય છે,
એ મનોમન કેટલાં ઉદાસ છે?

પાંખ છે, મન છે, પવન છે; પણ કહો–
ક્યાં હવે કોઈ કને આકાશ છે?!
છે ચરણને ચાલવાના ઓરતા,
ને નયનમાં ધારણાંની ફાંસ છે!

કેટલાં સ્વપ્નોની કત્લેઆમ થઈ?
આંખ મારી જીવતો ઈતીહાસ છે 1

.૮. (પાન–૭૯)

લાલ જાજમ પાથરીને બેઠાં છીએ–

કે ગુનાઓ આચરીને બેઠાં છીએ?

જોવા મળશે વાદળોનાં હાડપીંજર;
એક દરીયો આંતરીને, બેઠાં છીએ!

ફેફસાંમાં પ્રાણ ફુંકાશે ગુલાબી;
એ મળી છે ખાતરી, ને બેઠાં છીએ.

દીલથી આદતવશ હતાં એવાં અમે કે–
દુ:ખ બધાંનાં છાવરીને, બેઠાં છીએ.

–દીનેશ કાનાણી 'પાગલ'

સંપર્ક : 'શ્રીરામ', ૮–નારાયણનગર, સાતમી શેરી, ઢેબર કોલોની પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૨ ફોન : (૦૨૮૧) ૨૩૬ ૨૧૫૧ મોબાઈલ : ૯૮૨૪૨ ૧૯૦૯૬

'શ્રી ગઝલ' – 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ'માંથી સાભાર...

@

136 : 13-01-2008

# નેક અને પાક ઈરફાન

–જુગલકીશોર વ્યાસ

અનુક્રમણીકા

બેઠી દડીનો ને ઋજુ સ્વભાવનો ઈરફાન કોઈની ભલામણ લઈને એક દીવસ અમારી ઓફીસે આવ્યો. એક સુક્ષ્મ સંકોચ એના ગાલે પડતાં ખંજનોમાં ડોકાતો હતો. વાંકડીયા વાળ ચીપીચીપીને ઓળ્યા હતા. બોલવાનુંય એનું ચીપીચીપીને જ થતું લાગે.

બેકરીની આઈટેમો ઈરફાન બનાવી જાણે. કેક બનાવવાની તો માસ્ટરી! હીન્દુ કુટુંબોમાં એની એગલેસ(ઈંડાં વગરની) કેક બહુ વખણાય. કેક તો ઈંડાંથી જ બને એવી માન્યતાવાળાં હીન્દુ કુટુંબોને કેકની મઝા માણવા મળતી નહોતી. આવા વાતાવરણમાં ઈંડાં વગરની કેક બનાવી આપીને તે ઘણાં કુટુંબોનો પ્રેમ જીતી આવેલો. ઈંડાંની બાદબાકી કરીને અને પોચી રુ જેવી કેક બનાવી આપીને તેણે ભારે લોકપ્રીયતા મેળવી હતી.

મને હમેશાં થતું કે ઈરફાન બેકરી–ઉત્પાદનના સફળ કારીગર કરતાંયે જો બેકરી આઈટેમો શીખવનાર શીક્ષક બને તો? મારે મન તેનામાં રહેલી આ કળા, તે ઘણાને વહેંચે તેનું મુલ્ય વધુ હતું. જો કે કોઈને કશું ‘શીખવવા’નો અનુભવ તો એને હતો જ નહીં.

અમારી યોજનામાં તો કોઈપણ ઉંમરનાંને ભણાવવાનું રહેતું હોઈ, તે પોતે પ્રૌઢ બહેનોને શીખવી શકશે એ બાબતે એને શંકા હતી. એટલે મારી પાસે જેમણે તેને મોકલેલો તેમણે આપેલી જાણકારી મુજબ, આવી ભણાવવાની કામગીરી માટેની પોતાની અણઆવડતથી થતી મુંઝવણ પણ એના ચહેરા પર તે વેળા ચીતરાયલી હતી.

બહેનોના તાલીમ વર્ગોમાં મેં તો તેને એટલું જ કહેલું કે, ‘‘જે કાંઈ તમને આવડે છે તે જાણે તમારી જાતને જ શીખવતા હો એવી રીતે મોટેથી બોલતાં બોલતાં વાનગી બનાવતાં જજો. એની નોંધ કેવી રીતે લેવી એ અમે બહેનોને શીખવી દઈશું. એ લખાણને સાઈક્લોસ્ટાઈલ કરાવીને વર્ગનોંધ રુપે વહેંચી દઈશું, તમે એની ચીંતા કરશો નહીં. તમે તો તમને જે આવડે છે તે ઉત્તમ ચીજો, ઉત્તમ રીતે, સૌની હાજરીમાં બનાવી દેખાડજો. હા,

સાથે સાથે જ બોલતાં રહેવાનું ભુલતા નહીં! એ જ તમારો તાલીમવર્ગ અને એ જ તમારું ટીચર તરીકેનું કાર્ય!''

પછી તો બહેનોનાં ઝુંડ વચ્ચે બેકરીની મઝાની વાનગીઓ તે સંકોચશીલ યુવાન બનાવતો રહ્યો. વાનગીઓ બનાવતાં શીખવતાં શીખવતાં પોતે ક્યારે સારો શીક્ષક બની ગયો એની તેને ખબર જ રહી નહીં! પરંતુ અમદાવાદ અને આસપાસના વીસ્તારોમાંથી 'અમારે ત્યાં ઈરફાનભાઈનો વર્ગ ક્યારે ગોઠવો છો?' એવી માંગ સતત આવતી અને વધતી જ ગઈ. એ પછી પણ તે તો જાણે જાત સાથે વાતો કરતો હોય એમ જ સૌને શીખવતો રહેલો.

નર્યો પાક મુસલમાન. એક દીવસ જમીન ખોતરતો હોય જાણે એમ જ હાથના નખની સાથે ગડમથલ કરતાં કરતાં કહે, ''સાહેબ, મને મારી ઓફીસમાં માર્કેટીંગ વીભાગમાંથી સ્ટોરમાં મુકી દેવામાં આવ્યો.''

''કેમ એવું થયું?'' એમ મેં પુછ્યું તો કહે : ''મને એટલા બધા ઓર્ડર્સ મળવા લાગ્યા કે ઉત્પાદનમાં બધા પહોંચી વળતાં નહીં હોય ને કામ વધુ ખેંચવું પડે એથી વીરોધ થયો હશે.''

‘‘ખુદા જે કરે તે સારા માટે. તમતમારે તાલીમમાં વધુ ધ્યાન આપવા માંડો,’’ મેં કહેલું.

થોડા દીવસો પછી તેની તકલીફો વધ્યાનું પણ કહ્યું; નવા ડીપાર્ટમેન્ટમાં ઘીના ડબ્બાઓમાં તેણે જોયું તો ખોરાં ઘીના ડબ્બાઓનું પ્રમાણ ઘણું રહેતું! આ પાક માનવીને એ ગમતું નહીં. તેને મનમાં થયું હશે કે ખોરાં ઘીથી ડરીનેય જો પોતે નોકરી નહીં છોડે તો પણ તેના ‘ચોખ્ખા’ સ્વભાવથી ડરીને તેના શેઠ જ તેની નોકરી છોડાવી દેશે એક દીવસ! જો કે હું એને નોકરી બદલવાનું કહી શકું એમ નહોતો. તાલીમ વર્ગો તો ફાજલ સમયના જ અને વળી પાર્ટટાઈમ હોય. એના આધારે ગુજારો થાય પણ નહીં. પણ ખુદા તેના માટે નવી નવી દીશાઓ ખોલવા આતુર હશે કદાચ. તેને ક્યાંક બીજે નાની એવી નોકરી મળી ગઈ એ સ્વીકારીને તેણે મન મનાવ્યું.

અમે બંને એ વાતનો વસવસો ને ખરખરો એકબીજા પાસે કરીએ ન કરીએ ત્યાં તો એક દીવસ એ અત્યંત પ્રફુલ્લીત ચહેરે આવ્યો. આટલો પ્રફુલ્લીત ઈરફાન એના સંકોચશીલ ચહેરા ઉપર ક્યારેય ડોકાયો નહોતો! મેંય એ અચરજના માર્યાં પુછી નાખ્યું, ‘‘ક્યું મીયાં, કુછ શાદી–વાદીકે ઝમેલેમેં તો નહીં પડે? બાત ક્યા હૈ જનાબ?’’ તો કહે, ‘‘સાહેબ, તમારા સૌની

શુભેચ્છા અને તમારી સંસ્થાના સર્ટીફીકેટે બહુ મોટું કામ કર્યું. મને ફરતી હોટેલમાં ‘કુક’ તરીકે નોકરી મળી ગઈ છે!’’

એ લક્ઝુરીયસ હોટેલના ટેબલ પર, શહેરની રોનક માણતાં માણતાં જ જાણે નાસ્તો કરતો હોઉં એમ તેણે આપેલા સમાચાર હું મમળાવતો રહ્યો, ક્યાંય સુધી…! કુદરતની કેવી બલીહારી છે! આટલો શરમાળ પણ નેકદીલ આ છોકરડો ક્યાંથી ક્યાં પહોંચી ગયો! એ દીવસે મન મુકીને ઘણી વાતો અમે કરી.

મહીનાઓ વીતી ગયા. એકવાર તેણે મને પોતાના કાળુપુર બાજુના મકાને બોલાવ્યો. સાંકડું એવું એ મકાન. સાવ તકલાદી એવી સીડી. માળ ઉપર ચડવાની મને તેની મનાઈ છતાં ઉપરને મેડે જઈ હું તેનાં ઘરડાં માબાપને મળ્યો. માળીયા જેવા ઘોલકામાં તેનાં વડીલોને વંદન કરીને મેં તેમને આવા શરમાળ, નેકદીલ અને મહેનતુ દીકરા માટે મુબારકબાદી આપી.

અહીં સુધી ઈરફાન અમારો હતો. અમે તેને વ્યવસ્થીત અને લોકપ્રીય શીક્ષક બનાવ્યો હતો. ઘરઘરમાં બેકરીની સ્વાદીષ્ટ વાનગીઓ બનતી કરી મુકનારો તે સૌનો માનીતો તો, અમારા વર્ગોને કારણે થયો હતો. સંસ્થાના પ્રમાણપત્રથી જ એ આગળ પણ વધ્યો હતો.

પરંતુ હવે પછી જે ઈરફાન પ્રગટવાનો છે તે અમારો નથી. પોતાના જ આત્મબળે આગળ વધનારો ઈરફાન હવે આવી રહ્યો છે. એના મેડા ઉપર મળ્યા પછી બે વાર તે ઓફીસે મળવા આવ્યો હતો, અને બંને વખત અત્યંત આનંદીત કરી મુકે એવા સમાચારો લાવ્યો હતો.

પહેલી વાર આવીને, જાણે સહજ હોય એમ કહે, ‘‘સાહેબ, મુંબઈની તાજ હોટેલની જ એક સીસ્ટર કન્સર્ન, મોટી હૉટલમાં મને કુક તરીકે નોકરી મળી છે. હવે અમદાવાદ છોડું છું.’’

પણ બીજી વાર જ્યારે આવ્યો, મહીનાઓ બાદ, ત્યારે ભારત છોડવાની વાત લઈને આવ્યો! કહે, ‘‘મુંબઈની હૉટલમાં કોઈ અમેરીકન સાહેબોએ મને શોધી કાઢયો! ખબર નથી, કોણે તેમને મારું કામ બતાવ્યું હશે! તે લોકો મને કહે છે કે અમેરીકાના સાગરકાંઠે, સહેલાણીઓ માટે ફરતી રહેતી વીશાળ સ્ટીમરમાં જોડાવાની તક તમને મળી રહી છે. મેં તો સાહેબ, ‘વીચાર કરીને જણાવું છું,’ એમ કહ્યું છે. ઘરે સૌને પુછવા… અને…’’

અને એના વાક્યને અધુરું જ રખાવીને મેં પાદપુર્તી કરી દીધી, “અને બને તો શાદીનુંય ગોઠવી લેવા આવ્યો એમ જ ને?”

ચહેરાની કેક ઉપર શરમના શેરડાથી ક્રીમ વડે ડીઝાઈન પાડતો તે નખને રમાડતો રહ્યો. મેં બંને બાબતે મુબારકબાદી આપીને તેને વીદાય કર્યો. મારા જ ઘરનું કોઈ અમેરીકા જઈ રહ્યું હોવાનો અહેસાસ અને તેનો આનંદ મેં ક્યાંય સુધી માણ્યા કર્યો.. એ કશુંક એવું મુકતો ગયો જેને આજ સુધી સાવ સહજતાથી આરા અંતરમાં સાચવી શકાયું છે.

હીન્દુ મહીલાઓને એગલેસ કેક શીખવીને ખવડાવવામાં પરમ સંતોષ અનુભવતા અને ‘ખોરા’ ઘીના ડબ્બા જોઈ અકળાતા એ શરમાળ ઈરફાનને, અમેરીકાના દરીયાઓ વચ્ચે, અનેકાનેક વેજ–નોનવેજ વાનગીઓ બનાવીને, સૌનો સંતોષ ઉઘરાવતો હું કલ્પી શકું છું. બેઠી દડીનો, સંકોચશીલ સ્વભાવનો, પોતાની શક્તી વીશે સાવ અજાણ, તે ઋજુ, પાક યુવાન મારી લાંબી શૈક્ષણીક કારકીર્દીનું એક વીશેષ અને મનભાવન પાત્ર છે.

ક્યાં હશે આજે અમારો આ ઋજુ ઈરફાન! જ્યાં હશે ત્યાં ખુદાએ એને એની પાક અને નેકદીલીની અમાનતથી ખુશહાલ જ રાખ્યો હશે…

–જુગલકીશોર વ્યાસ

સંપર્ક : ૧૨–સત્યનારાયણ સોસાયટી–૧, વેજલપુર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૫૧

ફોન : (૦૭૯) ૨૬૮૧ ૦૪૪૬

ઈ–મેઈલ : jjugalkishor@gmail.com

Website : http://jjkishor.wordpress.com/

@

137 : 20-01-2008

# જલમભોમકા

-સ્વ. રસીક ઝવેરી

અનુક્રમણીકા

એડન, સુએઝ, નેપલ્સ...એમ બંદરગાહો વટાવતી સ્ટીમર આગળ વધી. જીનોઆ આવ્યું. ત્યાંથી લંડન પહોંચવા માટે રેલસફર. વીક્ટોરીયા સ્ટેશને ભાનુ અને આનંદ રુમાલ ફરકાવતાં ઉભાં હતાં. ચાર વરસે, એનાં લગ્ન પછી પહેલી જ વાર, દીકરી જમાઈને મળ્યો...

એક મહીનો પગપાળા રખડપટ્ટીમાં કાઢ્યો તે દરમીયાન હું લંડનના મુખ્ય માર્ગોથી ઠીક ઠીક પાવરધો થઈ ગયો. એક વાર રૉયલ ફેસ્ટીવલ હૉલમાં રવીશંકરના સીતારવાદનનો કાર્યક્રમ હતો. ભાનુ–આનંદ સાડા છએ કાર લઈને મને હાઈડ પાર્ક પાસે મળવાનાં હતાં. પછી ‘કશ્મીર રેસ્ટોરાં’માં જમી પરવારી થીયેટર પર અમારે પહોંચી જવાનું હતું.

હું હાઈડ પાર્કમાં લટાર મારી રહ્યો હતો. લોકોના ટોળા આગળ એક પાકીસ્તાની ભારત વીરુદ્ધ ગાળો ઓકી રહ્યો હતો. બીજી બાજુ એક પાદરી બીજા ટોળાને સ્વર્ગ અને નરકની વાતો સમજાવી રહ્યો હતો. ત્યાં કોઈએ શુદ્ધ કાઠીયાવાડી લહેકામાં મને બુમ પાડી : “એ..એ..ઈ બચુભાઈ! એ મોટાભાઈ!” આશ્ચર્યથી મેં

પાછળ જોયું તો નજર સામે એક વધુ મોટું આશ્ચર્ય ઉભું હતું : તપખીરીયા રંગનો ગરમ ચુડીદાર સુરવાલ, બંધ ગળાનો કોટ, માથે કાઠીયાવાડી સાફો, હાથમાં હેવી ઓવરકોટ—એવો એક આદમી દોડતો આવી મારે પગે પડ્યો. પછી કહે, ‘‘કાં મોટાભાઈ! તમે ક્યાંથી? ઓળખાણ પડે છે?’’

હું ગુંચવાતો તેની સામે તાકી રહ્યો. અહીયાં લંડનમાં, મને મારા બચપણના નામે બોલાવતો આ આદમી કોણ! ત્યાં વળી એ જ બોલ્યો : ‘‘તમે મને ન ઓળખ્યો; પણ મેં તો તમને વરતી કાઢ્યા, હોં! તમે ભાવનગરમાં મામાને કોઠે રે’તા કે નઈં? તમે કપીલભાઈ ઠક્કરના ભાણેજ બચુભાઈ જ ને? યાદ છે—આપણે શેરીમાં હારે રમતા? ઓધા વાણીયાને હાટેથી ભાગ લઈને ખાતા! હું કાનજી ખવાસ.’’

અને એકાએક સ્થળકાળનો ઓછાયો મારી નજર સામેથી ઓસરી ગયો—કાનજી અભેસંગ ખવાસ! અમારી શેરીમાં રહેતો. બચપણમાં અમે ભેળા રમેલા. ‘‘અરે...અરે, કાનજી! તું અહીયાં ક્યાંથી, ભાઈ?’’ કહેતોકને હું એને ભેટી પડ્યો. મારો લંગોટીયો ભાઈબંધ! એયે મને જોઈને ખુશ ખુશ હતો. કહે, ‘‘હું તો આંઈ તૈણ વરહથી સું, દાક્તર સા’બની હારે. મેં તમને આબાદ વરતી કાઢ્યા, હો મોટાભાઈ! વાળ ધોળા થયા; પણ અણહાર નો ભુલાય!’’

www.gujaratilexicon.com

સડક પાસેના બાંકડે અમે ગોઠવાયા, અલકમલકની વાતે વળગ્યા.

‘‘ઈ જમાનો થાવો નથ, હો મોટાભાઈ! હવે તો દેશમાંયે સંધુંય ફરી ગ્યું. ઈ બોર તળાવ ને ઈ પીલ ગાર્ડન, ઈ ગંગાજળીયાનું દેરું ને ઈ તખતેશરની મોજું, ઈ દાલમશાલી ને ભડેકીયાં પાન ખાવાનો ટેસ...ઈ હંધુંય હવે થાવું નથ! મારા કરમમાં જ વદીયા નઈ. તમે મુંબી ગ્યા ને હું રઈ ગ્યો ભણ્યા વનાનો કોરોધાકોર. પછી વાળુકડવાળા રામજીભા શેઠને ન્યાં ચાકરી રઈ ગ્યો. એને વરહ થ્યાં ચાળી ઉપર બે. આ દાક્તર સા’બ એમના દીકરા— ઈની હારે તૈણ વરહથી આંઈ કણે સું.’’

મેં કહ્યું, ‘‘કાનજી, તું તો નસીબદાર, ભાઈ! વગર ભણ્યે અહીં લંડનમાં લહેર કરે છે, ત્યારે ભલભલાને તો અહીં આવવાની પરમીટેય મળતી નથી.’’ તો કહે, ‘‘ઈ તો સંધોય ઠીકોઠીક સે, માટાભાઈ. હું તો રામજી અદા હારે આપણો સંધોય મલક ફરી વળ્યો, શેઠે એ..ઈ..ન રુપાળી ચાર ધામની જાત્રા કરાવી. ને ગંગા મા તો જાણે અંબાનો અવતાર જોઈ લ્યો. ચાકર માતરને પંડ્યનાં જણ્યાંની જેમ જાળવે, હો મોટાભાઈ! ઈ સાચકલાં માણહું ને ઈ જમાનો હવે થાવાં નથ. આ તો અદાએ પરાણે દાક્તરસા’બની ભેળો મેલ્યો ને મેં જીભ કસરી કે પંડ હાટે જાળવીશ, એટલે રે’વું પડે. બાકી આપણો મલક ઈ આપણો મલક, બીજાં સંધાંય ફાંફાં. જલમભોમકા ક્યાંય થાવી નથ!’’

કાનજી ડૉક્ટર શેઠની સાથે લંડન આવ્યો. પેડીંગ્ટનમાં ડૉક્ટર પાંચ વરસ માટે છે. હજી બે વરસ કાઢવાનાં. પણ એનું મન ભટકે છે એની 'જલમભોમકા'માં. મેં કહ્યું, " મારી દીકરી ભાનુ અહીં ચાર વરસથી છે, એને મળવા આવ્યો છું."

વાતોમાં વખત ક્યાં વીતી ગયો તેની ખબર ન પડી. આનંદની મોટરનું હૉર્ન સડક પરથી સંભળાયું એટલે મેં કહ્યું, "કાનજી, તુંયે આજે અમારી ભેળો જમવા ચાલ."

રેસ્ટોરાંમાં અમે ગોઠવાયાં. કાનજીએ છરી–કાંટાથી અદબસર જમવા માંડ્યું. બધી એટીકૅટ એ બરાબર જાળવતો. જમતાં જમતાં કાનજી ભાનુને કહે, "દીકરી મારી, તું અહીં ચાર વરહથી; પણ મને તો ખબરેય નંઈ. તારે અહીં કોઈ વાતે મુંઝાવું નંઈ. અડીઓપટીએ આ કાનજીને, બસ, એક ફોન કરી દેવો. મારી તો આખ્યું ટાઢી થૈ આ તમારી શીવ–પારવતી જેવી જોડી જોઈને!" એને જ્યારે ખબર પડી કે આનંદને ગુજરાતી નથી આવડતું, ત્યારે એની સાથે હીંદીમાં ફેંકવા માંડયું. કહે, "તુમ તો સા'બ બડા નસીબવાળા હોં કે! અમારી છોડી રતન જૈસી હે. કામ પડે તો હમકો, બસ, એક ટેલીફોન કર દેના. હમ તો તુમારા કાકાજી લગતા. કોઈ વાતસે મુંઝાના નંઈ!"

જમવાનું પુરું થયું એટલે અમે અંદર હાથ ધોવા ગયાં. પાછાં આવી કૉફી પીવા બેઠાં ત્યારે કાનજી અંદર ગયો. અમે બીલની રાહ જોતાં બેઠાં હતાં, ત્યાં વેઈટર બીલ અને પરચુરણ

સાથે હાજર થયો અને ડીશ કાનજી સામે ધરી. અમે અંદર ગયાં ત્યારે કાનજી કાઉન્ટર પર પૈસા સરકાવી આવ્યો હશે! ટીપનો હીસાબ ગણી એણે પાંચ શીલીંગ ડીશમાં રહેવા દીધા.

મેં કહ્યું, ‘‘કાનજી, આ શું? તું તો અમારો મહેમાન—તારાથી પૈસા અપાય જ નહીં!’’ તો કહે, ‘‘દીકરી–જમાઈને પહેલી વાર જોયાં, મોટાભાઈ! કંઈ બોલો તો મારા ગળાના સમ!’’ એ ભોળા માણસને શું કહેવું? વળી પાંચ પાઉન્ડની નોટ કાઢી ભાનુના હાથમાં આપવા માંડી. મેં કહ્યું, ‘‘ અરે, અરે... આ તું શું કરે છે?’’ તો કહે, ‘‘ઈ તો વે’વારની વાત સે, મોટાભાઈ! એમાં તમારાથી કંઈ બોલાય જ નંઈ. લઈ લે, દીકરી! તને જમાડીને કાપડું કરવું જોયે મારે. તારા બાપુ ને હું નાનપણમાં ભેળા રમતા, ઈ વે’વારે હું તારો કાકો થાઉં.’’

અમારી સૌની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. ભાનુ ઉભી થઈ, વાંકી વળી કાનજીને પગે લાગી. વીલીન થતા જતા જમાનાના અવશેષ જેવા આ સાચકલા માણસની ભાવનાની અવગણના કરવાની એનામાં હીંમત શેં પડે?

છુટાં પડ્યાં ત્યારે કાનજીના મોંમાં, બસ, એક જ વાત હતી : ‘‘આપણા મલક જેવો મલક થાવો નથ, હો મોટાભાઈ! આંઈકણે મારા જેવાને નો સોરવે; પણ જીભ કસરી એટલે રે’વું પડે. બાકી જલમભોમકા ઈ જલમભોમકા!’’

–સ્વ. રસીક ઝવેરી

સ્વ. રસીક ઝવેરીના લંડનના પ્રવાસ–વર્ણનના પુસ્તક ‘અલગારી રખડપટ્ટી’માંથી સાભાર.... (પ્રકાશક : નવભારત સાહીત્ય મંદીર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃષ્ઠ : ૧૨૪, મુલ્ય : ૬૬ રુપીયા)માંથી સાભાર....

@

138 : 27-01-2008

# ગઝલ રાજ

–રાજેશ મહેતા 'રાજ'

અનુક્રમણીકા

.1. (પાન–૧૦૯)

યાદ કરું ને સામે મળવું, ક્યાં સહેલું છે?
એકબીજામાં એમ ઓગળવું, ક્યાં સહેલું છે?

ભરચોમાસે બારી પાસે બેસી રહીને,
ચાર ભીંતોની વચ્ચે બળવું, ક્યાં સહેલું છે?

વરસો પહેલાં ગણગણતી એ ગીત, હવે તો–
તારા હોઠેથી સાંભળવું, ક્યાં સહેલું છે?

તેં દીધેલા પત્રો મારી પાસે છે, પણ;
રોજે રોજ એ વાચન કરવું, ક્યાં સહેલું છે?

કોઈ નદીની જેમ તું, અહીંથી ચાલી ગઈ છે,
કાંઠે બેસીને ટળવળવું, ક્યાં સહેલું છે?

તારા ઘરના ફળીયે, લીલાં તોરણ જોઈને,
અધ્ધવચ્ચેથી આગળવધવું, ક્યાં સહેલું છે?

.૨. (પાન–૧૧૧)

એ જ રણ ને, એ ચરણની વાત કર,
હાંફતા, તું એ હરણની વાત કર.

જીન્દગીનો સાર સઘળો નીકળે,
કોઈ એવાં અવતરણની વાત કર!

યાદની લાલી ભરી જે આંખમાં,
તું હવે એ જાગરણની વાત કર.

બોલવા ખાતર હવે બસ બોલમાં,
કોંક વેળાં આચરણની વાત કર 1

લાખમાંથી એકના હો ભાગ્યમાં,
તું મને એવાં મરણની વાત કર.

.3. (પાન–૧૧૩)

શું થયું છે? શું થવાનું? શી ખબર!
હું અને તું ફકત છીએ રાહબર.

બંધ મુઠ્ઠીમાં ઘણું અકબંધ છે,
આપણે કેવા છીએ જો માતબર!

સાચવી લે આવતી હરએક ક્ષણ,
ગૈ હવે, ગઈકાલની ના કર ફીકર

શ્વાસ મારા બસ તને આપી શકું,
એટલી મુડી બચી છે હાથ પર!

ફકત તારી વાત તું કર્યા કરે,
હું તને જોયા કરું બસ રાતભર!

.૪. (પાન–૧૧૫)

સાથ તારો છે હવે, બસ ચાલ મીતવા,
શી ખબર કે શા અમારા હાલ મીતવા?

જીન્દગી પણ ગીત થઈને ગુંજશે આ,
આપ મુજને, હરવખત જો તાલ મીતવા.

છું પ્રણયનાં યુદ્ધમાં, પણ હું ડરું ના–
હો ભલે તલવાર, બરછી, ઢાલ મીતવા!

આવને તું અબઘડી મારી કને બસ,
કોણ જાણે શું થવાનું કાલ મીતવા!

રાહ જોવાની હજી પણ ક્યાં સુધી કહે?
વીતશે દીવસો પછી હર સાલ મીતવા.

.પ. (પાન–૧૧૬)

મને કોઈ યાદ કરે છે, હજી પણ;
સતત શ્વાસમાં એ, ભરે છે હજી પણ.

ડુબે, ઓગળે છે, ને ફેલાય ભીતર,
અને આંખમાંયે, તરે છે હજી પણ.

કોઈ રોમરોમે સતત સળવળે ને–

રગેરગમાં મારી ફરે છે હજી પણ!

થતો જાઉં છું સાવ ખાલી ક્ષણેક્ષણ,
ને ભીતર કોઈ કંઈ ભરે છે હજી પણ!

કથા ખુદની જેણે કસમથી લખી છે,
છતાં આયનાથી ડરે છે હજી પણ.

.૬. (પાન–૧૨૪)

કોઈ સપનાં તુટવાનો ડર નથી,
જો ધરા છે, આભ છે, ને ઘર નથી!

મોત માટે બંદગી કરવી પડે,
જીન્દગી આ એટલી બદતર નથી.

આ કતલમાં એમનો પણ હાથ છે,
હાથમાં એના ભલે ખંજર નથી!

એ જ છે બસ, એ જ રહેશે, અંતમાં,
આ સમય, સંજોગથી કૈં પર નથી!

કોણ બીરબલની કદર કરશે હવે?
આજના દરબારમાં અકબર નથી!

.૭. (પાન–૧૨૭)

હજી શ્વાસમાં બેકરારી ભળી છે,
ને પીડા અહીં એકધારી ફળી છે.

છે કાગળ, કલમ ને વીચારો ઘુમે છે,
જુઓ ટાંકણે આંગળી પણ બળી છે!

થીજી ગઈ છે ભીતર નદી એક આખી,
ને આંખોમાં કોઈ શીલા ઓગળી છે!

ભલે ના મળી એક પણ ફુટી કોડી,
મને વારસામાં, ખુમારી મળી છે.

મળી ચાર આંખો અમારી જરી જ્યાં,
ત્યાં અફવાને પાંખો ફુટી નીકળી છે.

–રાજેશ મહેતા 'રાજ'

સંપર્ક : 'શીવાંજલી', ઈ–૩૧૦, શાસ્ત્રીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૫

ફોન : (૦૨૮૧) ૨૩૩ ૧૫૨૫ મોબાઈલ : ૯૮૨૫૨ ૦૯૩૮૦

'શ્રી ગઝલ'– 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ'માંથી સાભાર…

@

139 : 03-02-2008

# ખતુડોશી

–સ્વ. દીલીપ રાણપુરા

અનુક્રમણીકા

મજાદરની શાળામાં હું બરાબર ગોઠવાઈ ગયો હતો. મારા આચાર્ય શ્રી મહમંદભાઈ પાલનપુરના વતની હતા. તેઓ છાપીમાં રહેતા હતા. રોજ આવ–જા કરે. મજાદરમાં થોડો સમય એકલુંએકલું લાગેલું.

એકલોએકલો ઘણું બધું યાદ કર્યા કરતો. વાગોળ્યા કરતો ને શાળાની એક દીવાલ, જે રસ્તા પર પડતી તેની બારીમાંથી રસ્તો જોયા કરતો. રસ્તાને સામે છેડે એક કાચું મકાન હતું. એ મકાનના ઓટે સાઠેક વર્ષનાં માજી બેસી રહેતાં. હું એ માજીને શાળા ઉઘડવાની અને બંધ થવાની નીયમીતતાથી મકાનના ઓટે બેઠેલાં જોતો. કયારેક કોઈની સાથે વાતે વળગે, કયારેક હસે, કયારેક છીંકણી સુંઘ્યા કરે. ને વધારે વખત તો હું જે બારી પાસે ખુરશી નાખીને બેસતો એ બારી સામે જોયા કરે.

ધીમેધીમે મને એ માજીમાં રસ પડવા લાગ્યો. એ શું કરતાં હશે? આખો દીવસ ઓટે બેસી રહેતાં એમને કંટાળો નહીં આવતો હોય? એમના ઘરમાં બીજું કોઈ કેમ દેખાતું નથી?

આવા ઘણા સવાલો મારા મનમાં ઉઠતા. પણ એ વખતે મારો સ્વભાવ જરા અતડો મીતભાષી પણ હશે, કદાચ પરીચય કેળવવાની આપણી અનીચ્છા પણ હોય. ગમે તેમ, હું એ માજી વીશે મારા મનમાં ઉઠતા કેટલાય પ્રશ્નોને મનમાં જ દબાવી રાખતો.

એક દીવસ મેં જોયું, માજી ઉભા થયાં. સામાન્ય રીતે માજી આ સમયે કયારેય ઉભાં થતાં નહોતાં. મને થયું, હવે એ ઘરમાં જશે. બીચારાં રોજ આમ બેસીબેસીને કંટાળી ગયાં હશે. ઘરમાં જઈને ઝોળી જેવા ખાટલામાં, ફાટેલા ગોદડાને સરખું કરીને સુઈ જશે. પણ ના રસ્તા પર આવ્યાં. વળી થયું : તેલ–મરચું ખુટી ગયાં હશે ને અચાનક લેવા જવાનું યાદ આવ્યું હશે. પણ મારી એય ધારણા ખોટી પડી. એ તો રસ્તો પાર કરીને શાળાની દીવાલ તરફ, બારી તરફ આવી રહ્યાં હતાં. મને નવાઈ લાગી. બારી પાસે આવીને ઉભાં રહ્યાં. કશું બોલ્યાં નહીં. મોં પર કોઈ ભાવ હતો કે નહીં, હતો તો કયો ભાવ હતો, તે આજે યાદ નથી. પણ આંખોમાં લાગણીની ભીનાશ હતી. આજે પણ એ લાગણીની ભીનાશને હું અનુભવી શકું છું.

આખરે મેં માજીને પુછયું : ‘કોઈનું કામ છે, માજી?’

‘ના રે ભીયા...’

‘તો?’ હું આગળ ન બોલી શક્યો.

તમે એકલા રો’ છો આંય?’

‘હાસ્તો.’

‘રાંધતાં આવડે છે?’

‘હા.’

‘ગામમાં નથી નેંહરતા?’

‘કામ વગર શું નીકળું?’ માજીના આ પ્રશ્નોએ મને ઘણી અટકળો કરતો કરી મુકયો.

માજી વળી થોડી વાર જોઈ રહ્યાં. મેં જોયું, એમનો એક હાથ બારીના સળીયા પકડી રહ્યો હતો અને એ હાથમાં કંપ હતો. માજીનું આખું શરીર જાણે કશાક કંપથી ધ્રુજી રહ્યું હોય એવું પણ મને લાગ્યું. મને થયું : માજી બીમાર પડ્યાં હશે. વૃદ્ધ, અશકત અને આજાર શરીર હમણાં તુટી પડશે. પણ માજી થોડીવારે બોલ્યાં : ‘ભીયા, હું તો તમને રોજ ટગરટગર જોઈ રહું છું. ટહુકો પાડવાનું મન થાય; પણ તમને ન ગમે તો...પણ આજ રયું ગયું નહીં...’

`‘ભલે...સારું કર્યું,’ મેં સહાનુભુતીથી કહ્યું.

‘રજા પડે તંઈ ચા પીવા આવજોને.’

‘હું ચા નથી પીતો.’

‘તો દુધ કે ઉકાળો કરી આલીશ.’

‘પણ મને એવી કોઈ ટેવ જ નથી.’

‘તો વરીયાળીનું મીઠું–ટાઢું હીમ જેવું શરબત પીવડાવીશ, ભીયા.’

'પણ માજી...' હું આગળ બોલું એ પહેલાં એમના ચહેરા સામે મારી દૃષ્ટી પડી. માજીને મારી આનાકાનીથી દુઃખ થતું હતું તે હું સમજી શકયો. એમને થયું હશે : આ હીન્દુ ને હું મુસલમાન...બીચારો અભડાઈ જાય તો! પણ આ તો કે'છે, ગાંધીવાળો છે, આભડછેટ એને ન નડે. એટલે કહેવા આવી. અમથીય તે આને જોઈને લાગણી થઈ આવે છે. આવો કોઈક ભાવ એમના મનમાં હશે એમ હું માનું છું.

'ભલે' કહીને તેઓ પાછાં ફરી ગયાં. પણ મેં એમના પગ ડગમગતા જોયા. આવતી વખતે જે ઉત્સાહ હતો તેની જગ્યાએ હતાશા જોઈ. હું એમનો ચહેરો નહોતો જોઈ શકતો. પણ એમની પીઠ જાણે એમના ચહેરાની જ નહીં, અંતરની બધી વ્યથાને જોરદાર રીતે વ્યકત કરી રહી છે, એવું મને લાગેલું.

પાછાં ફરીને તેઓ ઓટે ન બેઠાં. સીધાં ઘરમાં ગયાં ને બારણુંય બંધ કરી દીધું.

એ બારણું બંધ થયા પછી મેં કેવી લાગણી અનુભવી હતી, કેટકેટલા અજંપાના વંટોળ મારા નાનકડા મગજમાં ઉમટ્યા હતા એ હું વર્ણવી શકું તેમ નથી. પણ એમ તો થયું, આ ખોટું થયું. રીસેસ પડતાં જ હું ગયો. બારણું ખટખટાવ્યું. માજીએ બારણું ઉઘાડ્યું. મને જોઈને ગળે લગાડવા લાંબા થયેલા એમના હાથ કોણ જાણે કેમ પાછા પડી ગયા, પણ એમનું અંતર તો મને વીંટળાઈ વળ્યું હતું.

હું બેઠો. એ ટગરટગર જોયાં જ કરે. મેં પુછયું : ‘શું જુઓ છો, માજી?’

‘મારે તમારા જેવડો રહેમાન હતો.’

‘કયાં ગયો?’

‘અલ્લાહ મીયાંને પ્યારો થઈ ગયો.’ માજીની આંખો સજળ બની ગઈ. હું મૌન રહ્યો.

‘અસલ તમારા જેવો. દુબળો, પાતળો, લાંબું મોં, પણ વાન જરા શામળો... એય માસ્તર હતો.’

મારે માજીની આ વેદનામાં કેવી રીતે સહભાગી થવું તે સમજાતું નહોતું. શું બોલું તો એમને આશ્વાસન મળે એનું મને જ્ઞાન નહોતું ને છતાંય એમને એમ ન થાય કે પોતાની આ વેદનાવાણી એક પથ્થર સાથે અફળાઈ રહી છે. એટલે મેં પુછ્યું : ‘કયાં હતો માસ્તર?

‘દાંતા...’ માજી થોડીવાર મૌન રહ્યાં ને પછી આગળ બોલ્યાં : ‘શાદી કરી’તી એની. દાંતામાં એક રાતે ભાઈબંદુ હારે સીમમાં રખડવા ગયેલો ને કયાંકથી સાપ કરડ્યો. ન ઉતર્યો. સવાર પડતાંપડતાં તો મરી ગયો. એક જ દીકરો હતો, ભીયા...’

માજીની સજળ આંખો સામે મેં જોયું. ધીમેધીમે તેમાંથી આંસુઓનો સાગર છલકાવા લાગ્યો. આશ્વાસન દેવાની ઔપચારીકતા પણ મારામાં નહોતી. આવા માઠા પ્રસંગે આશ્વાસન દેવા જતી વખતે ખુબ મુંઝવણ અનુભવું છું. શબ્દોથી

નહીં; પણ લાગણીથી હું એમના દુ:ખમાં સહભાગી બની ગયો છું એવી અનુભુતી મને થઈ રહી હતી.

‘એની વહુ પણ ચાર મહીને એના બાપને ત્યાં જતી રહી ને બીજે શાદી પણ કરી લીધી.’

હું મૌન હતો.

‘તમે આવ્યા, તમને જોયા ને મને થયું : દીકરો મળી ગયો. ભલે હીન્દુ હોય, ભલે પરદેશી હોય; પણ ખતુડોશી, આ તારા રહેમાન જેવો જ છે! એમ મારો ખુદા મને કે’તો હતો. ને મેં તમને બોલાવ્યા.’

‘સારું કર્યું,’ હું એટલું જ બોલી શક્યો.

પણ ત્યાર પછી હું બારીમાંથી બહાર જોતો ત્યારે ખતુડોશીના ચહેરા પર પ્રસન્નતા છલકાતી હોવાનો મને ભાસ થયા કરતો. ને હું પણ રીસેસમાં દસેક મીનીટ એને મળવા જતો. વાતો કરતો. વાતવાતમાંથી જાણી શક્યો કે એને એક દીકરી પણ છે. દીકરી સાસરે સુખી છે. ડોશીનું ગુજરાન થોડી મુડીમાંથી, થોડાં ઘરેણાં–ગાંઠાં વેચાઈને, થોડી સગાંસંબંધીઓની અને દીકરીની મદદથી ચાલે છે.

એક દીવસ ખતુડોશી મને કહે : ‘ભીયા, કાલે મારે ત્યાં જમવાનું રાખોને!’

મને આંચકો લાગ્યો. આ ગરીબ ડોશીને ના પાડવી, તેની લાગણીને ઠુકરાવવા જેવું થશે, ને હા પાડવાથી તેમને નાહક ખર્ચ થશે. મેં કહ્યું : 'માજી, નાહક તકલીફ નહીં આપું.'

'તકલીફ નહીં પડે, ભીયા! મને હોંશ છે. મને આનંદ આવશે. મારો જીવ રાજી થશે.' ખતુડોશી એવી રીતે બોલ્યાં કે હું ના ન કહી શક્યો.

એક મુસ્લીમ વીધવા ડોશી, જેને કોઈનો પણ આધાર નથી, જેની સાથે મારો કોઈક લૌકીક નાતો નથી, એને ત્યાં હું કયા સંબંધોને દાવે જમવા જઈ રહ્યો છું તે મારી સમજમાં ઉતરતું નહોતું. એના ઘેર પહોંચ્યો ત્યાં સુધી મનમાં હીચકીચાટ પણ હતો.

જમવા બેઠો. ઘઉંની જાડી, મોટી રોટલી, બટાટાનું શાક, મોટું છાલીયું ભરીને કેરીનો રસ, મગની દાળ અને રોટલી પર ચોખ્ખા ઘીની રેલમછેલ. ખતુડોશી મારી સામે બેઠી. હાથમાં પંખો લીધો છે. હવા નાંખે છે. પીરસે છે. હું જમું છું. મારી સામે ટગરટગર જોઈ રહે છે. આગ્રહ કરે છે. એના વૃદ્ધ મોંની કરચલીઓમાં વાત્સલ્યના સંતોષની સરવાણીઓ વહી રહી હોય એવું લાગે છે. રસોઈમાં વસ્તુના સ્વાદ કરતાંય મને સ્નેહનો સ્વાદ વધુ લાગ્યો. એ સ્વાદે મારા અહંકારોને ઓગાળવા માંડ્યા. આ ડોશી સામે મારો પ્રભાવ તુટી ગયાનો મને આનંદ

થતો હતો. અત્યારે પણ એ સ્વાદ અને એ આનંદની લીજ્જત હું અનુભવી શકું છું.

જમ્યા પછી ખતુડોશીના ચહેરા પર મેં જે તૃપ્તી જોઈ છે, તે હું કયારેય નહીં ભુલું. મેં મદદરૂપે બે રૂપીયા(આજના વીસ રૂપીયા)આપવા માંડ્યા ત્યારે એણે જે કહેલું તે આજેય બરાબર યાદ છે. ‘દીકરાને ખવરાવીને કોઈ મા પૈસા લેતી હશે! ભીયા, મા ધાવણની કીમ્મત ન લે!’

પૈસા દેવા લાંબો થયેલો મારો હાથ ભોંઠો તો ન પડ્યો, એ લાંબા હાથમાં એક વૃદ્ધ માતાની દુઆઓ છલકાઈને ભરાઈ ગઈ હતી ને મને એ વખતે થયું : ખતુડોશીમાં મને મારી મા મળી ગઈ છે!

લેખકના પુસ્તક ‘દીવા તળે ઓછાયા’માંથી સાભાર…

–સ્વ. દીલીપ રાણપુરા

સંપર્ક માટે સ્વ.ના દીકરાનું સરનામું : શ્રી. સુશેષ રાણપુરા, ૧–સહકાર કૉલોની, સૅક્ટર–૨૫, ગાંધીનગર–૩૮૨ 023

મોબાઈલ : ૯૮૨૫૯ ૮૭૨33

@

140 : 10-02-2008

# ગઝલ–નાદ

–નીનાદ અધ્યારુ

અનુક્રમણીકા

.૧. (પાન–૨૫)

ધારવું પડશે, હજુ વીચારવું પડશે,
આપણું પાસું જમા, ઉધારવું પડશે.

ના, નથી સારી બહુ ભીનાશ એનામાં,
આપણે અસ્તીત્વને નીતારવું પડશે.

એક આળસ નામનું ગુમડું થયું તો છે,
એને એક જ ઝાટકે ઉખાડવું પડશે.

એમનો એક્કેય રીતે પત્ર ના આવ્યો,
લ્યો! કબુતર આપણે ઉડાડવું પડશે.

શી કલાથી વૃક્ષ કાપ્યું છે, અ..હો..હો..હો..
કામ કઠીયારાનું પણ બીરદાવવું પડશે 1

નામનો જેણે કદીયે મોહ ના રાખ્યો,
નામ એનું આપણે કંડારવું પડશે.

હા, હજી ઓછું પડે છે એક મન 'નીનાદ',
આપણે બીજુંય મન ઉગાડવું પડશે.

.૨. (પાન–૨૮)

વર્ષાની વાત કરીએ, વાદળની વાત કરીએ,
તું આવ જો અહીં તો, કાજળની વાત કરીએ.

ના મળ મને ભલે તું, એક 'ફોન' તો કરી જો,
તો આપણે લખેલા કાગળની વાત કરીએ.

આ આપણી સગાઈ, છે પ્રેમની સગાઈ,
કંકુ ને ચોખા સાથે, શ્રીફળની વાત કરીએ.

છે માણસોય કેવા! વાતો બધી છુપાવે,
'નીનાદ' આપણે તો પળપળની વાત કરીએ.

.3. (પાન–૨૯)

એક બુદબુદા થવાનું હોય છે,
પ્રેમમાં ખુદા થવાનું હોય છે!

ગમવું કે ના ગમવું એના હાથમાં,
આપણે ફીદા થવાનું હોય છે.

મન ભરીને તું મળી લેજે એને,
આખરે જુદા થવાનું હોય છે.

એ જ વખતે યાદ કૈં આવે નહીં,
જ્યારે અલવીદા થવાનું હોય છે.

આપણે દેખાવ કરવાનો ‘નીનાદ’
આપણે પરદા થવાનું હોય છે.

.૪. (અપ્રકાશીત રચના)

કોણ જાણે કોણ આવીને લખાવી જાય છે?
કોણ આ દુ:ખતી અમારી રગ દબાવી જાય છે?

કોણ આ સારા અને નરસાના પાડે ભેદ ને,
કોણ આ પીંજરના પોપટને પઢાવી જાય છે?

કોઈ ઈશ્વરને અહીં બેફામ ગાળો આપતું,
કોઈ મંદીરે જઈ, ફુલો ચડાવી જાય છે!

કોઈ મારી ઝુંપડીને બાળવામાં રત સતત,
કોઈ બેસી દુર પણ મહેલો બનાવી જાય છે!

ભુલવાની સાવ છેલ્લી ક્ષણ ઉપર હું હોઉં ત્યાં,
કોઈ આવીને ફરી ચહેરો બતાવી જાય છે.

કોઈ જો અમૃત મળે તો એય તરછોડે 'નીનાદ',
ઝેર જેવું ઝેર કોઈ ગટગટાવી જાય છે!

.૫. (અપ્રકાશીત રચના)

માતા–પીતાની હેલી, ફળીયું અને એ ડે'લી,
જોયા કરું મને હું, ખુદને હજી ઉભેલી.

પીઠીનો રંગ પીળો, તન–મનમાં તાવ ઝીણો,

એ આંસુનું સરોવર, એ પાંપણો નમેલી.

કંકુ તણા એ થાપા, કે કાળજાના કાપા,
આવે છે યાદ આજે, જ્યાં મા મને વઢેલી.

વડવાઈમાં હીંચકતી, શમણાં મહીં વીહરતી,
પથ્થરથી આંબલીને, એ પાડતી સહેલી.

એ બાળપણની રમતો, એ ઢીંગલો જે ગમતો,
'ઘર–ઘર'ની યાદ આવે, ગમતી નથી હવેલી.

.૬. (પાન–33)

આંખ જ્યારે આંખથી મળતી હશે,
કેટલી દીવાસળી બળતી હશે?

હું અહીં ખીલતી કળી જોયા કરું,
એમની ત્યાં આંખ ઉઘડતી હશે?

હાથમાં પાંપણ છુપાવી એય પણ,
કુંક મારી યાદ તો કરતી હશે!

પત્ર મારા વાંચીને, ચુમ્યા પછી–
એમનીયે આંખ નીતરતી હશે!

જ્યારે જ્યારે હાથમાં મહેંદી રચે,
નામ મારું ક્યાંક તો લખતી હશે!

લાખ દીવાઓ બળે અહીંયા ‘નીનાદ’
સાંજ એના ઉંબરે ઢળતી હશે.

.૭. (પાન–૩૫)

એક આંસુ ઝળહળ્યું છે, કેટલાં વર્ષો પછી?
કોઈ મનગમતું મળ્યું છે, કેટલાં વર્ષો પછી?

શહેર આખું, બાગમાં ફેરવાઈ જાશે આજ તો,
કોઈ ઘરથી નીકળ્યું છે, કેટલાં વર્ષો પછી?

દોસ્ત, મારી આ નવી ગઝલો એ બીજું કૈ નથી,
લોહી મારું ઉકળ્યું છે, કેટલાં વર્ષો પછી?

આજ કો’ આવી ગયું એક રાતમાં ફુટપાથ પર,

આજ કોઈને ઘર મળ્યુ છે, કેટલાં વર્ષો પછી?

કોઈને હૈયે હરખના લાખ દીવા થાય છે,
કોઈનું હૈયું બળ્યું છે, કેટલાં વર્ષો પછી?

કેટલાં વર્ષો પછી મહેફીલ જામી છે 'નીનાદ'
કોઈ અંગત નીકળ્યું છે, કેટલાં વર્ષો પછી?

.૮. (પાન–૩૭)

વખાણો છો તમે કીંતુ, હવે એવાં સરસ ક્યાં છે?
કહો દીલથી, હતાં પહેલાં, હવે એવાં વરસ ક્યાં છે?

તમારી હીમવર્ષાને ન ઓગાળી શક્યો તો શું?
અમારા સુર્યને ઠારે એવા બરફ ક્યાં છે?

સવારે ઉઠતાં જોવું પડે છે 'ટી.વી.'નું મોઢું,
'કહું છું, સાંભળ્યું? ઉઠો!' હવે એવા શબ્દ ક્યાં છે?

અહીં વેચાય છે પાણી પડીકે, એક રુપીયામાં,
મળે ની:શુલ્ક શીતળ જળ હવે એવી પરબ ક્યાં છે?

નીરાંતે બેસીએ હીંડોળે, કરીએ પ્રેમની વાતો,
હવે હીલ્લોળ એ ક્યાં છે, હવે એવા હરખ ક્યાં છે?

જીવનની વાસ્તવીકતાને ઉતારું છું ગઝલમાં હું,
'નીનાદ' શબ્દો રમાડું હું, હવે એવાં કસબ ક્યાં છે?

.૯. (પાન–૪૦)

એકાદ–બે સળગતા કીસ્સા તો જોઈએ,
ઈતીહાસને જરુરી હીસ્સા તો જોઈએ.

એના વગર અધુરું છે ઘર દરેકનું,
કુરાન, બાઈબલ કે ગીતા તો જોઈએ.

હું દોસ્તો કનેથી શીખ્યો છું આટલું :
વધવું જો હોય આગળ ઈર્ષા તો જોઈએ!

પગમાં ભલે ન બાંધો ઝાંઝર તમે પ્રીયે!
પણ હાથમાં તમારા, હીના તો જોઈએ.
એ એકલા રડે છે, એ વાજબી નથી,
સામાં નયન પણ થોડાં, ભીનાં તો જોઈએ.

હું પ્રેમનો પ્રસ્તાવ મુકી દઉં 'નીનાદ' પણ,

થોડી–ઘણીય એની ઈચ્છા તો જોઈએ!

–નીનાદ અધ્યારુ–

'શ્રી ગઝલ'– 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ' માંથી સાભાર...

કવી સંપર્ક : 'ઋતવન', ૨– ગોલ્ડન પાર્ક, યુનીવર્સીટી રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૫

ફોન: (૦૨૮૧) ૨૫૮ ૩૧૫૬, મોબાઈલ: ૯૭૨૭૨ ૯૯૯૧૧

@

141 : 17-02-2008

# વ્યંગ–હાસ્ય–કલા દરબાર

–મહેન્દ્ર શાહ

અનુક્રમણીકા

‘સન્ડે ઈ–મહેફીલ’ સાથે દર સપ્તાહે અમે આ કલાકારમીત્રનું એક કાર્ટુન પીરસીએ છીએ.

શ્રી. મહેન્દ્ર શાહ એક એવા ગુજરાતી કાર્ટુનીસ્ટ છે જે દુનીયા આખી પર છવાયેલા રહે છે. ઈન્ટરનેટની બલીહારી છે કે કેટલાંય ઈ–મેગેઝીનોમાં એમનાં કાર્ટુન રોજ ઝળકે છે. તે ઉપરાંત લંડનના ‘ઓપીનીયન’ અને અમેરીકાના ‘ગુર્જરી’માં પણ તેમનાં કાર્ટુન નીયમીત છપાય છે. ગુજરાતી મેગેઝીનો, ખાસ કરીને તેમનાં પોલીટીકલ કાર્ટુનો છાપે છે. સાચી વાત એ છે કે મુળે મહેન્દ્રભાઈ એક અચ્છા ચીત્રકાર છે. એમનાં કાર્ટુનોનો અભ્યાસ કરીએ તો એમના કાર્ટુનમાં કટાક્ષ તો નજરે ચઢે જ છે; પરંતુ એમની પીંછીની કમાલ પણ અદ્ભુત ઉઠાવ પામે છે. આજે તેમનાં પેઈન્ટીંગ્સ અને લખાણ દ્વારા એમની બહુમુખી પ્રતીભાને મહેફીલના ચાહકો સમક્ષ રજુ કરીએ છીએ. સારા કાર્ટુનીસ્ટ બનવા માટે ચીત્રકળા, વીનોદવૃત્તી, અને લેખનકળા હોવી જરૂરી છે જ; પરંતુ રાજકીય, સામાજીક, ધાર્મીક પરીસ્થીતી જોવાની,

સમજવાની અને માણવાની શક્તીયે જરુરી છે. મહેન્દ્રભાઈ પ્રતીભાસંપન્ન કલાકાર છે. તેથી જ ગુજરાતમાં જ્યાં કવીઓ અને લેખકો વીપુલ પ્રમાણમાં જણાય છે, ત્યાં કાર્ટુનીસ્ટ આંગળીને વેઢે ગણાય એટલા જ નજરે ચઢે છે!

મુળ અમદાવાદના શ્રી. મહેન્દ્રભાઈ શાહ, ૧૯૭૪થી આર્કીટેક્ટ તરીકે અમેરીકામાં સ્થાયી થયેલા છે. મહેન્દ્રભાઈએ અને એમનાં પત્ની શ્રીમતી. અરુણાબહેને આજે પેટ્રોલપંપો અને સ્ટોરના ધંધામાં ઘણો વીકાસ કર્યો છે. (આ ગુજરાતી વાણીયો કલમથી એકલા લીટા જ નથી કરતો પણ સરવાળા–ગુણાકાર પણ કરી જાણે છે! ‘પીટ્સબર્ગ–પેન્સીલ્વેનીયા’ (‘પેન્સીલ્વેનીયા’ શબ્દમાં જ ‘પેન્સીલ’ અને ‘વાણીયા’ બન્ને છે!)ના ગુજરાતી અને જૈન સમાજમાં આ દંપતી આજે તન, મન, ધનથી પોતાની સેવાઓ આપી રહ્યું છે. તેમની દીકરી રેશ્મા અને દીકરો અનીષ પરણીને પોતાનાં બાળકો સાથે અમેરીકામાં જ સ્થાયી થયાં છે. એમનાં કાર્ટુનોનો પ્રથમ ગ્રંથ ‘અમે અમેરીકન અમદાવાદી’ ૨૦૦૫માં પ્રસીદ્ધ થયો છે. આગામી વરસે ભારત જઈ બીજો સંગ્રહ અંગ્રેજી વર્ઝનમાં આપવાની અને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં શહેરોમાં એમની કલાનાં પ્રદર્શનો યોજવાની પણ તેઓ હોંશ ધરાવે છે. કેટલીવાર પ્રશ્ન થાય : મહેન્દ્રભાઈમાં રહેલો ચીત્રકાર ચડે કે કાર્ટુનીસ્ટ? અમને હજી જવાબ જડ્યો નથી!

દેશવીદેશના એમના ચીત્રચાહકો મોટી મોટી કીંમત ચુકવી એમનાં ચીત્રો ખરીદે પણ છે. http://picasaweb.google.com/mahendraaruna1/ArtGallery એમનાં ઘણાં એવાં મુલ્યવાન પેઈન્ટીંગ્સ ઉપરોક્ત આર્ટ ગેલેરીમાં જોવા મળે. તે માટે તેમને ઈ–મેઈલ પણ કરી શકાય. અહીં આપેલું એમનું નમુનારુપ એક કાર્ટુન, સમાજનું અંદર–બહારનું ખરું ચીત્ર હળવી રીતે રજુ કરે છે. લોકો તે માણવા આતુર હોય છે. વેલેન્ટાઈન–ડે, એ મહેન્દ્રભાઈ અને અરુણાબહેનની ૩૯મી લગ્નતીથીનો દીન છે. 'સન્ડે ઈ–મહેફીલ ટીમ' તરફથી બન્નેને ઢગલો શુભેચ્છાઓ..

–હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ♦ મધુરેણ સમાપયેત્ ♦



## What is '**Mafat**'?

# 'મફત' એટલે?

વીસેક વરસ પહેલાંની વાત છે. અમારે અહીં પીટ્સબર્ગમાં દર વર્ષે મે મહીનામાં કન્વેન્શન હૉલમાં જુદા જુદા દેશની એથનીક કમ્યુનીટીઝ, સીટી, કાઉન્ટી અને બીઝનેસ કંપનીઓના સહયોગથી ફોક ફેસ્ટીવલ કાર્યક્રમનું આયોજન થાય છે. પીટ્સબર્ગની ભારતીય કમ્યુનીટી પણ દર વર્ષે ફેસ્ટીવલમાં ભાગ લે છે.

ફોક ફેસ્ટીવલમાં મોટા હૉલની ચારે બાજુએ જુદા જુદા દેશના ફુડ–બુથ, આર્ટ–બુથ હોય છે અને મધ્યમાં મોટું સ્ટેજ હોય છે, જ્યાં બધા જ દેશના સાંસ્કૃતીક કાર્યક્રમો થતા રહેતા હોય છે. આ ઉપરાંત ઘણી કંપનીઓનાં બુથ, એમના બીઝનેશના પ્રમોશનને અનુલક્ષીને તથા કાર્યક્રમને સ્પોન્સર કરવાની દૃષ્ટીએ, ગોઠવેલાં હોય છે – જેવાં કે વેસ્ટર્ન યુનીયન, એર લાઈન્સ, ફોન કંપનીઓ, ઈન્સ્યુરન્સ, ટ્રાવેલ એજન્સી વગેરે વગેરે..

એમાં AT & T ફોન કંપનીનું બુથ પણ હતું. AT & T, નવા કસ્ટમર્સ સાઈનઅપ કરવાના આકર્ષણરુપે, બધાને પોતપોતાના વતનમાં પાંચ મીનીટ સુધી ફોન પર ફ્રી વાત કરવા દેતી હતી. ઓપરેટર યુવતી બધાને એક પછી એક

લાઈન જોડી આપતી હતી. સ્વાભાવીક જ, દેશીઓનું ટોળું તો ત્યાં હોય જ ને? પડે તેના કટકા! બહુ મોટી લાઈન હતી. હું પણ તેમાં હતો. (મફત હતું ને! )

અહીં અમેરીકામાં બપોરના ત્રણ–ચારનો સમય હશે અને ભારતમાં લગભગ રાતના બેની આસપાસ થયા હશે. હવે, આ સમયે ભારતમાં ફોનની ઘંટી વાગે એટલે સ્વાભાવીક જ સગાંવહાલાં ભરઉંઘમાંથી ફોન ઉપાડી પહેલો સવાલ એ પુછે કે, 'કેમ આટલી મોડી રાતે ફોન કર્યો? બધા મઝામાં તો છે ને?' અહીંથી જવાબ જાય કે, 'મફત છે ને? એટલે! '

આમ એક પછી એકનો વારો આવતો જાય, એક જ પ્રશ્ન પુછાય, 'કેમ આટલી મોડી રાતે?' એક જ જવાબ અપાય, 'મફત છે ને! ' અને કન્વેન્શન હૉલમાં તો જાણે 'મફત..મફત'ના પડઘા જ સતત ન ઉઠતા હોય!

બુથમાં બેઠેલી અમેરીકન ગોરી ઓપરેટરે બીચ્ચારીએ હજ્જારો વાર 'મફત..મફત' શબ્દ સાંભળ્યો હશે તેથી કે કેમ; પણ જ્યારે મારો વારો આવ્યો ત્યારે અને વળી હું એની જોડે જરા વધારે ફ્રેન્ડલી વાતો કરવાને ઈરાદે ખપાવવા માંડ્યો, તો તે તેની ઈન્તેજારી રોકી શકી નહીં . મને તેણે હીંમત કરીને પુછી જ નાખ્યું, 'What is 'Mafat?'

–મહેન્દ્ર શાહ

સંપર્ક:

Mahendra Shah, 201- Spencer Ct., Moon Twp. PA-15108- USA...

Phone- 412-780-6051 eMail : mahendraaruna@msn.com

અને mahendraaruna1@gmail.com

Website : www.ameamericanamdavadi.com

@

142 : 24-02-2008

# માતા : કુંવારી કે પરણેલી

–અવંતીકા ગુણવંત

અનુક્રમણીકા

પાર્કીંગ પ્લૉટમાં એની ક્યારેક ક્યારેક મળી જાય ને ખબર–અંતર પુછીએ. કટાઈ ગયેલી ઠાઠીયું ગાડીને સ્ટાર્ટ કરવા એ મથતી જોવા મળે. ગાડી મોટે ભાગે એને પજવતી હોય; પણ એની મને જુએ એટલે હસીને વાત કરે. જમણા કાને સાંભળે નહીં; એટલે ડાબો કાન મારી સામે ધરે અને કહે, "આ કાને બરાબર સંભળાય છે."

એક દીવસ એ ઉતાવળમાં લાગી. મને કહે, "મારી દીકરી કેથેરાઈનની દીકરી ફ્લોરાને દીકરી આવી, જેઈની તેનું નામ. હું હૉસ્પીટલ જાઉં છું."

હું નવાઈ પામી ગઈ. મેં કહ્યું, "એટલે કે તમે 'વડી દાદી' બન્યાં? અભીનંદન; પણ તમારી ઉંમર શી?"

"ત્રેપન વરસ. મારી વીસ વર્ષની ઉંમરે કેથેરીન આવેલી. કેથેરાઈનને પંદર વર્ષની ઉંમરે ફ્લોરા ને ફ્લોરાને અઢારની ઉંમરે આ જેઈની," ઉત્સાહથી એ બોલી.

"તો ફ્લોરાને તમે આટલી નાની ઉંમરે પરણાવી દીધી છે?"

‘‘પરણાવી નથી. હજી તો એ ભણે છે. આ તો એના બૉયફ્રેન્ડથી થયેલું બાળક છે.’’

‘‘પણ બાળક આવવાનું છે એ ખબર પડી ત્યારે જ લગ્ન કરાવી દીધાં હોત તો?’’

‘‘કેવી રીતે થાય? એ છોકરો હજી કમાતો નથી, ફ્લોરાની સાથે જ ભણે છે. લગ્ન કરીએ તોયે શું? એમનું ઘર કેવી રીતે માંડે? હાલ લગ્ન કરવાનો એમનો વીચારેય નથી.’’

‘‘તો બાળક કોણ ઉછેરશે? કેવી રીતે ઉછેરશે? એની જવાબદારી?’’

‘‘હૉસ્પીટલનો ખર્ચ તો મેં આપ્યો. સીઝેરીયન કરાવવું પડયું. ફ્લોરા મારે ઘરે જ રહે છે.’’

‘‘ફ્લોરા તમારે ઘરે રહે છે? તો એનાં માબાપ ક્યાં?’’

‘‘ફ્લોરાના જન્મ પછી કેથેરાઈન દારુડીયણ થઈ ગઈ હતી. ફ્લોરા એને સોંપાય એવું હતું જ નહીં. ફ્લોરાને અને એની નાની બહેન રીટાનેય મેં જ ઉછેરી છે. અત્યારે એ એની મા પાસે છે.’’

‘‘કેથેરાઈન કુંવારી મા હતી?’’ મારાથી એકાએક પુછાઈ ગયું.

મારા સવાલથી જરાયે આંચકો ખાધા વીના ઍનીએ કહ્યું, ‘‘હા.’’

‘‘આવું બને ત્યારે તમને બહુ દુખ થતું હશે?’’

‘‘થાય જ ને! રાતોની રાતો ઉંઘ ઉડી જાય. હવે શું કરું, શું કરું તે વીચારી વીચારીને હું બહાવરી બની જાઉં. ખુબ રડું.’’

‘‘ગર્ભપાત કરાવી નાખ્યો હોત તો? બધું પતી જાત!’’

‘‘ના, ના. એવું પાપ ન કરાય. જે જીવ આવવા ધારે એનું સ્વાગત જ હોય. પુરાણકાળથી કુંવારી માએ બાળકને જન્મ આપ્યો છે. આ વાત વાંચીએ ત્યારે વાર્તા જેવું લાગે; પણ પોતાના જીવનમાં એવું બને ત્યારે માથું કુટવાનું મન થઈ જાય. પણ એમ કર્યાથી થયું ન થયું ઓછું થવાનું છે?’’

‘‘તમે નાનપણથી દીકરીને સલાહ–સુચન ન આપો? એની હીલચાલ પર નજર ન રાખો? કોને મળે છે, ક્યાં જાય છે? અને વાંધાજનક હોય ત્યાં રોકો નહીં?’’

‘‘અહીં તો સમાજ નીર્બંધ છે. આ દેશમાં કાયદેસર અસીમ સ્વતંત્રતા મળી છે, છોકરીઓ છોકરાઓને મળવા જાય. બનીઠનીને તમારા દેખતાં જાય. તમારાથી રોકાય નહીં. છોકરાને મળે અને તે છુટ લે તો શું થાય તે મેં એને બરાબર સમજાવ્યું જ હતું. બાળક જન્મે તો કેટલી મુસીબત આવે એ પણ કહ્યું જ હતું. છતાં એ એના બૉયફ્રેન્ડ પાસે જતી જ. રોકું તોય ઝઘડો કરીને જતી. છેવટે મેં અને ગર્ભનીરોધક ગોળીઓ આપી હતી. પણ એણે જાતે જાણીજોઈને ગોળીઓ ગળી જ નહીં. અને આ બાળક લાવી! મને કહે છે, ‘મા બનવું કેટલું રોમાંચક છે! આપણા લોહીમાંસનું સર્જન થાય. ધીરે ધીરે વીકાસ પામે.

એનામાં આપણો સ્વભાવ, રુપ, બુદ્ધી ઉતરે. કેવી અદ્ભુત વાત છે! આનો અનુભવ કર્યા વીના કેમ રહું?' હવે શું સમજાવું એને?''

''બાળકના જન્મની સાથે જવાબદારી પણ આવે. એનો ખ્યાલ એને નથી?''

''કાલનો ક્યાં વીચાર જ કરે છે આ યુવા પેઢી? બૉયફ્રેન્ડ પરણે નહીં તો હુંફ, સહાય વીના બાળક ઉછેરવાનું આવશે એવી શંકાય મનમાં નથી લાવતી! એ તો કહે છે, 'બસ! વર્તમાનની આ ક્ષણોને મન ભરીને માણી લો.' કોઈ ગંભીર વીચાર નહીં, અભીગમ નહીં.''

''પણ તમે એની આવી વાતનો સદંતર વીરોધ કેમ ન કર્યો? સાથે રાખી જ શું કામ? નવમહીનામાં જ બધી ખબર પડી જાત. બૉયફ્રેન્ડની પણ પરીક્ષા થઈ જાત. જીન્દગી કંઈ મજાક છે?''

''જીન્દગી મજાક નથી; પણ એની એને સમજ પાડવા એને આવી અવસ્થામાં કાઢી મુકાય? અમેરીકામાં દર વરસે પાંચ હજાર કાચી ઉંમરની કુંવારી કન્યાઓ બાળકને જન્મ આપે છે. વધારે અનીષ્ટ ન બને, નવજાત બાળક રખડી ન પડે તે માટે સરકાર પણ ઘણા પ્રકારે મદદ કરે છે. પરીસ્થીતીને પહોંચી વળવાની છોકરીઓને હીમ્મત આપે છે. ત્યારે આપણે આપણી જ દીકરીને તરછોડીએ? આપણે એના છીએ, એના માટે છીએ, એ થોડી ધીરજ રાખશે તો આપણી સહાયથી આ સમય

સારી રીતે પસાર થઈ જશે, એમ ઉલટું એને વારંવાર કહેવું અને કરી બતાવવું જોઈએ. એને સહાય ન કરીએ તો એ બાળકને ત્યજી દે અને ગુના પર ગુના બનતા જ જાય અને નીર્દોષ બાળકનું જીવન ચુંથાઈ જાય. માટે ફ્લોરાએ લગ્ન નથી કર્યાં એ વાત હું મન પર લાવતી જ નથી. એને એકે કડવો શબ્દ નથી કહેતી.''

ઍનીની સમજદારી માટે મને ભાવ ઉભરાયો. મેં કહ્યું, ''નાનકડી જેનીને જોવા આવું?''

''જરુરથી,'' એણે કહ્યું. હું એને ઘરે ગઈ ત્યારે જોયું કે ફ્લોરાના રુમમાં ચારેબાજુ જાતજાતનાં રમકડાં ગોઠવ્યાં હતાં. ભીંતો પર તંદુરસ્ત બાળકોનાં આકર્ષક ફોટાઓ લગાવ્યા હતા. રુમનું વાતાવરણ પ્રસન્નકર હતું.

આ બાળકીનો જન્મ હજારો ચીંતાઓ લાવ્યો હતો; છતાં એનું આવું સ્વાભાવીક અને ઉમળકાભર્યું સ્વાગત! અણગમતા બાળ–આગમનનો આવો મહીમા! આ બાઈની સ્વસ્થતા પર હું તો વારી જ ગઈ. કેટલો ઉલ્લાસ–ઉત્સાહ એનામાં છે!

ત્યાં ટેબલ પર આલ્બમ પડ્યું હતું. મને બતાવતાં કહે, ''જુઓ, આમાં મારું બાળપણ પડ્યું છે.'' આલ્બમ હાથમાં લેતાં મેં પુછયું, ''તમે મુળ ક્યાંનાં?''

''ફ્રાન્સની. મારા પીતા ખેડુત હતા. અમારે ઘરે ગાયો હતી. ઘોડો હતો. ખુબ મઝાનું જીવન હતું.'' પછી સ્વગત

બોલતી હોય તેમ એ બોલી, ‘‘જીવનમાં સુખના દીવસો થોડા હોય છે. ખુબ થોડા. તેથી જ તે મમળાવ્યા કરવાનું. બાકી તો જીવન રોળી નાખે એવા દુ:ખ આપનારા દીવસો જ વધારે.’’

‘‘અલ્પ સુખને ક્યાં સુધી મમળાવ્યા કરો?’’

‘‘મારી આ બે આંખો કાયમ ઉજળી બાજુ જુએ છે. સૌંદર્ય જુએ અને સુખ પામે. જ્યારે હું આ જેઈનીને હાથમાં લઉં છું ત્યારે કુંવારી દીકરીનું આ બાળક કેટકેટલી વીટંબણાઓ સર્જશે એમ વીચારી ભયભીત નથી થતી. બધી શંકા, કુશંકા, ચીંતાઓને વેગળાં કરી, એનાં નાજુક હાથપગને ચુમું છું. એ મારું જ લોહી છે એવા હરખથી છાતી સરસી ચાંપું છું. મને એના ચહેરા પર ક્યાંય પાપ નથી દેખાતું. એ હસે ને સાવ હળવી બનીને હું સામે હસું. રડવાનો કે નીસાસા નાખવાનો મારો સ્વભાવ જ નહીં.’’

‘‘તમારે સારા પગારની નોકરી હશે,’’ ન પુછાય તેવો સવાલ સહજતાથી જ મારાથી પુછાઈ ગયો.

‘‘હું ખાસ ભણી નથી, કોઈ વીશીષ્ટ અનુભવ પણ નથી એટલે ઉંચા પગારની નોકરી તો નથી. શરીરમાં તાકાત હતી ત્યારે કારખાનામાં લગભગ મજુરી કહેવાય તેવી જૉબ કરતી. અત્યારે તો નાનાં બાળકોને સાચવવા જાઉં છું. જરુર પુરતું મળી રહે છે.’’

એનીના આલ્બમનાં પાનાં હું ફેરવ્યે જતી હતી ને કોઈ પુરુષનો ફોટો દેખાય કે તરત પુછું, ‘‘આ કોણ?’’ હું એના પતી વીશે જાણવા માગતી હતી. મારા મનની વાત એ સમજી ગઈ હોય એમ એ ધીમેથી બોલી, ‘‘હું પરણેલી નથી.’’ ને હું તો સડક થઈ ગઈ! કંઈ બોલીયે ન શકી. એની સામે જ જોતી રહી. થોડી વારે એ બોલી, ‘‘મારી જ ભુલ મારી દીકરીઓ કરે છે. વીશ્વાસુ સ્વભાવ, અત્યંત લાગણીમાં દોરવાઈને આંખો મીંચી બધું સોંપી દે છે. મારો આ સ્વભાવનો વારસો મારી દીકરી કેથીમાં અને તેની દીકરી ફ્લોરામાં ઉતર્યો. અમારાં ઘર પુરુષ વગરનાં રહેવા જ સર્જાયાં છે.

‘‘તમે નસીબમાં માનો છો?’’

‘‘ન માનવું હોય તોય માનવું પડે છે. આપણે ધારીએ કે હું કરું તેમ થાય, હું ધારું એ કરું; પણ એ ભ્રમણા છે. જે કરીએ તેની અસરો કેવી દુરગામી છે! બધેથી તમને જકડી લે, બાંધી દે. આ સ્વતંત્ર દેશમાંયે તમે તમારી સ્વતંત્રતા ગુમાવી દો. એક ક્ષણની ઘટના આખું જીવન હચમચાવી દે. જીવનનું રુપ જ બદલાઈ જાય! ઉલ્કાપાત મચી જાય. આવા સમયે જીવવું સહેલું નથી. પોતાનું બાળક પોતાની છાતીએ વળગાડીને જીવવું, એકલા હાથે જીવવું..

‘‘ફ્રાન્સ છોડી હું અમેરીકા આવી; પણ મારું નસીબ તો જુઓ! મનમાં હતું : કેથેરાઈન મોટી થશે એટલે એને પરણાવી

દઈ હું પરણીશ. પણ પંદર જ વરસની ઉંમરે એ દીકરી લાવી. એનું જીવન છીન્નભીન્ન થઈ ગયું. બે વરસે બીજી દીકરી આવી. છોકરાઓનો સંગ એ છોડી ન શકી. એ બે દીકરીઓને મેં ગળે વળગાડી. મારા મનમાં હતું કે આ દીકરીઓ મોટી થશે ને હું ક્યાંક મારું ઠેકાણું પાડીશ. પણ ઈશ્વરને એ મંજુર નથી. હવે મારે આ જેઈનીને મોટી કરવાની!..

“તોય આ દેશમાં તમે સ્વમાનથી જીવી શકો છો. કોઈ તમને હડધુત નથીકરતું. ગમે તે ઉંમરે લગ્નની શક્યતા પણ રહે છે..

“છતાંય થાય છે કે, જાતીયજીવનમાં જ સુખ શોધવાની ભુલ કેમ અમે કરતાં હોઈશું? સંયમ કેમ નહીં દાખવતાં હોઈએ? વૃત્તીઓને અંકુશમાં રાખવાનું તમારી ભારતીય સંસ્કૃતીની જેમ અમારા લોહીમાં કેમ મળતું નહીં હોય? અમારું જીવન વસમું છે..”

આટલું કહી ઍની તો જેઈનીને જોવા બાજુના ઓરડામાં ઉપડી ને હું તો વીમાસતી ને વીચારતી જ રહી! રાતોની રાતો...!

–અવંતીકા ગુણવંત

સંપર્ક : ‘શાશ્વત’, કે. એમ. જૈન ઉપાશ્રય સામે, ઑપેરા સોસાયટીની બાજુમાં, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭,

ટેલીફોન : (૦૭૯) ૨૬૬૧ ૨૫૦૫

ઈ–મેઈલ : avantika.gunvant@yahoo.com

લેખીકાના ‘પ્રેમ! તારાં છે હજાર ધામ’ વાર્તાસંગ્રહ (પ્રકાશક : આર.આર શેઠ, ‘દ્વારકેશ’, રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧ ટેલીફોન: ૦૭૯–૨૫૫૦ ૬૫૭૩ ઈ–મેઈલ : sales@rrsheth.com, પ્રથમ આવૃત્તી: ૨૦૦૫, પૃષ્ઠ : ૨૧૬, મુલ્ય : રુપીયા ૧૧૦) માંથી સાભાર..

@

143 : 02-03-2008

# ગઝલ–વીવેક

-ડૉ. વીવેક ટેલર

અનુક્રમણીકા

## ૧.

પાણી ભરેલાં વાદળોને ખેંચી લાવવા,
ઓછાં પડે છે, દોસ્ત! આ શહેરોને ઝાડવાં.

એક તો આ રણ વીશાળ છે, ઉપરથી ઝાંઝવાં,
ખુદમાં ડુબી ગયેલને ક્યાંથી તરાવવા?

તારા વગર આ આંખની રણ જેવી ભોંયમાં,
મૃગજળ ઉગે તો ઠીક, ક્યાં વરસાદો વાવવા?

પરપોટો થઈ વીલાવાનું જળમાં થયું નસીબ,
હોવાપણાનો દેહ ન ત્યાગી શકી હવા.

એક આ ગઝલ સરીખડા લવચીક દેહને,
છંદો, રદીફ, કાફીયા: શું–શું ઉપાડવા?

કપડું છો ફાટે શ્વાસનું, દોરો નહીં ફીટે,
શબ્દો મળ્યા, હવે બીજા બખીયા શું ટાંકવા?

## ૨.

મને શબ્દ જો મળે રાહમાં, તો કહું હું આટલું કાનમાં;
બીજું કોઈ ઘર ના ગમ્યું કદી, મને રાખ તારા મકાનમાં.

આ શરીર યાને જરા હવા કરે આવજાવ વીરાનમાં,
હલે તો હલે કોઈ પાંદડુ, બધું સ્થીર છે અન્યથા સ્થાનમાં.

સદી ગ્યું છે સદીઓથી પીંજરું, ન પુછો મજા શી ઉડાનમાં?
જુઓ બસ, અમારી આ આંખમાં અને સમજી લો બધું સાનમાં.

કયો પગ લઈ કયા પાણીમાં હું યુગોયુગોથી ઉભો હતો?
હતી માછલી તો ઘણી છતાં, હું રહી ગયો કયા ધ્યાનમાં?

પળેપળ બળીને જ જીવ્યો છું, મર્યા બાદ બાળીને કરશો શું?
મને લઈ જશો ના સ્મશાનમાં, દઈ દેજો દેહ આ દાનમાં.

# 3.

કયાં કારણોથી ને કોના પ્રતાપે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો
આજે?
કહો, કોણ કોના હીસાબો તપાસે? તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

હતો મુળનો ને રહ્યો મુળમાં હું, તમે ચાલ સમજી લીધી’તી
સમયની,
બની ફળ મજાના ઉંચી કોઈ ડાળે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

હતી શ્વાસમાં જે દીશાઓ, હવાઓ અને સાથે રહેવાની વણખાધી
કસમો,
છું હું એ જ છાતીના તુટ્યા પ્રવાસે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

મળો ઝંખનામાં, મળો યાદમાં ને મળો સ્વપ્નમાં પણ ને
અલમારીઓમાં
દબાયેલા આલ્બમના એકાદ પાને તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

કદી એક રાવણ, કદી કંસ એક જ હતા પુરતા તમને
અવતારવાને,
અમે આજે લાખો–હજારો વચાળે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

વીરહ, ઝંખના, યાદ, દુ:ખ, સઘળું ટાઢું, કયા ફેફસાંમાંથી હું
આગ કાઢું?
પવન જોઈએ જે અગનને જીવાડે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

સમય, શબ્દ ને અર્થની બહાર આવી, બધી ઈચ્છા ત્યાગી ને
હોવું વટાવી,
ઉભો છું ક્ષીતીજ પારના આ મુકામે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા
છો આજે?

## ૪.

મને ન પુછ કે તારા વગર શું છુટકો છે?
ન પુછ વાયુને, વાયા વગર શું છુટકો છે?

નસીબમાં નહીં, મહેનતમાં ફક્ત માને છે,
એ હાથમાંય જો... રેખા વગર શું છુટકો છે?

વસંત જેવી તું આવીને વળગી બેસે તો,
આ કાષ્ઠનેય મહોર્યા વગર શું છુટકો છે?

ન હોય કોઈ જ્યાં બંધન ત્યાં કેવી આઝાદી?
જો વહેવું હોય તો કાંઠા વગર શું છુટકો છે?

જીવન–મરણની તમે વાત લઈને બેઠા છો...
અને જીવો–મરો સ્વેચ્છા વગર, શું છુટકો છે?

ભલે ને તું નહીં દેખાતો હોય ક્યાંય છતાં,
તું છે વાતને માન્યા વગર શું છુટકો છે?

ભલે ને સોમી ગઝલ લખતો હોઉં હું તો પણ;
વીતેલી પળ ફરી જીવ્યા વગર શું છુટકો છે?

## ૫.

ગત–અનાગત બેયનો ફાળો હશે,
લોહીઝાણ એથી શું વચગાળો હશે?

હું હજી નીચે છું બસ એ વાતથી
થાય છે સાબીત, ઉપરવાળો હશે 1

સ્વપ્નને કહેજો પગરખાં વાપરે,
પાંપણોનો માર્ગ પથરાળો હશે.

વરસો રાખે એને ક્ષણમાં છોડે જીવ,
મૃત્યુનો દેહ ઓર રુપાળો હશે?

ઝાંઝવાના પગ લઈ સૌ દોડતાં –
ક્યાંક તો રણદ્વીપ હરીયાળો હશે 1

પેન લેતામાં ઉમડશે, ધાર્યુંજાતું,
ધાર્યું ન્હોતું, શબ્દ નખરાળો હશે.

## ૬.

શબ્દો છે મારા શ્વાસ અને કાવ્ય પ્રાણ છે,
ચારેતરફ આ લોહીમાં અક્ષરની આણ છે,

સીદ્ધાર્થમાંથી હર ક્ષણે ગૌતમ બનું છું હું,
લોહીનું શબ્દે–શબ્દે કલમમાં પ્રયાણ છે.

ઈન્દ્રીયના આ ઢોરને કાબુમાં કરશો કેમ?
દરવાજા છોને બંધ હો, ખુલ્લી ગમાણ છે,

અણઆવડતનું બહાનું હવે કેમ કાઢશો?
ઉભા છો જ્યાં આ પાણી તો ઢીંચણસમાણ છે.

બોલે જો હોઠ જુઠું, સીધું આંખમાં જુઓ,
વર્ષો જુનો ઈલાજ છે; પણ રામબાણ છે.

બે–ચાર શ્વાસ સુધીની તકલીફ છે બધી,
આગળ પછી આ રસ્તામાં સીધું ચઢાણ.

# ગીત

## 1.

બટકેલી ડાળ તમે તોડી શકો છો, દોસ્ત! બગડેલા સંબંધનું શું?
કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

સાથે પગલાં માંડ ચાલ્યા’તા પાંચ ત્યાં તો
રસ્તાને આવી ગઈ આંચ;
અડવાનું ભોંયને શીખ્યા’તા માંડ એમાં
સપનાને વાગી ગ્યો કાચ,
મળી શકો એ પહેલાં છુટા પડો એવા સગપણનું નામ બીજું ‘હું’?

કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

આંખોના પાદરમાં કુવા છલકાય કેમ?

હૈયાના મોલ કેમ ભારે?

અળગા થવાની કોઈ વેદના ન હોય તો

ઉઠે શીદ નેણ વારે–વારે?

દફનાવી દઈએ બધું મળી સમજીને પછી ઉગે એ કુંપળનું શું?

કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

સહ–બંધ ગણો કે સંબંધ કહો એમાં કંઈ

નફો નુક્સાન તો જોવાય નહીં;

આંખોનાં વાદળીયાં ઘેરાશે કાલ કહી,

દરીયા કંઈ કાળના ભુંસાય નહીં,

દીલનો સુરજ તપે આજે તો આજે, ને કાલે તપે તો કાલે

ચોમાસું.

કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

## મુક્તક

મારી દુઆ સાચી હશે તો કો’ક દી ફળશે તને,

મારો પ્રણય સાચો હતો એની સમજ પડશે તને;

પથ્થર છું, છો તુજ રાહનો, ઠોકર નથી, ના..ના..નથી,

પગ મુક, ઉંચાઈ પગથીયાની સદા મળશે તને.

## હાઈકુ

### ૧.

ખાલી આભને

શ્રાવણનાં, બનાવું

રણની હોડી!

### ૨.

અરીસો ફુટે

કણ કણ થૈ જાઉં,

છાયા ન મીટે.

### ૩.

તડકાસળી

વીણીને માળો બાંધે

સમયપંખી.

## ૪.

પુષ્પનેત્રમાં

વસંતનું કાજળ,

ભમરો હસે.

## ડૉ. વીવેક ટેલર

સંપર્ક : આયુષ્ય મૅડી–કૅર હૉસ્પીટલ અને કાર્ડીયાક સેન્ટર,

47- સ્વીટી સોસાયટી, ભટાર રોડ, સુરત-395 001

ટેલીફોન : 0261-223 4030/31/32

મોબાઈલ : 98241 25355

ઈ–મેઈલ : dr_vivektailor@yahoo.com

વેબસાઈટ : http://vmtailor.com/

@

144 : 09-03-2008

# ગાંધીનો દાંડી પીટનારો

-મહાવીર ત્યાગી

અનુક્રમણીકા

પહેલા વીશ્વયુદ્ધમાં ફોજી નોકરીમાં મને ઈરાન મોકલવામાં આવ્યો હતો. ત્યાંથી બલુચીસ્તાન આવ્યો અને ૧૯૨૦માં અમે દેશ ભેગા થયા કે તરત જ હું ગાંધીજીને મળવા સીધો અલ્હાબાદ પહોંચ્યો. ત્યારે ખાદીનાં કપડાં સીવડાવી લેવા જેટલો પણ હું થોભ્યો નહોતો. છાપામાં ગાંધીજીની અપીલ વાંચી હતી એટલે નોકરીનું રાજીનામું આપીને જ આવ્યો હતો. આનંદભવનમાં પંડીત મોતીલાલ નહેરુ, મહાત્મા ગાંધીજી અને મૌ. મહમદઅલી–શૌકતઅલી અંદરઅંદર ચર્ચા કરી રહ્યા હતા; છતાં મને એમની સમીપ જવાની રજા મળી ગઈ. ત્યાં બેસવા માટે ખુરશી આપી એટલે તરત જ મહાત્માજી આગળ મારો બધો વૃત્તાંત કહી નાખ્યો. છેવટે પ્રાર્થના કરી : ‘મને કાંઈ કામ બતાવો.’

ગાંધીજી હસીને બોલ્યા : ‘જે કામ બતાવું તે કરશો?’

મેં કહ્યું : ‘જરુર કરીશ.’ એટલે ગાંધીજીએ જણાવ્યું : ‘જાવ, એક નગારું ખરીદી દાંડી પીટજો.’

મેં નમસ્કાર કર્યા અને પાછો આવ્યો. મનમાં વીચાર્યું કે કામ તો સહેલું છે! એમાં કંઈ બુદ્ધીની ખાસ જરુર પણ નથી. ફક્ત એક નગારું ખરીદી લાવવાની વાર છે–પછી દાંડી પીટી દઈશ. શેની દાંડી પીટીશ તેનો વીચાર કરતો હું ઘરે પહોંચ્યો. ઘરે પહોંચ્યા પછી ગાંધીજીની આજ્ઞા મુજબ ખરેખર દાંડી પીટવા માંડી. ત્યારથી તે આજ દીન સુધી મારું કામ કૉંગ્રેસની દાંડી પીટવાનું રહ્યું છે. હવે તો મને પણ સમજાય છે કે જે કામ મને સોંપવામાં આવ્યું હતું તે કામ ભારે જવાબદારીવાળું અને સારું હતું. એ કામ કરતાં કરતાં તો હું નેતા બની ગયો છું.

પહેલાંના જમાનામાં મહેતર લોકો દાંડી પીટવાનું કામ કરતા હતા. એટલે જ્યારે એ કામ મેં ચાલુ કર્યું ત્યારે એ કામને મહત્ત્વ મળી ગયું. જ્યાં ચાર રસ્તા મળ્યા કે એક મુડો મુકતો ને એના પર હું ઉભો થઈ જતો. કાં તો ઢોલ બજાવતો; કાં તો બ્યુગલ ફુંકતો ને કાં તો ઘંટ વગાડતો. એનાથી ભીડ થઈ જતી. પછી મહાત્મા ગાંધીજીની આજ્ઞાઓનો પ્રચાર શરુ કરતો. ભીડ વધવા માંડી ત્યારે પતરાનું ભુંગળું લઈ આવ્યો; કેમ કે એની મદદથી અવાજ દુર સુધી પહોંચતો. થોડા જ દીવસોમાં મારા શહેરના લોકો મને ઓળખી ગયા. બજારના લોકો તો ચહેરા પરથી ઓળખી શકતા; પરંતુ દુર છાપરાં અને અગાસીઓ પર બેસીને સાંભળતી બહેનો તો મારા માથાની તાલ પરથી મને ઓળખતી થઈ. કોઈ પણ આગેવાન માટે આટલી વાત ઘણી

મોટી હતી કે ચારે તરફથી લોકો એને ઓળખી લે. મારી આગેવાનીની શરુઆત દાંડી પીટવાથી થઈ.

## જવાહરલાલનું ધોતીયું

સન ૧૯૨૧માં ખાદી મળે; પણ ૩૦ ઈંચના પનાની. ઉત્તરપ્રદેશની સ્ત્રીઓને જાડું સુતર કાંતવાની ટેવ હતી. અમે બધા ઘુંટણ સુધીનું ધોતીયું પહેરીને ચલાવતા. નાહ્યા પછી તેને નીચોવવા કોઈ સાથીને મદદમાં બોલાવવો પડતો. અથવા એક તરફનો છેડો પગ નીચે દબાવી, પાંચ ઈંચનું આ જાડું દોરડું આમળવું પડતું. એ દીવસોની વાત છે– ગાંધીજીએ જ્યારે કૉંગ્રેસના એક કરોડ સભાસદ નોંધવાનો અને તીલક સ્વરાજ ફંડમાં એક કરોડ રુપીયા એકઠા કરવાનો આદેશ આપ્યો હતો, એ વર્ષે અમારી પ્રાંતીક સમીતીના મંત્રી હતા સ્વ. કપીલદેવ માલવીય, શ્રી. ગૌરીશંકર મીશ્ર, શ્રી. જીયારામ સક્સેના અને જવાહરલાલ નેહરુ.

એ દીવસોમાં બીજનૌર જીલ્લામાં મારું કાર્યક્ષેત્ર હતું. અમારા બધામાં વધારેમાં વધારે ફેશનેબલ તરીકે જવાહરલાલને ગણવામાં આવતા. એ જ્યારે બીજનૌરમાં ફરવા આવ્યા, ત્યારે એમણે જે ધોતીયું પહેરેલું હતું તે દોઢ પનાનું હતું. ૩૦ ઈંચ પનાના થાનમાં પંદરથી અઢાર ઈંચનો એક બીજો પટ જોડેલો હતો. એથી એમનું ધોતીયું નીચે ઝુલે એવું બન્યું હતું

અને છેક ઘુંટીની નીચે સુધી પહોંચતું હતું. ત્યારે પાંચ વારનું પહેરવાનો સામાન્ય રીવાજ હતો, ચાર વારનું ધોતીયું ચાલુ થયું નહોતું. જવાહરલાલ પણ પાંચ વારનું ધોતીયું પહેરતા અને બંગાળીઓની માફક સામે પાટલીની કલ્લી ઝુલતી રાખવાને બદલે એના વડે ભેટ બાંધી દેતા. એમનું જોઈ અમે પણ દોઢ પટનાં ધોતીયાં સીવડાવી લીધાં. મને બરાબર યાદ છે કે લોકો કૉંગ્રેસના સભાસદ થતાં ઘણા ગભરાતા હતા. પચાસ ઘર ફરીએ ત્યારે માંડ ચાર–પાંચ સભાસદો નોંધી શકાતા. સવારથી સાંજ સુધી ફરતા રહેતા અને ચાર–પાંચ જણાને પણ નોંધી શકતા તો અમે ધન્ય બની જતા. શહેરમાં જેટલા સભાસદ થાય તેમનાં નામ અમને મોઢે રહેતાં.

જવાહરલાલ નેહરુના આવવાથી અમારી હીંમત વધી ગઈ. એ અમારી સાથે કૉંગ્રેસના સભાસદ નોંધવા નીકળી પડ્યા. એક દુકાને ફાળો ઉઘરાવા એમણે એમનું પહેરણ સામે ધરી દીધું –જાણે ભીક્ષા માગતા હોયને! એની એવી તો અસર થઈ કે, અમે ગાંડા જેવા થઈ ગયા. અમે બધા દીવસ અને રાત, રાત અને દીવસ કામ કરતા હતા. ત્યારે મોટરોનો રીવાજ નહોતો. ઘણું કરીને પગે ચાલીને જ અમે ફરતા. આપણા વડાપ્રધાન નેહરુને અમારી સગી આંખે સાધારણ ચંપલ પહેરીને રાયબરેલી, પ્રતાપગઢ, વગેરે ક્ષેત્રોનાં ગામેગામ અને જંગલ કે ઝાડીઓમાં પગે ચાલીને જતા જોયા છે. કેવો જુસ્સો હતો, કેવો ઉમંગ હતો

કેવો ઉત્સાહ હતો! વીદ્યાર્થીઓનાં ટોળેટોળાં એમનું ભાવી મુઠીમાં લઈ ઉલટભેર કોંગ્રેસની આગેવાની નીચે સ્વાતંત્ર્યના આંદોલનમાં ભાગ લેવા આવતાં હતાં.

એ આંદોલનના પ્રતાપે જ આજે આપણો દેશ સ્વતંત્ર થયો છે. મારું એ કહેવું છે કે જ્યારે પણ કોઈ સાર્વજનીક આંદોલન શરુ કરવું હોય ત્યારે એને માટે નાનામાં નાનું કામ કરવામાં અપમાન ના સમજવું જોઈએ. જઈને જુઓ દુનીયાભરમાં, ફાવે તો ઈતીહાસોમાં જોઈ લો. આ સંસારમાં જેટલાં પણ મહત્ત્વનાં આંદોલનો ચાલ્યાં છે; પછી એ ગૌતમ બુદ્ધે ચલાવ્યું હોય કે ઈસુ ખ્રીસ્તે કે મહંમદ પયગંબરે કે પછી રાજકારણમાં પડેલા નેતાઓએ ચલાવ્યું હોય, એ બધાં આંદોલનો ભીક્ષુઓની મારફતે ચાલ્યાં, ત્યાગના બળ ઉપર ચાલ્યાં છે, ભુખે પેટે અને પગે ચાલીને થયાં છે. મોટરો, હૉટેલો અને ‘મટનચૉપ’ મારફતે પણ પ્રચાર તો થઈ શકે છે; પરંતુ એ પ્રચાર સાર્વજનીક બની શકતો નથી. અને એમાંથી સમુહ–આંદોલન સંભવતું પણ નથી. મારો અનુભવ છે કે દાંડી પીટવા જેવાં નાનાં કામમાંથી એક વ્યક્તી ઉંચું પદ મેળવી શકે છે–શરત એટલી કે એ એમાં રત થઈ જવો જોઈએ.

આજે તો હું ભારતનો રક્ષા–સંગઠન મંત્રી છું. એમ છતાં બેચાર દીવસ પહેલાં જ દહેરાદુનમાં ઢોલ બજાવીને જગ્યાએ જગ્યાએ જાહેરાત કરતો ફર્યો છું કે, ‘આપણા નગરમાં

જવાહરલાલ નેહરુ પધારે છે. સહુ ભાઈ–બહેનોએ પુષ્પમાળા લઈ સડકોની બન્ને બાજુએ ઉભા રહી એમનું સ્વાગત કરવું જોઈએ–એમનાં દર્શન કરવાં જોઈએ. એમની મોટર હું ધીરેધીરે ચલાવરાવીશ, જેથી આપ લોકો પેટ ભરીને એમનાં દર્શન કરી શકો.' દાંડી પીટવાનો પોર્ટફોલીયો તો મને મહાત્મા ગાંધીજીએ સોંપ્યો છે અને મીનીસ્ટ્રી જવાહરલાલની આપેલી છે. જો આ બે વચ્ચે ક્યારેય પણ ઝઘડો થશે તો જવાહરલાલનો પોર્ટફોલીયો છોડી શકાશે, ગાંધીજીએ આપેલો નહીં છુટે.

–સ્વ. મહાવીર ત્યાગી

લેખકના 'નગારખાનામાં તતુડીનો અવાજ' (પ્રકાશક: સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨, પ્રથમ આવૃત્તી : ૧૯૬૨, ત્રીજી આવૃત્તી : ૨૦૦૧, પાન :૧૫૨, મુલ્ય : રુપીયા : ૨૦, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગર : lokmilaptrust2000@yahoo.com) પુસ્તકના પાન ૬૮ ઉપરથી સાભાર..

@

145: 16-03-2008

# ગઝલ-વીશેષ

-ડૉ. મહેશ રાવલ

અનુક્રમણીકા

## (૧)

ખુલ્લં ખુલ્લા પળભર, ચાલો માણસ–માણસ રમીએ,
લજ્જા મુકી અધ્ધર, ચાલો માણસ–માણસ રમીએ.

સપનાં સામે, સપનાં જેવું સપનું મુકી દઈએ,
આંખે આંજી ઝરમર, ચાલો માણસ–માણસ રમીએ.

જેના નામે તરતો જોયો પથ્થર, સગ્ગી આંખે,
પડકારી એ ઈશ્વર, ચાલો માણસ–માણસ રમીએ.

પરસેવે નીતરતાં લથબથ, અડધાં ભુખ્યા પેટે,
પાટા બાંધી નવતર, ચાલો માણસ–માણસ રમીએ.

આંટી ઘુંટી જેવા અમથે–અમથા સગપણ વચ્ચે,
ઉજવી લઈએ અવસર, ચાલો માણસ–માણસ રમીએ.

હોવાની પીડાથી બમણી, નહીં હોવાની ચીંતા,
અંગે અંગ લઈ કળતર, ચાલો માણસ–માણસ રમીએ.

દેખાદેખી, દેખાડો, ને નખશીખ ઈર્ષા, અવઢવ,
કાંઠાળા મન–તટ પર, ચાલો માણસ–માણસ રમીએ.

(૨)

ખાતાવહી સરભર નથી, છે પ્રશ્ન કેવળ એટલો,
આધાર છે, સધ્ધર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

પ્રત્યેક પાસે આમ તો, છે આગવી ઓળખ–પરખ,
જે બ્હાર તે અંદર નથી, છે પ્રશ્ન કેવળ એટલો 1

અત્યંત નાજુક હોય છે, સંબંધ ભીતર બ્હારથી,
પણ માવજત નક્કર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

ટોળે વળી સપના દીવસભર, રાતની ચર્ચા કરે,
'ને રાત પાસે ઘર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

ઘટના અજુગતી કેટલી, ક્યારે બને, નક્કી નથી,
અહીં કોઈને કંઈ ડર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

અંગતપણાની આડ લઈ, સર્જાય છે વીટંબણા,
એ પ્રશ્ન છે, ઉત્તર નથી; છે પ્રશ્ન કેવળ એટલો!
ઘરના ગણાતા હોય એ અપવાદ નીકળે, શક્ય છે,
પણ ઘર હવે ખુદ ઘર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

જોખમ બનીને ત્રાટકે જે લક્ષ્ય પર–છે ક્યાં હવે ?
એ વેણ, એ વેતર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

છે ઈશ્વરીયત સત્ય, ’ને એ સર્વવ્યાપી હોય છે,
માણસપણું પગભર નથી, છે પ્રશ્ન કેવળ એટલો!

(3 )

અનાયાસે ખરી કુંપળ, પછી બે–ફામ રોયો છું,
નજર સામે સુકાયું જળ, પછી બે–ફામ રોયો છું.

હતું કે, જીન્દગી સાથે ઘરોબો કેળવી લેશું,
મળી નહીં કોઈ એવી પળ, પછી બે–ફામ રોયો છું.

ત્યજી બેઠો કીનારો, ખાતરી ઉંડાણની કરવા,
ન આવ્યું કોઈ રીતે તળ, પછી બે–ફામ રોયો છું.

ન આવ્યો સ્હેજ પણ અણસાર, ને પલટાઈ ગઈ બાજી,
કરી ગઈ જીન્દગી ખુદ છળ, પછી બે–ફામ રોયો છું.

રમ્યો ’તો બાટ છેલ્લી, જીતવા હારી ગયેલું, હું,
ન આવ્યું કામ કંઈ અંજળ, પછી બે–ફામ રોયો છું.

કસોટી પણ ન થઈ નક્કર, ન થઈ સરખામણી સધ્ધર,

અપેક્ષાકૃત મળ્યું નહીં ફળ, પછી બે–ફામ રોયો છું.

(૪)

હું બટકણી ડાળની કુંપળ નથી,
કોઈ ખરતાં ફુલનું અંજળ નથી!

છું હકીકત જ્યાં વસે, એ સલ્તનત,
હું દીવાસ્વપ્નો ઉછરતું સ્થળ નથી!

ઝળહળે છે બેય આંખે સત્ય ખુદ,
કંઈ અસતની આંધળી અટકળ નથી!

મેં ઘરોબો કેળવ્યો છે, શબ્દથી,
સાવ કોરા મૌનનો કાગળ નથી!

જે મળે છે, એ જ આપું છું પરત
એ વીષયમાં ક્યાંય, મનમાં છળ નથી!

આવડે જો ખોલતાં તો શક્ય છે
અન્યથા, આસાન ખુલતી કળ નથી!
શક્યતાઓ લઈ ફરું છું, કાંધ પર
ધુંધળી, અસ્પષ્ટ, અમથી પળ નથી!

છું વીષય, હું માતબર ઐશ્વર્યનો,
એટલે ચર્ચાય એ ટીખળ નથી!

ધોમ ધખતો તાપ છું, વૈશાખનો
માવઠાનું, વાંઝીયું વાદળ નથી!

## (૫)

હતો મોઘમ છતાં એના ઈશારે, રંગ રાખ્યો છે,
જુદી રીતે મળ્યો પણ, આવકારે રંગ રાખ્યો છે.

બધાએ તક મળી ત્યારે કર્યો હડધુત, સરવાળે,
ખરે ટાણે, ખુદાના કારભારે રંગ રાખ્યો છે.

ચકાસ્યા ધ્યાનથી સંબંધનાં ખાતાં નવેસરથી,
થયું નક્કી, જમા કરતાં ઉધારે રંગ રાખ્યો છે.

રહસ્યો જીન્દગીનાં કેમ હું જાણી શકત, નહીંતર,
હતાં જે સાવ અંગત, એ સહારે રંગ રાખ્યો છે.
મળી છે શાંતી આજે, પણ મળી છે જીવના ભોગે,
ન રાખ્યો જીન્દગીએ, તો મઝારે રંગ રાખ્યો છે.
નથી મળતું જરુરી અહીં, જરુરત હોય છે ત્યારે,
અલગ છે કે, ખુદાએ છાશવારે રંગ રાખ્યો છે.

મળ્યું નહીં કોઈ ઘરમાં કે, ન ઘરની બ્હાર, અંગત થઈ,
અમારાં આંસુઓએ, હર પ્રકારે રંગ રાખ્યો છે.

(૬)

સપનાં વીશે વીચારતાં થાકી જવાય છે,
આ જાતને મઠારતાં, થાકી જવાય છે!

રસ્તો કદીયે કોઈની તરફેણ ના કરે,
કેડી નવી કંડારતાં, થાકી જવાય છે!

સ્થાપીત થયેલાં આમ તો, સંબંધ છે નવા,
કીસ્સા જુના વીસારતાં, થાકી જવાય છે 1

પડઘા પડે તો, સાદનું હોવું–કબુલ; પણ,
અમથાં અવાજો ધારતાં, ધાકી જવાય છે!

માણસ, અધુરી વાત છે–સમજયાં તો ઠીક છે,
બાકી, ગળે ઉતારતાં થાકી જવાય છે!
તુટી જવાની શક્યતા છે, કાચ જેટલી,
સંબંધને ઉછેરતાં થાકી જવાય છે!
જીવી જવાતી હોય છે બે–શક, છતાંય પણ;
આ જીન્દગી ગુજારતાં, થાકી જવાય છે!

## (૭)

અડધાં ઉઘાડાં દ્વાર જેવાં નીકળે છે,
રસ્તાય, ખાંડાધાર જેવા નીકળે છે!

ભીતર અલગ, ને બહાર તો એથીય નોખા,
સંબંધ, કારોબાર જેવા નીકળે છે!

માણસ તરીકે મુલવો તો ખ્યાલ આવે,
લોકો, જુનાં અખબાર જેવા નીકળે છે!

છલકાય ને ઉભરાય–એમાં ફેર છે; પણ
ક્યારેક, ઘડા નાદાર જેવા નીકળે છે!

છે જીન્દગીની કાંધ પર એનો જ બોજો,
સપનાંય, અમથાં ભાર જેવાં નીકળે છે!

મેં જીન્દગી આખી નીભાવ્યા હર પ્રકારે,
એ સગપણો બીસ્માર જેવા નીકળે છે!

હું ખાતરી આપી શકું, દૃષ્ટાંત સાથે,
ઘરનાંય, છેલ્લે બહાર જેવાં નીકળે છે!

એવું નથી કે, દર્દ લા–ઈલાજ છે આ,

ઉપચાર અત્યાચાર જેવા નીકળે છે!

(૮)

અષાઢી આંખમાં, મૃગજળ જણાયાં છે,
અધીકતર માણસો, વાદળ જણાયા છે 1

દીવસની જેમ ખુલ્લે આમ જોયું તો
ઘણા નક્કર તમસ, પોકળ જણાયાં છે!

અપેક્ષા કેમ રાખું સ્થીરતા જેવી ?
અહીં પ્રત્યેક મન, ચંચળ જણાયાં છે!

ફરી ગઈ છે ઘણી વ્યાખ્યા, સમય સાથે,
ઘણાં સ્થાપીત રહસ્યો, છળ જણાયાં છે!
નથી કરતાં સ્વયમ્ સ્વીકૃત બળીને, પણ
મને, એ સીંદરીમાં વળ જણાયા છે!
કસોટી કોણ કરશે અર્ધસત્યોની ?
સ્વયમ્ ઈશ્વર, મને વીહ્વળ જણાયા છે!

(૯)

ગાગરમાં સાગર છે, મનવા!

પરપોટાના થર છે, મનવા!

અમથી છે રંગોની ભ્રમણા,
રંગો ક્યાં પગભર છે મનવા!

વત્તા, ઓછા, ગુણ્યા, ભાગ્યા,
છેલ્લે સહુ સરભર છે, મનવા!

ખાલી તંબુ, ખાલી ડેરા,
સરકસ છે, જોકર છે, મનવા!

અંતે ગણ કે ગણ આરંભે,
શ્રદ્ધા છે, ઈશ્વર છે, મનવા!

ડૉ. મહેશ રાવલ

'જ્યોતી'–૪, હસન વાડી, તીરુપત્તી ડેરી ફાર્મ પાસે,
રાજકોટ–૩૬૨ ૦૦૨
મોબાઈલ : ૯૮૨૪૪ ૮૧૫૮૬
E-mail: drmaheshrawal@yahoo.com &
drmaheshrawal@gmail.com

@

146 : 23-03-2008

# વારંવાર ડોકટરને ત્યાં જવામાં શરમ નથી આવતી?

– ડૉ.ગુણવંત શાહ

અનુક્રમણીકા

આવતાં દસ–પંદર વર્ષો બાદ ઘણાં ઘરોમાં એક વીચીત્ર દૃશ્ય જોવા મળશે. આરોગ્ય જાળવીને જીવતો પંચોતેર વર્ષનો બાપ, વ્યસનોને કારણે ખખડી ગયેલા પચાસેક વર્ષના પુત્રની ખબર કાઢવા હૉસ્પીટલ જશે. ધુમ્રપાન, ગુટખા અને શરાબને કારણે યુવાનને ‘પ્રમોશન’ મળે છે. એ જલદી ઘરડો થાય છે અને વળી જલદી ઉપર પહોંચી જાય છે. આવા યુવાનની ચાકરી એનો તંદુરસ્ત પીતા કરશે.

આરોગ્યમય જીવનનું રહસ્ય સમજાય તે માટે ડૉક્ટર હોવાનું ફરજીયાત નથી. કેટલાક ડૉક્ટરો એવી રીતે જીવે છે, જેમાં એમની મૅડીકલ સમજણનું ઘોર અપમાન થતું હોય છે. ઘણાખરા ડૉક્ટરો દરદીઓને દવા આપે છે; આરોગ્યની દીક્ષા નથી આપતા. કેટલાક ડૉક્ટરો દરદીને બદલે દવા બનાવનારી કંપનીને વફાદાર હોય છે. હૃદયરોગનો હુમલો થાય ત્યારે માણસનું માથું શરમથી ઝુકી જવું જોઈએ. હું એવું તે કેવું જીવ્યો કે મારું હૃદય મારાથી હારી બેઠું? પ્રત્યેક હૃદયને સ્વમાન હોય

છે. માલીક હદ વટાવે અને ખાવાપીવામાં કે હરવા ફરવામાં ભયંકર બેદરકારી બતાવે ત્યારે હૃદય બળવો પોકારે છે. હૃદયરોગ મફતમાં નથી મળતો. એને માટે વર્ષો સુધી તૈયારી કરવી પડે. હૃદયરોગ એટલે અપમાનીત હૃદયનો હાહાકાર! રોગ એટલે જીવનલય તુટે તેની શરીરે ખાધેલી ચાડી.

ડૉક્ટર ન હોય તેવા સમજુ માણસને કેટલી બાબત જડે છે : ‘સમજનેવાલે સમજ ગયે હૈ, ના સમજે વો અનાડી હૈ.’

પહેલી વાત તો એ કે તંદુરસ્ત રહેવા માટે વ્યાયામ અત્યંત જરૂરી છે. આજનો કહેવાતો એક્ટીવ માણસ પણ વાસ્તવમાં બેઠાડુ હોય છે. ટી.વી. પર ક્રીકેટ મેચ જોનાર એક સાથે કેટલા કલાકો છાણના પોદળાની માફક બેઠેલો રહ્યો! પ્રત્યેક ઓવરને અંતે એ પોદળો ઉભો થઈને હળવા હલનચલન દ્વારા શરીરને છુટું કરી શકે. ઓફીસની ખુરશીમાં કલાકો સુધી બેસી રહેનાર કર્મચારી, લગભગ પોટલું બનીને ચરબી એકઠી કરતો રહે છે. કેટલીય ગૃહીણીઓ લગભગ પીપ જેવી બનીને મજુરણને દબડાવતી રહે છે. હાડકું નમાવવું જ ન પડે તેવી દીનચર્યા અને ઘરચર્યા બ્લડપ્રેશરને આમંત્રણ આપે છે. કોઈ ખેતમજુરને ડાયાબીટીસ થતો નથી. ડાયાબીટીસ કાયમ સુખસગવડથી શોભતું, માલદાર ઘર શોધે છે. મોટરગાડી અને સ્કુટરના પૈંડાએ આપણી પાસેથી પગનું ગૌરવ છીનવી લીધું છે. બાળકો પણ સાઈકલને બદલે મૉપેડ દોડાવતાં થયાં. નાની વયે

હૃદયરોગ થાય તેની તૈયારીઓ થઈ રહી છે. ઘણાખરા રોગોના મુળમાં પગનો ગૌરવભંગ રહેલો છે.

માણસ જે ખાવું જોઈએ તે નથી ખાતો અને જે પીવું જોઈએ તે નથી પીતો. એને કયારે ખાવું અને કેટલું ખાવું તેનું ભાન નથી. લગ્નના રીસેપ્શન વખતે પાંચસાત જાતની મીઠાઈઓ હોય છે અને તળેલી વાનગીઓની ભીડ હોય છે. પંજાબી વાનગીઓની ફેશન ગુજરાતીઓમાં શરુ થઈ છે. બુફેના ટેબલ પર કેલરીના રાફડા! બીજે દીવસે પેટ બગડે છે. ફાડાની લાપસી આઉટ ઓફ ફેશન ગણાય છે. માણસ જો ખાવાનું અડધું કરી નાખે અને ચાવવાનું બમણું કરી નાખે, તો મૅડીકલ સ્ટોરની ઘરાકી ઘટી જાય. સેમ્યુઅલ બટલર જો જીવતો થઈને સામે મળે તો દરદીને જરુર પુછે : ‘વારંવાર ડૉક્ટરને ત્યાં જવામાં તમને શરમ નથી આવતી?’ માણસનું શરીર કોથળા જેવું શા માટે હોય? એ તો સ્વયંસંચાલીત તંત્રને ધારણ કરતું સાયબરનેટીક્સ છે અને પરમચેતનાનું મંગલમંદીર છે. શરીર પ્રત્યે બેદરકાર રહેવું એ તો અધાર્મીક બાબત ગણાય; કારણ કે શરીરને આપણે ત્યાં ‘ધર્મસાધનમ્’ ગણ્યું છે!

ઉંઘનો અનાદર રોગને નોતરે છે. ઉંઘની ગોળીઓ લેવા કરતાં થાકવાની તસ્દી લેવી સારી.

દીવસમાં એકાદ વખત માણસે હાંફવું પડે એવું કોઈ કામ કરવું જોઈએ. ઝડપથી ચાલવામાં કે ધીમેથી દોડવામાં

ફેફસાંનો સંકોચ વીસ્તાર પામે છે. ઈરાદાપુર્વક ઉંડા શ્વાસ લેવામાં પૈસા બેસતા નથી. રાત્રે પથારીમાં પડતી વખતે થાકનું નામનીશાન ન હોય ત્યારે ઉંઘ કાલાવાલા કરાવે છે. આંખને થાક ન લાગે તેવા આશયથી ઘણા લોકો વાંચવાનું પણ ટાળે છે. અમથા ઉજાગરા કરવામાં ઉંઘનું અપમાન થાય છે. મોડા ઉઠવામાં સુર્યનું અપમાન થાય છે. રાતે મોડા સુવામાં અંધારાનું અપમાન થાય છે. જીવનનો લય સુર્ય સાથે જોડાયેલો છે. પક્ષીઓ સુર્યની આમન્યા રાખે છે. માણસો નથી રાખતા. ઉંઘ અને રોગમુકતી વચ્ચે કલ્પી ન શકાય તેવો અનુબંધ છે. થાકવૈભવ વગર ઉંઘવૈભવ ન મળે અને ઉંઘવૈભવ વગર તાજગીવૈભવ ન મળે. વાસી ચહેરો લઈને ફરવામાં જીવનનું અપમાન થાય છે.

રોગનાં મુળીયાં મનના પ્રદેશમાં રહેલાં જણાય છે. હરામની કમાણી રોગની આમંત્રણપત્રીકા બની રહે છે, –એવું કોણ માનશે? નાની મોટી છેતરપીંડી કરનાર માણસ રોગની શક્યતા વધારે છે, એવું કોણ માનશે? નીખાલસ મનના માણસનું મન નીરોગી હોવાની સંભાવના (પ્રોબેબીલીટી) વધે છે. મનના મેલની શરીરમાં ટ્રાન્સફર થાય ત્યારે લોકો રોગી શરીરને જુએ છે; મનને સમજવાનું ચુકી જાય છે. ક્રીકેટનો સ્કોર ગણનારો કે ફુટબોલની રમતના ગોલ ગણનારો કદી પોતાની જાતને પુછતો નથી કે હું આજે કેટલીવાર ખાલી ખાલી જુઠું

બોલ્યો? પ્રત્યેક નાનું જુઠ માણસની ભીતરમાં એક પ્રકારનો માઈક્રો–લય તોડે છે. હરામની કમાણી કરનાર પણ અંદરથી બધું સમજે છે. માંહ્યલો એને અનુમતી આપતો નથી. ફ્રેન્ચ વીચારક એલેક્સી ડૅરલ આવા લોકોને ચેતવે છે અને કહે છે: ‘ભગવાન તો તને માફ કરશે, પણ તારી નર્વસ સીસ્ટમ તને માફ નહીં કરે.’ માણસનું વ્યકતીત્વ મનોશારીરીક છે.

હું બહુ નાનો માણસ છું; પણ એક આગાહી કરું છું . ભવીષ્યમાં એક થેરપી જાણીતી થશે, જેને ‘પ્રામાણીકતા–ઉપચાર પદ્ધતી’ કહેવામાં આવશે. પ્રામાણીકપણે જીવનારો સીધી લીટીનો આદમી નીરામય અને લાંબા આયુષ્યની શકયતા વધારે છે. આપણી પરંપરામાં આયુર્વેદને ઉપવેદનો દરજ્જો મળ્યો, જેમાં આયુષ્યની માવજતનું રહસ્ય પ્રગટ થયું. આયુષ્ય પ્રત્યેની બેદરકારી સ્વસ્થ આદમીનું લક્ષણ નથી. દ્વેષ રોગજનક છેં. ઈર્ષ્યા રોગજનેતા છે. દગાબાજી કરનાર પોતાના મન પર બહુ મોટું દબાણ વેઠે છે. એ દબાણ શરીરને અસર કરે છે. એનું મજ્જાતંત્ર (નર્વસ સીસ્ટમ) બળવો પોકારે છે. આપણા પર કોઈ ભરોસો મુકીને બેઠું હોય અને આપણે શરમ નેવે મુકીને વર્તીએ ત્યારે આપણું સમગ્ર વ્યક્તીત્વ હચમચી ઉઠે છે. આવું બને ત્યારે શરીર લથડે છે. તન, મન અને માંહ્યલા વચ્ચેનો સુમેળ હોય ત્યારે રોગનું સ્વમાન હણાય છે; એ આપણને છોડીને ચાલી નીકળે છે, અથવા આવવાનું ટાળે છે. શરીરના વ્યાપારો સ્થુળ

હોય છે, મનના વ્યાપારો સુક્ષ્મ હોય છે અને માંહ્યલાનું શાસન તો અતીસુક્ષ્મ હોય છે. દગાબાજીથી મોટું કોઈ પાપ નથી. પાપ તેને કહેવાય જે જીવન ખોરવી નાખે. મનમાં હોય તે કહી દેવામાં થોડુંક નુકસાન થાય છે. મેલું મન શરીરમાં મેલ દાખલ કરે તેને રોગ કહે છે.

થોડાક સમય પર હું અકથ્ય મનોયાતનામાંથી પસાર થયો. પહેલી અસર મારી ચામડી પર પડી. બીજી અસર વાળ પર પડી, ત્રીજી અસર પાચનક્રીયા પર પડી અને ચોથી અસર મારી ઉંઘ પર પડી. ખલેલમુક્ત મન વગર ખલેલમુક્ત શરીર શકય જ નથી. દીનચર્યા આપણી સ્વપ્નચર્યા(ઉંઘ)ની ગુણવત્તા નક્કી કરતી હોય છે. આત્મવંચના પણ આત્મહત્યાનો જ એક પ્રકાર છે. મંથરાનું મન મેલું હતું તેથી એને કુબ્જા કહી છે. કુબ્જા રામાયણમાં પણ મળે અને મહાભારતમાં પણ મળે. મહાભારતની કુબ્જા કૃષ્ણને શરણે ગઈ તેથી ધન્ય થઈ. એ કંસની દાસી હતી; પણ એનું મુખ કૃષ્ણ ભણી હતું. કૈકેયીની દાસી અને કંસની દાસી વચ્ચેનો તફાવત સ્પષ્ટ છે. આપણે કોને અનુસરવું તે આપણા હાથમાં છે.

## : પાઘડીનો વળ છેડે :

મારા હાથમાં અત્યારે જોનાથન ગ્રીન દ્વારા સંપાદીત સુંદર સુવાકયોનું પુસ્તક ‘ધ પેન ડીક્શનરી ઓફ કૉન્ટેમ્પરરી

કવોટેશન્સ’ છે. એમાં મહાત્મા ગાંધી, નેહરુ અને ઈંદીરા ગાંધીનાં અવતરણો પણ છે. મારા ગામ રાંદેરના દોડવીર ઝીણાભાઈ નાવીકનું એક વીધાન આવા આંતરરાષ્ટ્રીય સ્તરના પુસ્તકમાં વાંચવા મળ્યું. અમારા ઝીણાકાકાનું વીધાન આ પ્રમાણે છે:

‘તમારે જીવવું હોય તો ચાલવું જોઈએ;
તમારે લાંબું જીવવું હોય તો દોડવું જોઈએ.’

–ગુણવંત શાહ

સંપર્ક : ‘ટહુકો’–૧૩૯–વીનાયક સોસાયટી, જે.પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૨૦

@

147 : 30-03-2008

# એકસઠમા વર્ષમાં પ્રવેશ વેળા.....

–ડૉ. શશીકાન્ત શાહ

અનુક્રમણીકા

‘‘બરાબર વીસ વર્ષ પુર્વે મેં મારી આ જ કૉલમમાં એક લેખ લખ્યો હતો. જેનું શીર્ષક હતું : ‘ખરું જીવન ચાળીસ પછી શરુ થાય છે – લાઈફ બીગીન્સ એટ ફોર્ટી’– અગીયારમી માર્ચે હું જીન્દગીની સફરનાં સાઠ વર્ષ પુરાં કરી એકસઠમા વર્ષમાં પ્રવેશ્યો. જીન્દગીની પાઠશાળામાં છ દાયકા સુધી અધ્યયન કર્યા પછી હું શું શીખ્યો? જીન્દગીએ મને શું આપ્યું? મેં સમાજને શું આપ્યું? જીવનના ટર્નીંગ પૉઈન્ટ ઉપર સહેજ થોભીને પસાર થઈ ગયેલો માર્ગ પુનઃ અવલોકતાં પુર્ણ સંતોષની લાગણી જન્મે છે. પૅવેલીયનમાં પાછા ફરવાની વેળાએ ખેલાડીને એવો અહેસાસ થાય કે, ‘હું મારી ઈનીંગ ખુબ સારી રીતે રમ્યો,’ તો એનાથી વીશેષ બીજું શું જોઈએ?)

♦●♦

હાર્વર્ડ યુનીવર્સીટીના મનોચીકીત્સક જ્યોર્જ વેઈલન્ટે પાંત્રીસ વર્ષ સંશોધન કરીને એ પ્રશ્નનો ઉત્તર મેળવવાની કોશીશ કરી કે પ્રસન્નતાપુર્વક વૃદ્ધત્વ તરફ ગતી કરવાનો માર્ગ કયો છે? માત્ર લાંબું–દીર્ઘ જીવન નહીં; સુખી જીવન જીવવામાં આપણને કયાં પરીબળો મદદરુપ બને છે? ૧૯૩૭માં હાર્વર્ડ

યુનીવર્સીટીના બે સંશોધકે બસો અડસઠ પુરુષ સ્નાતકોને કેન્દ્રમાં રાખીને એક અભ્યાસ હાથ ધર્યો, જે અંતર્ગત પ્રસન્નતાપુર્વક, આનંદની અવસ્થા જાળવી રાખીને વૃદ્ધત્વ તરફ આગળ વધવામાં કયાં પરીબળો મદદરુપ બને છે તે જાણવાનો ઈરાદો હતો. પાંત્રીસ વરસ સુધી ચાલેલું આ સંશોધન, માણસને સુખી, સંતોષી વૃદ્ધત્વ તરફ દોરી જતાં અને માંદલાં, અસંતુષ્ટ હતાશ–નીરાશ વૃદ્ધત્વથી બચાવતાં પરીબળો પર ધ્યાનાકર્ષક પ્રકાશ ફેંકે છે.

જ્યોર્જ વેઈલન્ટ નોંધે છે : આપણને પ્રસન્ન વૃદ્ધત્વ તરફ દોરી જતા કેટલાક મુદ્દા તરફ અમારું ધ્યાન ગયું છે. જીન્દગીની સફરમાં આપણને જે ખરાબ માણસો ભટકાય છે એમનો પ્રભાવ આપણા જીવન પર, આપણી પ્રસન્નતા પર ન પડે તેની કાળજી લેવી. સારા અને પ્રોત્સાહક મીત્રોની વચ્ચે જીન્દગીનો આનંદ માણતા રહેવું તે પહેલું પરીબળ છે, જે માણસને પ્રસન્નતાપુર્વક વૃદ્ધત્વ તરફ દોરી જાય છે. જેમણે આપણને દુ:ખ આપ્યું, હેરાન કર્યા, તકલીફો આપી એમને ક્ષમા આપીને માફ કરી દઈ, સારા અને સાચા મીત્રોની વચ્ચે જીવનનો આનંદ માણતા રહેવું તે આનંદમય વૃદ્ધત્વ તરફ દોરી જનારું બીજું પરીબળ છે. ‘‘ફરીયાદ છોડો, અન્યાય થયાની લાગણીથી બચો, *‘બધાએ મળીને મને ખુબ ત્રાસ આપ્યો’* એવી મનોગ્રંથીમાંથી બહાર નીકળો અને સંતોષપ્રદ અનુભવોને ધ્યાનમાં લઈ એકસઠમા

વર્ષમાં દબદબાભેર, ભવ્યતાથી પ્રવેશ કરો. પ્રવેશદ્વાર પર નવી ખુશીઓ અને નવા મીત્રો તમને આવકારવા આતુર થઈને ઉભા છે,'' એવું જ્યોર્જ વેઈલન્ટનું અવલોકન ધ્યાને લેવા જેવું ગણાય.

આનંદપ્રદ વૃદ્ધત્વ તરફ દોરી જનારું ત્રીજું તત્ત્વ છે, 'યુવાન મીત્રો, યુવાન સંતાનો, શૈશવ માણી રહેલાં પૌત્ર–પૌત્રીઓ અને પરીવારનાં પ્રેમાળ સ્વજનો.' જ્યોર્જની સલાહ છે કે, 'જે મીત્રો છુટી ગયા છે એમને માટે, એમની પાછળ રડવાનું માંડી વાળી, જેમણે નવા મીત્રો શોધ્યા, સમવયસ્ક સાથીદારોના સાંન્નીધ્યમાં જીવનનો સાત્ત્વીક આનંદ શોધવાની કોશીશ કરી, તેઓ ફાવ્યા અને પ્રસન્ન ચહેરે એકસઠમા વર્ષમાં પ્રવેશવા ધનભાગી બન્યા. કડવા અનુભવોને ભુલાવી દો, બેવફાઈ આચરનારા, દ્રોહ કરનારા, વીશ્વાસઘાતી મીત્રો, સાથીદારો, સંબંધીઓનું નામ હોઠો પર લાવવાની ભુલ કરશો નહીં. એમને પાછળ છોડી દઈને, ભુલી જઈને, જીન્દગીની સફરમાં પ્રસન્નતા જાળવી રાખીને આગળ વધો.'

નીઃસ્વાર્થ, નક્કર, સર્જનાત્મક સામાજીક પ્રવૃત્તીઓમાં જેઓ પોતાની જાતને જોડી શક્યા, સાઠ વર્ષ સુધી સમાજ પાસેથી જેમણે ઘણું મેળવ્યું, એમાંનું થોડુંક ઋણ ચુકવવા જેમણે કોમ્યુનીટી–સર્વીસને પોતાના શેષ જીવનનું કેન્દ્રબીંદું બનાવ્યું તેઓ રુઆબભેર, આત્મગૌરવ સાથે સાઠ વર્ષ પુરાં કરી

એકસઠમા વર્ષમાં પ્રવેશી શક્યા. આ તબક્કે સત્તા નહીં, રાજકારણ નહીં, આનંદ–કારણ જીવનનું મુખ્ય લક્ષ્ય બને. માણસ વીસમા વર્ષે પણ વૃદ્ધ હોઈ શકે છે. જે વીષાદગ્રસ્ત છે તે વૃદ્ધ છે. જે હીંમત હારી ચુક્યો છે, જેણે જીન્દગીના ખેલમાં રમ્યા વગર જ હાર સ્વીકારી લીધી છે તે વીસમા કે ત્રીસમા વર્ષે પણ વૃદ્ધત્વનો અનુભવ કરી શકે છે. જે સ્ફુર્તી ધરાવે છે, આનંદમાં રહે છે, થાક્યા વગર ચાલી શકે છે, દોડી શકે છે, મીત્રોની મહેફીલમાં સામેલ થઈને ગીત ગાઈ શકે છે, નાચી શકે છે, હસી શકે છે તે નેવુંમા વર્ષે પણ યુવાન છે–યુવાન રહેવા સર્જાયેલો છે.

સાઠ વર્ષ પુર્ણ કર્યાં પછી આપણી પાસે કંઈ હોતું નથી એવું કોણે કહ્યું? આ તબક્કે આપણી પાસે વીકલ્પો હોય છે, પસંદગીની ભરપુર તકો હોય છે. હકીકતોનો સ્વીકાર કરો, વાસ્તવીકતાને સ્વીકારો. એવી પરીસ્થીતી કે જેને તમે બદલી શકતા નથી, એવા માણસો જેમને તમે કદીયે બદલી શકવાના નથી એ હકીકતોને તમે સ્વીકારી લો. પરીસ્થીતી પર આપણો કાબુ હોતો નથી, કબુલ; પરંતુ પ્રતીકુળ સંજોગોને કેવો પ્રતીભાવ આપવો તેની પસંદગી આપણી પાસે હમેશાં હોય છે. જ્યારે આપણે ચીંતા કરીએ છીએ ત્યારે આપણી ઉર્જા ખર્ચાય છે–વપરાય છે અને આપણે નીર્બળ બનીએ છીએ. ચહેરા પરનું સ્મીત ખોવાઈ જાય છે. જ્યારે આપણે વાસ્તવીકતા સ્વીકારીને,

સંજોગો સાથે ઝઘડવાનું બંધ કરીએ ત્યારે ઉર્જાનો સંચય થાય છે. ઉર્જાનું સર્જન પણ થાય છે. તમે જ્યારે એવું વીચારો છો કે, ‘હું મારા જીવનના ચાર્જમાં છું. મારા જીવન પર, મારા નીર્ણયો પર મારો કાબુ છે. હું મારી ભુલો, મારી મર્યાદાઓ અને મારી તાકાત, શક્તીને ઓળખવા જેટલો, સ્વીકારવા જેટલો અને જરુર પડે તો સુધારવા જેટલો પુખ્ત અને સમજદાર પણ છું. હવે પછી સઘર્ષ નહીં; સંવાદ મારું લક્ષ્ય હશે, મારુ ધ્યેય હશે અને તેને અનુરુપ હું મારા જીવનને ગોઠવીશ,’ ત્યારે તમે સ્વસ્થ અને પ્રસન્ન ચીત્તે એકસઠમા વર્ષમાં પ્રવેશવાના હક્કદાર બનો છો.

એકસઠમાં વર્ષમાં પ્રવેશ કરતી વેળા હું કેવી લાગણી અનુભવું છું? પુર્ણ સંતોષની લાગણી અનુભવવા સાથે મારે ઉમેરવું જોઈએ કે જીન્દગીની પાઠશાળામાંથી ખુબ મહત્ત્વના કહી શકાય એવા ઘણા પાઠો હું શીખ્યો છું, શીખી રહ્યો છું. ‘જે સાથે છે, તે સાથે નથી; સામે છે,’ એવા અનુભવો મને એટલી બધી વાર થયા છે કે હવે એવો એકાદ વધુ અનુભવ ઉમેરાય તો આઘાત લાગતો નથી, રમુજ જન્મે છે! ‘મારે કંઈ જ મેળવવું નથી, કંઈ જ જોઈતું નથી,’ એવા નીર્ધાર સાથે જીવન જીવવાની ‘બાદશાહી’ હું માણી શક્યો. તમે જ્યારે અપેક્ષા રાખો છો, યાચના કરો છો, કંઈક મેળવવા માટે જીવો છો, સમાધાન કરો છો; ત્યારે તમે તમારી જીન્દગીના માલીક રહેતા નથી. તમે બીજાને ખુશ રાખવા માટે, રાજી રાખવા માટે, બીજાની

મહેરબાની મેળવવા માટે જીવો છો. ત્યારે તમારું આત્મગૌરવ પણ હણાય છે, ચહેરો નીસ્તેજ બની જાય છે અને તમે મનની પ્રસન્નતા ગુમાવીને વીષાદગ્રસ્ત બનો છો. કંઈ પણ મેળવવાની અપેક્ષા રાખ્યા વગર તથા જે કંઈ થોડુંઘણું મળ્યું હોય તે ગુમાવવાની તૈયારી રાખીને પોતાની રીતે, સમાધાનો કર્યા વગર જીવન જીવવાની એક મઝા છે, એક આનંદ છે અને તે આનંદ સાઠ વર્ષ સુધી પ્રત્યેક ક્ષણે મેં માણ્યો છે.

એસઠમા વર્ષમાં પ્રવેશતી વેળા વીચાર કરું છું : જીવનમાં મારી શ્રેષ્ઠ ઉપલબ્ધી કઈ? પ્રસન્ન પરીવાર, જેના હાથમાં હાથ રાખીને આનંદમય સ્થીતીમાં વૃદ્ધત્વ તરફ આગળ વધી રહ્યો છું એવી મારી જીવનસંગીની કુમુદ, જેઓ કદી સાથ ન છોડે એવા થોડાક કાયમી (પરમેનન્ટ–કન્ફર્મ્ડ!) સ્વજનો અને મીત્રો. બસ, જેની પાસે આટલી મીરાત હોય તેને આખી દુનીયાની અમીરાતનો શો ખપ?!

## : મેઘધનુષ :

મીત્રોનો સ્વાંગ રચીને ગરજવાન માણસો મને જીન્દગીમાં વારંવાર ભટકાયા. એમનો મુકામ પોતાનું કામ નીકળી જાય એટલા પુરતો; પછી તમે કોણ ને હું કોણ? માણસોની ખુબ ઉંચી પરખ હોવાથી આવા હેતુ–સાધક ‘મીત્રો’ને

મેં દીલમાં દોસ્તીનો દરજ્જો આપવાની ભુલ કદી કરી નથી. જેમને મીત્ર ગણ્યા ન હોય એમનું આવાગમન ખુશી કે વીષાદનું કારણ બની શકે નહીં. મેં મારા જીવનમાં પ્રવેશેલા મીત્રોને કદી ગુમાવ્યા નથી. મીત્રની ઓળખ જ એ છે કે જીવનમાં પ્રવેશ્યા પછી કદી બહાર નીકળતો નથી.

સુરતના 'ગુજરાતમીત્ર' દૈનીકના તા. ૧૨ માર્ચ ૨૦૦૮ના અંકમાં પ્રકાશીત લેખકની કટાર 'માણસ નામે ક્ષીતીજ'માંથી સાભાર.. ૩૦મી માર્ચ, ૨૦૦૮ના દીને પ્રકાશીત થનારા, લેખકના 'ક્ષીતીજ' નામના પુસ્તકમાં પણ આ લેખ સમાવાયો છે..

–ડૉ. શશીકાંત શાહ 'એકલવ્ય'

સંપર્ક : 35–આવીષ્કાર રો હાઉસ, તાડવાડી, સુરત– 395 005

ફોન : (0261) 277 6011

મોબાઈલ : 98252 33110

ઈ–મેઈલ : sgshah57@yahoo.co.in

@

www.gujaratilexicon.com

148 : 06-04-2008

## ગઝલ-ગુર્જરી

-ગૌરાંગ ઠાકર

અનુક્રમણીકા

(૧)

ચાલને માણસમાં થોડું વ્હાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.

બસ, બને તો એક દીકરાને મનાવી જોઈએ
એ રીતે ઘરડાં-ઘરો ખાલી કરાવી જોઈએ.

કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવાં,
વ્હાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.

કાખઘોડી લઈ અહીં ચાલે નહીં સંબંધ દોસ્ત,
એકબીજાનાં ખભે એને ચલાવી જોઈએ.

બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પ્હેલાં હરાવી જોઈએ.

(૨)

અજવાશ ઘરમાં આવશે, બારી ઉઘાડ, દોસ્ત,
અંધાર ઓગળી જશે, બારી ઉઘાડ, દોસ્ત.

આપી જશે હવા તને ખુદની વીશાળતા
ફુલોની મ્હેક આપશે બારી ઉઘાડ, દોસ્ત.

તારામાં શોધશે પછી વૃક્ષો વસંતને,
બસ શર્ત એટલી હશે બારી ઉઘાડ, દોસ્ત.

વરસાદ, મેઘધનુષ ને વાદળ, હવા, સુરજ,
બોલાવતાં તને કશે બારી ઉઘાડ, દોસ્ત.

કેડીથી ધોરી માર્ગની, તું થઈ જશે સડક,
માણસનો રાહબર થશે બારી ઉઘાડ, દોસ્ત.

(૩)

હું સાંકડી ગલીમાં, રસ્તો કરી જવાનો,
માણસ સુધી જવાનો, આગળ નથી જવાનો
પાષાણ સમ હ્રદયમાં, પોલાણ શક્ય છે, દોસ્ત,

તું ઓગળી પ્રથમ જા, એ પીગળી જવાનો.

એવી ખબર છે આવી, તું નીકળી નદી થઈ,
દરીયાની એટલે હું, ખારાશ પી જવાનો.

તારા ઉપરની મારી, દીવાનગી ગમે છે,
મારા સીવાય કોને, હું છેતરી જવાનો?
હું છું જ કૈંક એવો, તું છોડ આ પ્રયત્નો,
તું ભુલવા મથે ને, હું સાંભરી જવાનો.

હોવાપણું ઓ ઈશ્વર, તારું વીવાદમાં છે,
મારી તરફ હું તેથી, પાછો વળી જવાનો.

(૪)

ઝાડ પહેલાં મુળથી છેદાય છે,
એ પછીથી બારણું થઈ જાય છે.

આ ગગનચુંબી ઘરો સર્જાય છે,
આભ તો પંખીનું ઓછું થાય છે!
એમને તું કેમ છત્રી મોકલે?
જે અહીંયા જાણીને ભીંજાય છે!

સ્વપ્ન જેવું હોય શું એ બાળને?

ડાળે જેનું ઘોડીયું બંધાય છે?

કોઈને પથ્થર–હ્રદય કહેશો નહીં,

આંસુ પથ્થરનાં ઝરણ કહેવાય છે.

એકલા આવ્યા, જવાના એકલા

પણ અહીં ક્યાં એકલા જીવાય છે?

(૫)

જીન્દગીભર એ ઉખાણું હોય છે,

કેવી રીતે જીવવાનું હોય છે?

જે રીતે અહીંયાં જીવાયું હોય છે,

કાવ્ય એનું ક્યાં લખાયું હોય છે?

તારા આ ઉચ્છ્વાસને સંભાળજે,

ઝાડનો એ પ્રાણવાયુ હોય છે!

હું ટપાલી છું તમારી મ્હેકનો,

બસ, તમારે ખીલવાનું હોય છે.

તું કલમના હાથથી શોધી શકે,
આડે હાથે જે મુકાયું હોય છે.

ઝાંઝવે જાતાં હરણને રોકમાં,
એ જ એનું પાણીયારું હોય છે!

(૬)

જે ઘડી બે હાથથી ખોબો થયો,
ત્યારથી આ જીવનો સોદો થયો.

ત્યાં હવાની હેસીયત બીલકુલ નથી,
જળમાં ગઈ તો માત્ર પરપોટો થયો.

મોભ થઈ માથે સતત રહેતો હતો,
એ જ માણસ ભીંત પર ફોટો થયો.

બાગ પરણાવે પવનથી મ્હેકને,
જાણે કન્યાદાનનો મોકો થયો.

કોઈને નાનો ગણે તો માનજે,
એટલો તારો અહમ્ મોટો થયો!

(૭)

મારી દીવાનગીને તમે છેતરો નહીં,
વરસાદ મોકલી હવે છત્રી ધરો નહીં.

કોરું કપાળ લઈ પુછે વીધવા થયેલી સાંજ,
અવસાન સુર્યનું ને કશે ખરખરો નહીં!

એવું બને કે હું પછી ઉંચે ઉડ્યા કરું,
પાંખોમાં મારી એટલાં પીંછાં ભરો નહીં.

ક્યારેક ભયજનક વહે અહીંયાં તરસનાં પુર,
મૃગજળ કીનારે વ્હાણ તમે લાંગરો નહીં.

હું મ્હેક, પર્ણ, છાંયડો, માળો દઈ શકું,
પણ આપ મુળથી મને અળગો કરો નહીં.

(૮)

તમે બધાંથી અલગ છો તેથી, તમારું નોખું હું ધ્યાન રાખું,
ગુલાબ લઈને તમે મળો તો, હું મ્હેકની લ્યો દુકાન રાખું.

ગયું ક્યાં પંખી મુકીને ટહુકો, હજી તો ડાળી ઝુલી રહી છે,
મને થયું કે આ પાનખરમાં, બને તો થોડાં હું પાન રાખું.

કશુંક આજે કરી જવું છે, કદાચ કાલે જવાનું થાશે,
તમારાં ઘરનાં દીવાને માટે, હવાને આજે હું બાન રાખું.

તમે અહીંયાં સુરજ સમા છો, જશો ના આઘા, ઠરી જઈશ હું,
મને આ જળથી વરાળ કરજો, હું જેથી બાજુમાં સ્થાન રાખું.

પ્રસંગ મારી દીવાનગીનો, હું રોજ ઉજવું છું ધામધુમથી,
દરેક દર્દોને આવકારી, ગઝલમાં પીડાનું ગાન રાખું.
હું કૈંક જન્મોથી છું સફરમાં, અહીં હું કેવળ પડાવ પર છું,
મેં ખોળીયાને કહી દીધું છે, હું તારું ભાડે મકાન રાખું.

(૯)

મને માણસાઈથી મ્હેકવા, લ્યો સરળ ઉપાય મળી ગયો,
હું પવનને પુછી લઉં જરા, તું સુગંધ કઈ રીતે થઈ ગયો.

તને હાથપગની છે ડાળીઓ, તને લાગણીનાં છે પાંદડાં,
તું પડાવ કોઈનો થઈ શકે, મને છાંયડો એ કહી ગયો.

નથી મંદીરોની તું પ્રાર્થના, નથી મસ્જીદોની નમાજ તું,
કદી માવડીનાં તું આંસુમાં, કદી સ્મીત બાળનું થઈ ગયો.

આ હવાના હાથમાં શું હતું, મને કોઈ ડાળ કહે નહીં,
એ લજામણીને અડી રહી, હું તો દુરદુર રહી ગયો.

તું સમયની જીત ને હાર છે, અહીં રાત એની સવાર છે,
અહીં શર્ત ખેલની એ જ છે, જે રમી ગયો તે જીતી ગયો.

અહીં મનનાં દ્વારે ઉભા રહી, મેં તપાસી લીધા વીચારને,
પછી ભીતરી આ સફર મહીં, મને તાલબદ્ધ હું લઈ ગયો.

(10)

પ્રત્યેક પીડાનું વર્ણન કરાય, એવું નથી,
પ્રભુ! તને બધું સમજાઈ જાય, એવું નથી.

પવન તો બાગથી ખુશ્બુ લઈને જઈ રહ્યો છે,
અને આ ફુલથી પાછળ જવાય, એવું નથી.

તમે આ આંસુ વગરનાં નયન લઈ ક્યાં જશો?
બધાંથી ડુમાનો અનુવાદ થાય, એવું નથી.

તમે તો આંખથી હૈયે જઈ વસી ગયાં છો,

હવે બીજે કશે તમને રખાય એવું નથી.

જુઓને, હાથમાં અજવાળું કેવું ઝળહળે છે?

કલમથી એટલે છેડો ફડાય એવું નથી.

–ગૌરાંગ ઠાકર

સમ્પર્ક :

બી–103, 'શુકન' એપાર્ટમેન્ટ, સહજધામ રો હાઉસ સામે,

અડાજણ, સુરત–395 009

ફોન : ઘરે (0261) 273 5534, મોબાઈલ : 98257 99847

ઈ–મેઈલ : gaurang_charu@yahoo.com

@

149 : 13-04-2008

# મારા જીવનનો 'યુ–ટર્ન'

–ઈન્દુકુમાર જાની

અનુક્રમણીકા

આજે પાછળ નજર કરું છું તો જોવા મળે છે કે મારી જીવનયાત્રામાં મેં સતત ચાલ્યા જ કર્યું છે! 'ચરણ રુકે ત્યાં કાશી' જેવું થયું જ નથી... પંથ વીકટ, ક્યારેક કંટાળો, ક્યાંક તડકો, ક્યાંક છાયડો... જો કે એટલું ખરું કે રસ્તો સમથળ ભુમી પર, ક્યાંય ચડઉતર નહીં. પણ વળાંક અપરંપાર. ક્યારેક અંગત મીત્રો સાથે ચર્ચા થાય ત્યારે એવું કહેવાનું બન્યું છે કે, મારા જીવનમાં દર પાંચ–સાત વર્ષે વળાંકો આવતા રહ્યા છે. આ વળાંકો એવા કે જીવનના વહેણને જ બદલી નાંખે, ક્યારેક જીવનમાં બીલકુલ 'યુ– ટર્ન' લાવી દે! મેં કલ્પનાય ન કરી હોય એવા રસ્તે મને છોડી મુકે.

માત્ર એક જ વળાંક વીશે કહેવું હોય તો મેં બેન્કની નોકરી છોડી ને જાહેરજીવનમાં ઝંપલાવ્યું એને ગણી શકાય. મને યુવાવસ્થામાં એવો અફસોસ રહેતો હતો કે મને મારી યોગ્યતા મુજબની નોકરી મળતી નથી. જે નોકરી મળી હતી એ પણ માંડ માંડ મળેલી. સોળ વર્ષ નોકરી કર્યા બાદ એમાં રાજીનામું મુકીને, ફરી અનીશ્ચીત ભાવી ભણી ખેંચાઈ ગયો. એ

દીવસોમાં અકથ્ય માનસીક તનાવ અને અવઢવમાંથી પસાર થવાનું બન્યું હતું.

એની પાછળની ભુમીકા સમજવી રહી. જેને ટુંકમાં ‘ખેતી બૅંક’ તરીકે ઓળખવામાં આવે છે એમાં મારી કામગીરી લીગલ આસીસ્ટન્ટ તરીકેની હતી. ત્યારે કર્મચારીઓનાં પગારધોરણો નીચાં, ગમે ત્યાં બદલી થઈ જતી, વહાલાંદવલાંની નીતી ચાલતી. કર્મચારીઓનું યુનીયન નહોતું. અમે કેટલાક મીત્રોએ એ સમયે જોખમો વહોરીને યુનીયન સ્થાપ્યું. એ યુનીયનમાં જુદે જુદે તબક્કે જનરલ સેક્રેટરી અને પ્રમુખપદની જવાબદારી નીભાવી. યુનીયન વતી ‘ચાર્ટર ઓફ ડીમાન્ડ’ રજુ કરી; મનમાં એવો ખ્યાલ કે આ સહકારી બૅંકના કર્મચારીઓનું ભયંકર શોષણ થાય છે. આંદોલન છેડ્યું અને અન્ય સાથીઓ ભેળાં મરણાંત ઉપવાસ પણ કર્યા. ઉપવાસને સાતમે દીવસે સમાધાન થયું. આ દીવસો દરમ્યાન બૅંકના તત્કાલીન ઉપપ્રમુખ શ્રી. ઝીણાભાઈ દરજીના પરીચયમાં આવવાનું બન્યું. એમની સાથે અવારનવાર ચર્ચાઓ થતી રહેતી.

એક દીવસ ઝીણાભાઈએ કહ્યું કે, ‘તમે માનો છો કે બૅંકના કર્મચારીઓનું બહુ શોષણ થાય છે, બરાબર? તમે મારી સાથે અમારા આદીવાસી વીસ્તારમાં ફરવા આવો.’ એમની સાથે વ્યારા, સોનગઢ, ઉચ્છલ, નીઝરનાં ઉંડાણનાં ગામોમાં ફર્યો. એમની શૈક્ષણીક, સહકારી, તથા અનેક વીકાસ પ્રવૃત્તીઓ

www.gujaratilexicon.com

નજીકથી જોઈ, વ્યારાના જંગલ વીસ્તારમાં આવેલી પંચોળ ખાતેની શૈક્ષણીક સંસ્થા 'વનાંચલ' (આ નામ કાકાસાહેબ કાલેલકરે આપ્યું છે)માં એક સંમેલન હતું. લંગોટીવાળા આદીવાસીઓ જોયા. એ તો પ્રમાણમાં વીકસીત વીસ્તાર; છતાં કોટવાળીયાઓમાં ગરીબી ભારે. સંમેલન પછી જમવાનું હતું. એક આદીવાસીભાઈ જમ્યા પછી એક પતરાળીમાં ભજીયાં લઈ જતા હતા, એમના ઘરે કોઈ હશે એને માટે!

ત્યારબાદ પણ અવારનવાર એ વીસ્તારમાં જવાનું બન્યું. ઝીણાભાઈ 'ગુજરાત ખેત વીકાસ પરીષદ'ની સ્થાપના કરતા હતા. એના રજીસ્ટ્રેશનનું કામ મને સોંપ્યું. મેં શરત મુકી, 'મને એમાં સભ્ય બનાવો તો કામ કરું.' આ પ્રકારના લાડ કરવાની મને એમણે પહેલેથી છુટ આપેલી. પરીષદનો સ્થાપક સભ્ય થયો. એનું રજીસ્ટ્રેશન કરાવ્યું. પરીષદના કારણે જ ઝીણાભાઈ ઉપરાંત રતુભાઈ અદાણી, માધવસીંહ સોલંકી, સનત મહેતા, નરસીંહ મકવાણા વગેરે અગ્રણીઓના પરીચયમાં આવવાનું બન્યું.

બેંકની નોકરીમાંથી રસ ઓછો થતો જતો હતો. મનમાં એવું થતું હતું કે, હું તો ઘણો સુખી છું. પેલા આદીવાસીઓને તો રોજી મેળવવા દર દર ભટકવું પડે છે. પરીષદની રચના પછી સમાજના કચડાયેલા વર્ગો માટે વીકાસપ્રવૃત્તી કરવાની ઝીણાભાઈની નેમ હતી. તેઓ પરીષદના પ્રમુખ થયા અને મને

મંત્રી તરીકેની જવાબદારી સોંપી. આ સંસ્થાનું કામ વીકસાવવા માટે પુરો સમય આપવો પડે એવું હતું. બૅંકની નોકરી છોડું તો જ એમ થઈ શકે.

એ નીર્ણાયક પળે મને મારાં સહધર્મચારીણીની હુંફ અને સક્રીય ટેકો મળ્યાં. એ દીવસોમાં અમે દંપતી અને બા–બાપુજી એમ અમારું ચારનું કુટુંબ. બૅન્કની લોનમાંથી ઘર બનાવેલું એટલે ભાડું ભરવાની ચીંતા નહોતી. ઘણી બધી ચર્ચા પછી જીવનસાથીએ ધરપત આપી કે, ‘મારો પગાર તો આવે જ છે, તમે નોકરી છોડી દો. તમને ગમે છે એવી પ્રવૃત્તી કરો.’ મારી અંગત જરુર ઓછી હતી. સ્કુટરનું પેટ્રોલ અને પરચુરણ ખર્ચ જોગું મળી રહે એટલે બસ! વકીલાત શરુ કરી. એમાંય પરીષદનાં કામો માટે સમય નહોતો બચતો. તેથી એ પણ છોડી દીધી.

આદીવાસીઓ, દલીતો, અન્ય પછાત વર્ગો, મહીલાઓ વગેરે અસંગઠીત જનસમુહો વચ્ચે કામ શરુ કર્યું. પરીષદ દ્વારા શીક્ષણ સંસ્થાઓ શરુ થઈ. કચ્છ, ભાવનગર, અમદાવાદ, પંચમહાલ, સુરત અને વલસાડ જીલ્લામાં પ્રવૃત્તી કેન્દ્રો સ્થપાયાં. એ દીવસોમાં નાના–સીમાંત ખેડુતો માટે દેવાનાબુદીનો કાયદો આવ્યો. એનાં હજારો ફૉર્મ ભરાવ્યાં. ઝીણાભાઈ જ્યારે વીસ સુત્રી કાર્યક્રમ અમલીકરણ સમીતીના કાર્યકારી અધ્યક્ષ થયા ત્યારે પરીષદના ઉપક્રમે જે કંઈ થઈ

શકે તેવાં વંચીતલક્ષી કામો કર્યાં. અંત્યોદય કેન્દ્રો ચલાવ્યાં. અલબત્ત, આજ સુધી સરકારી હોદ્દાઓ (અપવાદરુપ કેટલીક સમીતીઓ ખરી) પર રહેવાનું કે કોઈપણ રાજકીય પક્ષમાં જોડાવાનું બન્યું નથી.

જીવનનો આ વળાંક જબરદસ્ત હતો. પરીષદની પ્રવૃત્તીને લીધે ગુજરાતનાં અન્ય સ્વૈચ્છીક સંગઠનોના પરીચયમાં આવવાનું બન્યું. સમાજ પરીવર્તનની દીશામાં કાર્યરત સંસ્થાઓમાં પણ જોડાવાનું બન્યું. પરીષદનું જ મુખપત્ર ‘નયા માર્ગ’ ર૬ જાન્યુઆરી, ૧૯૮૧થી સંભાળ્યું. આજ સુધી એનું પ્રકાશન ચાલુ છે. ‘નયા માર્ગ’માં તેમ જ અન્ય અખબારો, સામયીકોમાં જુદા જુદા મુદ્દાઓ પર લખવાનું બનતું રહ્યું છે. પત્રકાર તરીકેની તેમ જ માનવ અધીકારનાં જતન–સંવર્ધન માટેની કામગીરી સબબ પુરસ્કારો પણ મળ્યા...

જો બૅંકની નોકરી ન છોડી હોત તો અસંગઠીત વર્ગોની વેદનાઓને વાચા આપવાનું બન્યું ન હોત. કુદરતી અને માનવસર્જીત આપત્તીઓનો ભોગ બનેલાં લોકોની આંખોનાં આંસુ લુછવાનું બન્યું ન હોત. ભુમીહીન ખેતમજુરો, આદીવાસી શેરડી–કામદારો, સીલીકોસીસનો ભોગ બનતાં અકીક–કામદારો, મીઠાનાં અગરીયાઓ, જંગલ–જમીનની લડતો લડતાં આદીવાસીઓ, ટીમરુપાન કે ગુંદર વીણતી બહેનો, પીવાનું પાણી મેળવવા વલખાં મારતી બહેનો, બાળમજુરો, સફાઈ

કામદારો, અનેક અત્યાચારોનો ભોગ બનતાં દલીતો, કાળી મજુરી પછીયે લઘુત્તમ વેતન ન પામતા શ્રમજીવીઓ વગેરે વગેરેની સમસ્યાઓ પર કામ કરવાનું કે લખવાનું બન્યું ન હોત.

ક્યારેક બૅંકના જુના મીત્ર મળી જાય છે ત્યારે કહે છે કે, ‘તમે અમારે માટે લડ્યા, અમારા પગારો અને સલામતી વધ્યાં; પણ તમે તો એનો લાભ લીધો નહીં!... તમે બૅંકમાં રહીને ૫૮ વર્ષે રીટાયર થયા હોત તો તમને ત્રીસેક લાખ રુપીયા પીએફ–ગ્રેજ્યુઈટી મળ્યાં હોત’ વગેરે વગેરે.

મને લાગે છે કે ભલે બૅંકમાં હોત અને કમાયો હોત એટલું તો હું ક્યારેય કમાયો નથી; પણ કદાચ ‘કુવાના દેડકા જેવું’ જીવન જીવતો હોત! મને કેટકેટલાં કર્મશીલો અને બુદ્ધીજીવીઓનો પરીચય થયો! કેટકેટલાં લોકોનો પ્યાર મળ્યો! ઝીણાભાઈએ પોતાના હૃદયમાં મને તેમના માનસપુત્રનું સ્થાન આપ્યું, એમના અંતીમસંસ્કારની તક મળી! જો કે અનેક કસોટીઓ અને સંઘર્ષોમાંથી પસાર થવાનું બન્યું છે; પણ સાચી નીષ્ઠા અને જીવનસાથીનો પ્રેમાળ સથવારો ક્યારેય નાસીપાસ થવા દેતો નથી.

અંતે તો હું એવું માનું છું કે સુખ અને સંતોષ એ સાપેક્ષ બાબતો છે. આપણે એવી દૃષ્ટી કેળવીએ કે આપણાથી પીડીત, દુ:ખી અને ઝુંપડાંવાસીઓ – શ્રમજીવીઓ હોય એવાં કરોડો

લોકો કેટકેટલી યાતનાઓ વેઠી રહ્યાં છે અને દોજખભર્યું જીવન જીવી રહ્યાં છે; એમની તુલનામાં આપણું દુ:ખ તો કશી જ વીસાતમાં નથી...

મારા જીવનનો એ 'યુ–ટર્ન' મારે માટે અને કુટુંબ માટે ઉર્ધ્વગામી બની રહ્યો હોવાની લાગણી આ પળે અનુભવું છું.

–ઈન્દુકુમાર જાની

તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૦૭ના 'નયા માર્ગ' (તંત્રી : ઈન્દુકુમાર જાની, 'ખેતભવન', ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ–૩૮૦ ૦૨૭, ફોન : ૦૭૯–૨૭૫૫ ૭૭૭૨, વાર્ષીક લવાજમ : રુપીયા– ૧૫૦, વીદેશમાં રુપીયા : ૬૦૦) પાક્ષીકમાંથી સાભાર

@

150 : 20-04-2008

# બાળમીત્રો

–ફાધર વાલેસ

અનુક્રમણીકા

મારે યુરોપમાં જાતજાતના શ્રોતાગણોની આગળ બોલવાનું થતું, એમાં એક વીશીષ્ટ શ્રોતાગણ હતો. એને માટે ખાસ તૈયારી કરવાની જરુર નહોતી ને તોય સૌથી અણધાર્યા પ્રશ્નો અને વીકટ પ્રસંગો તો એમાં જ ઉત્પન્ન થતા. નજીકના અને દુરનાં સગાંઓનાં નાનાં છોકરાઓ તથા ભત્રીજા–ભત્રીજીઓનો એ ગણ હતો. તેઓ ભલભલા ખબરપત્રીઓને પણ ન સુઝે એવા પ્રશ્નો પુછે અને જવાબ માટે વીરોધ પક્ષના ધારાસભ્ય જેવો આગ્રહ રાખે. એમની સભા ગમે ત્યારે બેસે–અને ગમે ત્યારે ઉઠે. અને એમના ઉત્સુક ચહેરા ઉપર એકએક વાતનો તરતનો પ્રતીભાવ અંકાતો જાય.

મોટાભાઈના ઘરના બગીચામાં કુટુંબના ઉપયોગ માટે ગરમ પાણીનો તરવાનો મોટો હોજ છે. આસપાસ ફરવા ને રમવા ને તડકો ખાવા લીલા ઘાસવાળું મેદાન છે. એમાં એ નાનાં છોકરાંઓ ભેગાં થાય, દોડે, કુદે, રમે, પાણીમાં પડે ને બીજાંઓને પાડે, આખા વાતાવરણને આનંદની કીકીયારીઓથી

ભરી દે. અને એમાં પણ અમારી સભા બેસે અને પ્રશ્નોત્તરી થાય અને જ્ઞાનગોષ્ઠી ચાલે.

''ઈન્ડીયા શું છે?''

''એક દેશ છે.''

''કેટલો મોટો?''

''અર્ધો યુરોપ એમાં આરામથી ગોઠવાય એવો.''

''હાય હાય, આવડો મોટો દેશ હોય?''

''અને એના એક જ પ્રાંતમાં અહીંયાં આખા દેશમાં છે એટલી વસ્તી છે એવો.''

''અને બધા એક જ ભાષા બોલે?''

''અરે, યુરોપમાં છે એટલી જુદીજુદી ભાષાઓ ઈન્ડીયાની અંદર જ છે.''

''અને ત્યાં મોટાં શહેર પણ છે?''

''તમારું આ શહેર ગામડું જ લાગે એવાં મોટાં મોટાં શહેરો ત્યાં છે અને હજારો ગામ છે અને ઉંચામાં ઉંચા પર્વતો છે અને લાંબી નદીઓ છે અને જંગલો છે અને પ્રાણીઓ છે...''

''શું, પ્રાણીઓ છે?''

''હા, હાથી અને ગેંડા અને વાઘ અને સીંહ અને રીંછ અને સાપ અને...''

''સાપ કરડે તો મરી જવાય, નહીં?''

‘‘ઝેરી હોય તો મરી જવાય; ઝેરી ન હોય તો કશું ન થાય.’’

‘‘તો સાપ ઝેરી છે કે નહીં એ કેમ કહી શકાય?’’

સાપની વાત આવી એટલે બધાં છોકરાંના કાન સરવા થયા. કેટલાંક વહેમથી આસપાસ જોવા પણ લાગ્યાં કે ઘાસની વચ્ચેથી કોઈ સાપ નીકળે છે કે કેમ. અને એ તકનો લાભ લઈને જાણે એક ભારે રહસ્ય કહેતો હોઉં એમ અવાજ ધીમો કરીને હું કહેવા લાગ્યો : ‘‘હા, સાપ ઝેરી છે કે કેમ એ ચોક્કસપણે કહેવા માટે મારી પાસે એક અચુક કસોટી છે; પણ તે સાવ ગુપ્ત વાત છે. કારણ કે મેં જ એની શોધ કરી છે અને હજી એ જાહેર કરી નથી. માટે તમે બધા જ ચોક્કસ, ગંભીર, મોટેરાઓ આપે એવું વચન મને આપો કે તમે આ વાત કોઈને કહેવાનાં નથી તો જ હું કહું.’’

હવે તો એ નાના શ્રોતાઓની આતુરતા એવી વધી ગઈ હતી કે રમવાનું, તરવાનું, હાલવાનું જ ભુલી જઈને વાત એકીશ્વાસે સાંભળતા હતા અને ઝેરી સાપનું રહસ્ય કોઈને કદીય ન કહેવાનું ઠાવકે મોંએ વચન આપવા લાગ્યા. પછી મેં આગળ ચલાવ્યું. ઘાસ તરફ હાથ લાંબો કરીને એ જ દીશામાં ધ્યાનથી જોઈને મેં કહ્યું : ‘‘ધારો કે હમણાં ત્યાંથી સાપ નીકળે.’’ બધાએ ધ્રાસકાની સાથે એ તરફ જોયું અને મારી વધુ નજીક આવ્યા. ‘‘ફીકર નહીં. આમાં બહાદુરી અને સમયસુચકતા બહુ જોઈએ.

સાપને શાંતીથી તમારી પાસે આવવા દો. ઉઘાડો પગ એની પાસે મુકો. હા, એને ડંખ દેવા દો. તમે એમ ને એમ રહો. ને પછી, બસ...જો તમે મરી જાઓ તો સાપ ઝેરી હતો અને તમને કશું ન થાય તો એ ઝેરી નહોતો એ ખાતરીપુર્વક નક્કી જ થઈ જાય. સ્પષ્ટ અને ચોક્કસ જ છે ને?''

''અમને છેતર્યા! અમને છેતર્યા!'' એવી બુમો સાથે મારા નાનાશ્રોતાઓએ બળવો પોકાર્યો, મારા પર હુમલો કર્યો; મારા હાથપગ પકડીને એકીસાથે ધક્કા મારીમારીને મને હોજની પાળ ઉપર ઉભો કર્યો અને આનંદી જયઘોષ કરીને મને કપડાંની સાથે જ પાણીમાં ડુબાડી દીધો! એક છોકરાએ બુમ પાડી, ''જો તમે ડુબી જાઓ તો પાણી ઉંડું, અને ઉભા રહી શકો તો છીછરું!'' અને મારું મોં હાસ્યથી (અને પાણીથી પણ) ભરાઈ ગયું. એ રીતે ઝેરી સાપ વીશેના મારા અમુલ્ય સંશોધનનો અકાળ અંત આવ્યો.

♦●♦

બીજે પ્રસંગે બીજી જાતની વાતો ચાલે.

''કાકા, તમે 'ફાધર' છો?''

''હા.''

''એટલે કે ચર્ચમાં પ્રાર્થના કરાવે એવા 'ફાધર' છો?''

‘‘હા, છું ને?’’

‘‘પણ તમે ‘ફાધર’ નથી લાગતા.’’

‘‘કેમ?’’

‘‘કારણ કે બીજા ‘ફાધર’ ગંભીર છે અને મોટી વાતો કરે છે અને ઠપકો આપે છે, અને તમે એવું કરતા નથી.’’

‘‘તો હું શું કરું છું?’’

‘‘તમે તો મઝા કરાવો છો.’’

‘‘ચાલો, લોકોને મઝા કરાવવા કોણ કોણ હવે મારી જોડે ‘ફાધર’ થવા તૈયાર થાય?’’–ચારપાંચ હાથ ઉંચા થયા. પછી કોણે હાથ ઉંચા કર્યા હતા એ જોવા માટે બધાએ માથું ફેરવ્યું, બીજા હાથ ઉંચાનીચા થયા, ‘ફાધર’ થવાના લાભાલાભની ઉંડી ચર્ચા થઈ. એક છોકરાએ પુછયું પણ ખરું કે, ‘‘આપણે ‘ફાધર’ બનીએ તો આપણને ઈન્ડીયા મોકલે ખરા?’’ અને મેં ખાતરી આપી કે જરુર એની ઈચ્છા હશે તો મોકલશે. પણ સૌથી હૃદયસ્પર્શી વાત તો એક નાના છોકરાએ કરી. ચર્ચાના સુર જરા ઓછા થઈ ગયા હતા ત્યારે જાણે ઉંડો વીચાર કર્યો હોય એ ભાવ સાથે એ નાના છોકરાએ કહ્યું : ‘‘આપણે એમ કરીએ. તમે તો ‘ફાધર’ તરીકે ઈન્ડીયામાં ઘણા વખત સુધી કામ કર્યું છે. હવે તમે અહીંયાં આવીને મોટાકાકાની પાસે રહો અને આરામથી જીવો. અને ઈન્ડીયામાં તમારું કામ ચાલુ રાખવા હું ‘ફાધર’ થઈને ત્યાં જઈશ. બરાબર?’’ – ‘‘હા, બરાબર

છે. હું અહીંયાં કે ત્યાં રહું તેનું તો કંઈ નહીં; પણ તું જરુર જલદી તૈયાર થઈને ત્યાં આવજે. હું તારી રાહ જોઈશ, ભુલીશ તો નહીં ને?'' ને મેં ખુબ વહાલ સાથે એની સામે જોયું. તે સાત વરસનો જ છોકરો હતો.

♦●♦

એ છોકરાઓની એક પ્રીય રમત એ હતી કે ચારપાંચ જણા પાણીના કુંડની પાળ ઉપર ઉભા રહે, 'એક, દો, તીન' કહે, એકીસાથે એક વાર કુદે અને... કાં તો પાણીમાં પડે અથવા તો પાછા મેદાન પર ઉભા રહે. પાણીમાં પડે એ, બહાર રહે એના કરતાં વધારે હોય તો એ જીત્યા, અને નહીં તો એ હાર્યા, અને એ રીતે સ્કોર થાય અને રમત ચાલે.

એક દીવસ બધા નાના નાના છોકરાઓ બુમાબુમ કરીને એ રમત રમતા હતા; પણ એકલો એક પાંચ વરસનો છોકરો એમાં ભળ્યો નહોતો. એ છોકરાને માટે મને ખાસ મમતા છે (શા માટે ખાસ મમતા છે એ હમણાં કહીશ.) એટલે મેં અને કહ્યું, ''ચાલો, આપણે બે પણ હવે રમત રમીએ. 'એક, દો, તીન' બોલીએ, અને પછી આપણે બન્ને પાણીમાં પડીએ. બરાબર?'' એણે ખાતરી કરી : 'હું પાણીમાં પડું તો તમે પણ મારી સાથે પડો?' મેં કહ્યું, ''હા.'' પણ એના મનમાં હજી કોઈ શંકા હોય

એમ લાગ્યું. કહ્યું : ‘‘પણ હું પાણીમાં પડું અને તમે ન પડો તો હું નકામો પડ્યો એમ થાય ને! ના, મારે નથી રમવું.’’ મેં એને જોરપુર્વક કહ્યું : ‘‘શું મારો વીશ્વાસ નથી? તું પાણીમાં પડે એની સાથે જ હું પણ પડું; પછી તને શો વાંધો છે?’’ અને પાંચ વરસના છોકરામાં જેની અપેક્ષા ન રખાય એવી ગંભીરતાથી એણે જવાબ આપ્યો : ‘‘મને કોઈનો વીશ્વાસ નથી.’’ (શા માટે એ નાના છોકરાને કોઈનો વીશ્વાસ નથી એ હમણાં કહીશ.) તોય મેં એને હજી થોડો સમજાવ્યો એટલે એક જ વાર અખતરો કરવા એ તૈયાર થયો. અમે બે હોજને કીનારે ઉભા રહ્યા. એ ‘એક, દો, તીન’ બોલ્યો. જેવો એ પાણીમાં પડ્યો તેવો જ હું પડ્યો, અને ડુબકી મારીને એ પાણીની સપાટી પર આવ્યો ત્યારે આના માથાની બાજુમાં જ મારું માથું પાણીની બહાર આવ્યું, અને એક બીજાને જોઈને અમે બે આનંદમાં આવ્યા અને પાણીમાં મસ્તી કરવા લાગ્યા. પછી અનેક વાર એ જ પ્રયોગ કર્યો અને અમારી રમત સારી ચાલી. એ નાના છોકરાને આનંદમાં જોઈને મને વીશેષ સંતોષ થતો.

એ નાના છોકરાનો પીતા મારા કાકાનો દીકરો થાય. કુટુંબમાં એ સૌથી નાનો એટલે છ વરસ પહેલાં એનાં લગ્ન થયાં ત્યારે ધુમધામથી થયાં. એક વરસ પછી આ છોકરાનો જન્મ થયો. અને ત્રણ વરસ પછી એનાં માબાપે, એટલે કે મારા કાકાના દીકરાએ અને એની પત્નીએ, છુટાછેડા લીધા. ત્યારથી

એ છોકરો એની બાની પાસે રહે છે, દર અઠવાડીયે શની–રવીના દીવસોએ એના બાપની પાસે આવે છે, અને રજાઓમાં અર્ધોઅર્ધો સમય એક–એક ઘરમાં રહે છે. અને ત્યારથી એ નાનો છોકરો કહે છે કે, 'મને કોઈના ઉપર વીશ્વાસ નથી.'

એમ તો એ છોકરાની પાસે બધું છે. બંને ઘરમાં એને લાડ થાય, બંને તરફથી એનાં સગવડ, સુખ, સલામતી ખુબ ધ્યાનથી જોવાય. સ્પેનના રાજાનો દીકરો ભણે એ જ સ્કુલમાં અને એ જ વર્ગમાં એ ભણે. મોંઘાં રમકડાં મળે, નવાં નવાં કપડાં મળે. એની પાસે બધું છે. બા પણ છે અને બાપ પણ છે. બે ઘર છે. બધાંનો પ્રેમ છે. હા, પણ એ જ દુ:ખ છે. બે ઘર છે એટલે કે એક ઘર નથી. મા અને બાપ છે પણ માબાપ નથી. બધાંનો પ્રેમ છે; પણ એ પ્રેમ એને ખુંચે છે; કારણ કે એમાં દયા છે, સહાનુભુતી છે, કરુણા છે. અને તેથી એને કોઈનો વીશ્વાસ નથી. વીશ્વાસનો પાયો તો ઘર છે, કુટુંબ છે, માબાપ છે. એ પાયો તુટી જાય, પછી કેવી રીતે વીશ્વાસ આવે! મા–બાપનો વીશ્વાસ નથી; પછી કોનો રહે! માબાપ પોતે જ સાથે રહેવા માટે સંમત ન થાય, હુંફાળો માળો ન બનાવી શકે, દીકરાને ન્યાય ન આપી શકે, પછી કોણ આપશે! છુટા થવામાં કેવાં ને કેટલાં કારણો હતાં એ ખબર નથી; પણ આ ફુલ જેવા નીર્દોષ છોકરાનું હીત પણ જોવું જોઈતું હતું ને!

એટલા માટે એ નાના છોકરાને માટે મને વીશેષ મમતા હતી અને એને વહેમ ન જાય એ રીતે એને શોધીને હું એની સાથે રમતો, ફરતો, વાતો કરતો. નાના હૃદયમાં ધીરે ધીરે વીશ્વાસ પાછો આવી જાય, આખી દુનીયાની સાથે રીસામણાં છે તો થોડું સમાધાન થાય, ઉંડે પડેલો ઘા રુઝાવા માંડે એ વહાલનો પ્રયોગ હતો. એક દીવસ અમે બે જણ ઘાસ ઉપર બેઠાબેઠા વાતો કરતા હતા એમાં એણે એના બે હાથ મારા બે ખભા ઉપર મુકીને મારી સામે સ્મીત સાથે જોઈને કહ્યું : ‘‘કાકા, તમારા ઉપર મને વીશ્વાસ છે.’’ અને મને ચુમી લીધો.

♦●♦

અગીયાર વરસની એક વહાલી ભત્રીજી છે એની સાથે મને સારું ગોઠી ગયું હતું. એક જાતની મુક આત્મીયતાનો સંબંધ હતો. એ બહુ ઓછું બોલે, રમતમાં પણ આગળ ન આવે; પણ એની નજર બધે જ રહે અને સ્ત્રીસહજ મૃદુતાથી નાનાં નાનાં કામ સહજભાવે કરતી જાય. મારે પાણી જોઈએ તો, મને માગવાનો ખ્યાલ આવે તે પહેલાં જ એ જાતે સમજીને પાણી લાવે. હું તરીને હોજમાંથી બહાર આવું ત્યાં જ એ ટુવાલ લઈને ઉભી હોય. અમે બધાં સાથે વાતો કરતાં હોઈએ ત્યારે એ કોઈ પ્રશ્નો ન પુછે કે વાત ન કરે; પણ મારી એકદમ બાજુમાં જ બેસીને બધી વાતો પી જાય અને મુક ટેકો આપતી રહે. એ

નાની છોકરીના સૌમ્ય વર્તનમાં સ્ત્રીસ્વભાવના ઉત્કૃષ્ટ ગુણો, ઋજુતા, આત્મીયતા, સંવેદનશીલતાનાં રોજ મંગળ દર્શન થતાં.

એક દીવસ ભત્રીજાઓની સભામાં વાતો ચાલતી હતી ને એ હંમેશની જેમ મારી બાજુમાં બેઠી હતી ત્યારે મારી બેદરકારીથી એના ઉપર એક ખુરશી પડી ને એને હાથમાં વાગ્યું, લોહી નીકળ્યું ને પાટો પણ બાંધવો પડ્યો. થોડાક દીવસ પછી ભારતમાં પાછા આવવાનો સમય મારે માટે આવી પહોંચ્યો. ત્યાં એ મારો છેલ્લો દીવસ હતો ત્યારે હું જરા અંતર્મુખ બનીને ઘરના મેદાનના એક ખુણામાં એકલો બેઠો હતો. બીજા બધા છોકરાઓ રોજની જેમ રમતા હતા; પણ એ પ્રેમાળ ભત્રીજીને ખ્યાલ હતો કે મારે માટે આ દીવસ જુદો હતો, એટલે હું બેઠો હતો ત્યાં એ ધીરેથી આવી અને મારી બાજુમાં ચુપચાપ ઉભી રહી. એના હાથમાં હજી પાટો હતો. એની તરફ આંગળી કરીને મેં પુછયું : ‘‘શું, હાથ હજી દુખે છે?’’ એણે કહ્યું : ‘‘હા, થોડું દુખે છે.’’ અને પછી દબાયેલ લાગણીથી એણે ધીરેથી ઉમેર્યું, ‘‘પણ તમે આવતી કાલે જાઓ છો એ વધારે દુખે છે.’’ અને એ વહાલી છોકરી મારી ગોદમાં સમાઈ ગઈ..

–ફાધર વાલેસ

સંપર્ક : Father Carlos G. Valles

ઈ–મેઈલ : carlos@carlosvalles.com

'આત્મકથાના ટુકડા' (લેખક : ફાધર વાલેસ, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧ પ્રથમ આવૃત્તી : ૧૯૮૦, કીંમત : ૧૪ રુપીયા )નાં પાન : ૧૧૪થી ૧૨૪ ઉપરથી સાભાર..

@

'સન્ડે ઈ–મહેફીલ'માં રજુ થઈ ચુકેલી રચનાઓની આવી અગીયાર ઈ–બુક બનાવી છે. ભાગ ૧થી ૧૧. દરેકમાં પચીસ–પચીસ કૃતીઓ છે. આ ભાગ પછીના ભાગ જો તમને ન મળ્યા હોય તો તે મેળવવા લખો :

ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com સુરત